(૨૦૮) અદેય :

# ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ દ્વારા ૧૯૮૩-૮૪ માં થયેલ કામગીરીનો મૂલ્યાંકન અભ્યાસ

## ( મહેસાણા જિલ્લાના સંદર્ભમાં )


લેખક :

હસમુખ પરમાર

સાયમન મેકવાન

સંકલન :

ડૉ. ઠા. બા. નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૯૮૬-૮૭


૨૦૮

# ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ દ્વારા ૧૯૮૩-૮૪ માં થયેલ કામગીરીનો મૂલ્યાંકન અભ્યાસ

## ( મહેસાણા જિલ્લાના સંદર્ભમાં )


લેખક :

હસમુખ પરમાર

સાયમન મેકવાન

સંકલન :

ડૉ. ઠા. બા. નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

૧૯૮૬–૮૭



૨૦૮

# અનુક્રમણિકા


| | | પાન નંબર |
|---|---|---|
| | આભાર દર્શન | |
| (૧) | અનુસૂચિત જાતિનું પાશ્વચિત્ર તથા ખાસ અંગભૂત યોજના પરિચય અને અભ્યાસ આયોજન. | ૨ - ૧૬ |
| (૨) | ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ- વિસ્તૃત પરિચય. | ૧૭ - ૩૨ |
| (૩) | અભ્યાસમાં આવરેલ લાભાર્થી કુટુંબોનું સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સ્થિતિથી વર્ગીકરણ. | ૩૩ - ૫૯ |
| (૪) | યોજનાની અસર | ૬૦ - ૮૨ |
| (૫) | ખાસ અંગભૂત યોજના અમલીકરણમાં નાણાકીય સંસ્થાઓ, અમલીકરણ માળખું, સમાજ કાર્યકરો અને લાભાર્થીની ભૂમિકા તથા અ.જા. વિકાસ કાર્યકારી જુથની ભલામણો. | ૮૩ - ૧૦૦ |
| (૬) | સંક્ષિપ્ત સારાંશ અને સુઝાવો | ૧૦૨ - ૧૨૩ |
| | સંદર્ભસૂચી | |
| | પત્રક : ૧ થી ૫ | |
| | પરિશિષ્ટ : (૧) | ૧૨૪ - ૧૨૪ |
| | (૨) | ૧૨૫ - ૧૨૯ |
| | (૩) | ૧૩૦ - ૧૩૩ |

## આભાર દર્શન

ખાસ અંગભૂત યોજનાના અમલીકરણના મહત્વના અંગોમાંનું એક અંગ એ ગુજરાતી રાજયમા અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ છે. ઘણાં લાબા સમયથી અમારા નિયામકશ્રી ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમની પ્રવૃતિનો ખાસ અંગભૂત યોજનાના અમલીકરણ એકમ તરીકે અભ્યાસ કરવાનુ વિચારતા હતા. તેઓએ અમોને આ અભ્યાસ હાથ ધરવા અંગૂલી નિર્દેશ કરી સતત સહ ચિંતન ધ્વારા પ્રોત્સાહિત કર્યા છે તે માટે સૌ પ્રથમ અમો શ્રી ઠાકોરભાઈ નાયકના ખૂબજ ઋણી છીએ સાથે સાથે અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમના મેનેજર, યોજના અને વહીવટ શ્રી જોષી સાહેબે અમોને ધ્વિતીય માહિતી મેળવવા માટે જે સહકાર આપ્યો છે માટે તેઓ અને નિગમના સંશોધન મદદનીશ શ્રી તથા અન્ય કર્મચારી ગણના સહકાર બદલ આભાર વ્યકત કરીએ છીએ. સાથે સાથે મહેસાણા જિલ્લાના પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી જિલ્લા મદદનીશ મેનેજરશ્રી તથા સીનીયર અને જુનિયર કારકુનશ્રીના પણ અમો આભારી છીએ. તે ઉપરાંત અમારા પ્રસ્તુત અભ્યાસના ઉત્તરદાતાઓ કે જેમણે અમને જરુરી સર્વ માહિતી પૂરી પાડવા બદલ તેમના પણ ખૂબજ આભારી છીએ તથા અભ્યાસ પૂરક માહિતી પૂરી પાડવા બદલ સીંડીકેટ બેંક મહેસાણાના શાખાના પણ અમો આભારી છીએ. અંતમા આ અભ્યાસમા સહાયરુપ થનાર સૌ સહકાર્યકરો, મિત્રોનો પણ આભાર માનીએ છીએ.

- હસમુખ પરમાર
- સાયમન ફ્રા. મેકવાન

# પ્રકરણ : ૧

- અનુસૂચિત જાતિનુ પ્રાશ્ર્વચિત્ર
- ખાસ અંગભૂત યોજના પરિચય
- અભ્યાસ હેતુ
- અભ્યાસ પ્રવિધિ અને પધ્ધતિ.

## પ્રકરણ : ૧

### અનુસૂચિત જાતિનું પાર્શ્વચિત્ર.

આપણા દેશમાં અનુસૂચિત જાતિની વસ્તી લગભગ ૧૦ કરોડ જેટલી છે. ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની કુલ વસ્તી ૩.૪૦ કરોડમાં અનુસૂચિત જાતિની વસ્તી ૨૪.૩૮ લાખ છે જે કુલ વસ્તીના ૭.૧૫ ટકા થવા જાય છે. તેઓનું ફકત આર્થિક શોષણ થાય છે. તેમ નથી તે ઉપરાંત તેઓ સામાજિક ભેદભાવના પણ ભોગ બનેલા છે. તેઓમોના ગણ્યાગાઠયાઓને સ્થાયી આવકના એકમો છે. બાકી મોટાભાગના ખેતમજુરી અને અન્ય ઓછી આવકના ધંધા ઉપર આધારીત છે. મોટા ભાગે તેઓ તેમના પરંપરાગત ધંધા સાથે સંકળાયેલાજ રહે છે. અને આર્થિક વિકાસના કાર્યક્રમો ધ્વારા નવા ધંધા રોજગાર મેળવવા અથવા તેનો લાભ લેવા માટે અશકત છે. તેઓ હકિકતમાં એક ઝેરી વિષચક્રમાં ફસાયેલા છે કે જેમા તેઓ તેમાના શોષિતો ઉપરજ આધારીત હોઈ તેઓ હમેશા શોષાતા રહે છે. અ.જાતિના મોટા ભાગના લોકો સ્વતંત્ર જીવનજીવી શકે તે માટેની લાયકાત વિકસાવવાની તકોને નકારતા હોય છે. અલબત જયાં લગી ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી ગુજરાતના હરિજનોમા સામાજિક અને રાજકીય જાગૃતતા આવી હોય તેમ દેખાય છે.

ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસ્તી કુલ વસ્તીના ૭.૧૫ ટકા છે. તેઓમોના મોટાભાગના ગરીબી રેખા નીચે જીવે છે. તેમાં ૨૮.૧૭ ટકા લોકો ખેડૂતો છે. જયારે ૪૮.૨૨ ટકા ખેતમજુરો છે જયારે ૩.૩૧ ટકા ગૃહઉધોગ, ઉત્પાદન પ્રક્રિયા તથા મરામત સેવાઓ સાથે સંકળાયેલા છે. જયારે ૨૦.૩૦ ટકા અન્ય કામોમાં કામદારોની રીતે સંકળાયેલા છે.

અનુસૂચિત જાતિના મોટાભાગના લોકો કહેવાતા ગંદા વ્યવસાયો સાથે સંકળાયેલા છે જે સમાજને સ્વચ્છ રાખે છે. તેમાં ગંદકી ઉઠાવવી, રસ્તાઓની સફાઈ કરવી, મરેલા ઢોરનો નિકાલ કરવો, તેના ચામડા ઉતરડવા તથા ચામડા પકવવા વગેરે વ્યવસાયનો સમાવેશ થાય છે. અનુસૂચિત જાતિના મોટાભાગના લોકો ગરીબોમાં પણ અતિ ગરીબ એવા ગરીબી રેખાથી નીચે જીવે છે.

તેમનામા સાક્ષારતાના પ્રમાણ તરફ જોઈએતો ૧૯૭૧માં ભારતમા અનુસૂચિત જાતિનું સાક્ષારતાનું પ્રમાણ ૧૪.૬૭ ટકા હતું જયારે ગુજરાતમા

...૨..

૨૭.૭૪ ટકા હતું જ્યારે ૧૯૮૧મા અ.જા મા સાક્ષરતાનુ પ્રમાણ ભારતમા ૨૧.૩૮ ટકા થયું જયારે ગુજરાતમા ૩૯.૭૮ ટકા થયું છે. જેમા સૌથી ઓછી સાક્ષરતા ધરાવતી ૨૧.૮૮ ટકા અનુસુચિત જાતિની વસ્તી કચ્છ જિલ્લામાં છે જયારે ડાગ, વલસાડ અને ગાધીનગરમા અનુક્રમે ૬૩.૮૭ ટકા વલસાડમા ૬૨.૭૫ ટકા અને ગાંધીનગરમાં ૫૯.૪૨ ટકા સાક્ષરતાનુ પ્રમાણ છે.

અનુસૂચિત જાતિમા સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણની સ્થિતિ ખુબ અસંતોષકારક છે. જેમકે ૧૯૭૧મા ગુજરાતમા અ.જા. માં સ્ત્રી સાક્ષરતાનુ પ્રમાણ ૧૪.૯૫ ટકા હતું તે વધીને ૧૯૮૧મા ૨૫.૬૧ ટકા થયું છે. તેમ છતાં ગુજરાતની ૩૦ અ.જાતિઓમાની કેટલીયે લઘુજાતિઓ છે જેમા સ્ત્રી સાક્ષરતાનુ પ્રમાણ નહિવત છે.

અનુસૂચિત જાતિમા વિદ્યાર્થીઓનુ શાળામા નોંધણીનું પ્રમાણ ૧ થી ૫ ધોરણમાં ૬ થી ૧૧ વર્ષના બાળકોનું પ્રમાણ ગુજરાતમા /૧૩૭.૯ છે. જયારે ૬ થી ૮ ધોરણમાં ૧૧ થી ૧૪ વર્ષના અનુસૂચિતજાતિના વિદ્યાર્થીઓનું શાળામા નોંધણીનું પ્રમાણ ૬૨.૯ છે. જે ઉત્તરોતર શિક્ષણનુ સ્તર વધતા ઘટવા પામે છે. ટુંકમાં અ.જા.ના બાળકોમા શિક્ષણમાં સ્થગિતતા અને અપવ્યયનું પ્રમાણ ઘણું ઉંચુ જોવા મળે છે. જો અનુસૂચિત જાતિમા સ્થગિતતા અને અપવ્યયનું પ્રમાણ ચાલુ રહેશે તો અનુસૂચિતજાતિમા માધ્યમિક શિક્ષણ, ઉચ્ચ શિક્ષણમાં ખુબજ હતાશાજનક પરિણામ લાંબા ગાળે દેખાયતો નવાઈ નહી.

અનુસૂચિત જાતિના લોકોની આર્થિક સામાજિક સ્થિતિ સારી ન હોવા છતાં રાષ્ટ્રીય અર્થતંત્ર અને તેમાંય ખેતઆધારીત અર્થતંત્રમાં ઉત્પાદન પધ્ધતિના વિકાસમા તેઓનુ યોગદાન અનન્ય છે. સમગ્ર ભારતમા ખેતમજુરો ~~ખેતમજુરો~~ તરીકે અનુસૂચિત જાતિના લોકો કામ કરી ભારતીય ખેતીને જીવંત રાખે છે. અને ટકાવારી દોહરાવવાની જરુર નથી.

તેની સાથે સાથે પગરખા અને ચર્મઉધ્યોગ અને ચર્મઉત્પાદનમાં મોટાભાગનો અનુસૂચિત જાતિના લોકોનો ફાળો છે. તથા હાથશાળ અને હસ્ત કળાકારીગરીમા પણ વિવિધતા સભર ઉત્પાદન અનુસૂચિત જાતિના લોકો આપે છે. મુખ્યતા અનુસૂચિત જાતિના લોકો સમાજને સ્વચ્છ રાખવાનું કામ કરે છે. આટઆટલુ યોગદાન તથા ફાળો સમાજને સ્વચ્છ રાખવામાં અ.જા.ના લોકો આપતા હોવા છતા તેમને વળતરમા ખુબજ નજીવું મળ્યુ છે, મળે છે. ઉત્પાદન સીડીમા આ

સમાજ છેલ્લે પગથીયે છે. તે હકીકત છે કે દરેક ઉત્પાદન પ્રક્રિયામાં તેઓ છેલ્લા માણસ છે. જે ઉત્પાદનને આખરી ઓપ આપવામા એકધારો વધુમા વધુ ભોગ આપે છે. તે ભુલાઈ જવાયું છે. મુખ્યતઃ એમ કહી શકાય કે અનુસૂચિત જાતિના લોકો મજબુત પાયો ઉભો કરે છે જેના ઉપર આપણો સમાજ અને અર્થતંત્ર આરામ કરે છે.

ભારતીય સમાજમાં હજુ આજેપણ અનુસૂચિત જાતિના લોકોમાં સાધન-સંપન્નતા અને તકની ભારે ખોટ નજરે પડે છે. લોકશાહી તંત્રના ૩૯ વર્ષો વિતાવ્યા પછી પણ હજુ તેમાં નોંધ લાયક ફેરફાર નોંધાયો નથી તે એક કમનશીબી છે.

પ્રસ્તુત અભ્યાસનું જે અભ્યાસ વિશ્વ છે તે મહેસાણા જિલ્લાની તાલુકાવાર ૧૯૭૧ અને ૧૯૮૧ની વસ્તી કોઠા નં.૧.૧ મા આપવામાં આવી છે. તથા ૧૯૮૧મા મહેસાણા જિલ્લામાં તાલુકાવાર સાક્ષરતાનું પ્રમાણ કોઠા નં. ૧.૨મા દર્શાવવામાં આવ્યુ છે.

ગુજરાતમા હરિજન મહોલ્લામા પાયાની સુવિધા :

(૧) પીવાનુ પાણી :

૩૧ માર્ચ ૧૯૮૨ સુધીમા પીવાના પાણીની અનુસૂચિત જાતિના મહોલ્લામાં સગવડ નીચે દર્શાવ્યા પ્રમાણે હતી.

૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં ૧૮૭૨૫ ગામડા છે. તેમાં ૧૦૭૦૫ ગામોમાં પીવાના પાણીની સુવિધા છે. જેમા ૧૩૧૪ ગામો કે જ્યાં હરિજન મહોલ્લામાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે. ૧૯૮૩-૮૪મા ૯૦ અને ૧૯૮૪-૮૫મા ૧૧૯ ગામોમાં અને હરિજન વસ્તીમાં પીવાના પાણીની સુવિધા પૂરી પાડવાની દરખાસ્ત થયેલી છે.

(૨) ગ્રામ્ય વિજળીકરણ :

૧૯૮૪,૩૦મી જુન સુધી ગુજરાતમાં ૧૫૧૧૧ ગામોનું વિજળીકરણ કરવામાં આવ્યું હતું. જેમા ૧૧,૧૩૮ ગામોને સ્ટ્રીટ લાઈટ પૂરી

કોઠા નં. ૧:૧

મહેસાણા જિલ્લામાં ૧૯૭૧ અને ૧૯૮૧મા
અનુ.જાતિની વસ્તી

| અ.નં. | તાલુકાનું નામ | ૧૯૮૧ | ૧૯૭૧ | વસ્તી વધારો ટકામાં |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧. | મહેસાણા | ૨૫૨૨૮ | ૨૦૪૨૫ | ૧૯.૦૪ |
| ૨. | કડી | ૨૦૨૬૮ | ૧૭૨૦૩ | ૧૫.૧૩ |
| ૩. | ચાણસ્મા | ૧૮૪૯૫ | ૧૬૦૭૩ | ૧૩.૧૦ |
| ૪. | સમી | ૧૩૬૬૭ | ૧૦૩૪૬ | ૨૪.૩૦ |
| ૫. | હારીજ | ૬૬૩૮ | ૫૦૧૪ | ૨૪.૪૭ |
| ૬. | પાટણ | ૩૦૧૨૪ | ૨૪૮૭૬ | ૧૭.૪૩ |
| ૭. | સિધ્ધપુર | ૨૫૫૭૪ | ૨૧૧૦૦ | ૧૭.૫૦ |
| ૮. | ખેરાલુ | ૨૦૬૮૪ | ૧૭૮૨૦ | ૧૩.૮૫ |
| ૯. | વિસનગર | ૧૫૨૮૯ | ૧૩૦૫૦ | ૧૪.૬૫ |
| ૧૦. | વિજાપુર | ૨૬૨૫૭ | ૨૫૭૫૧ | ૧.૯૩ |
| ૧૧. | કલોલ | ૨૦૮૨૦ | ૧૫૮૬૫ | ૨૩.૮૦ |
| | કુલ | ૨૨૩૦૪૪ | ૧૮૭૫૨૩ | ૧૫.૯૩ |

## કોઠા નં::૧:૨

મહેસાણા જિલ્લો

તાલુકાવાર અનુસૂચિત જાતિમાં સાક્ષરતા(૧૯૮૧)

| અ.નં. | તાલુકાનું નામ | અ.જા.ની કુલવસ્તી | સાક્ષર વસ્તી | ટકા |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧. | મહેસાણા | ૨૫૨૨૮ | ૧૩૧૮૫ | ૫૨.૨૭ |
| ૨. | કડી | ૨૦૨૬૮ | ૯૪૩૬ | ૪૬.૫૬ |
| ૩. | ચાણસ્મા | ૧૮૪૯૫ | ૮૪૨૨ | ૪૫.૫૪ |
| ૪. | સમી | ૧૩૬૬૭ | ૩૬૧૧ | ૨૬.૪૩ |
| ૫. | હારીજ | ૬૬૩૮ | ૨૦૯૭ | ૩૧.૫૯ |
| ૬. | પાટણ | ૩૦૧૨૪ | ૧૧૧૦૦ | ૩૬.૮૫ |
| ૭. | સિધ્ધપુર | ૨૫૫૭૪ | ૧૧૭૯૯ | ૪૬.૧૪ |
| ૮. | ખેરાલું | ૨૦૬૮૪ | ૮૮૭૬ | ૪૨.૬૨ |
| ૯. | વિસનગર | ૧૫૨૮૯ | ૮૦૯૮ | ૫૨.૯૭ |
| ૧૦. | વિજાપુર | ૨૬૨૫૭ | ૧૩૩૯૩ | ૫૧.૦૧ |
| ૧૧. | કલોલ | ૨૦૮૨૦ | ૧૧૪૭૯ | ૫૫.૧૪ |
| | કુલ | ૨૨૩૦૪૪ | ૧૦૧૪૯૬ | ૪૫.૫૧ |

પાડવામા આવી છે. જેમા ૧૦૭૭૪ ગામોમાં સ્ટ્રીટ લાઈટ હરિજન મહોલ્લા સુધી પૂરી પાડવામા આવી છે. જયારે ૩૯૪ ગામો એવા છે કે જ્યા સ્ટ્રીટલાઈટ છે. પરંતુ હરિજન મહોલ્લાઓમાં સ્ટ્રીટ લાઈટ નથી.

(૩) રસ્તાઓ:

૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે ~~૧૮૨૭૫~~ ગુજરાતના કુલ ૧૮૨૭૫ ગામડાઓમા અનુસૂચિત જાતિની ૨૫ ટકા વસ્તી હોય તેવા ૪૮૪ ગામો હતા. ૭૪૧૨ ગામો ફીડરરોડથી જોડાયેલા હતા. જયારે ૨૫ ટકાથી વધુ અનુસૂચિત જાતિની વસ્તીવાળા ૧૮૭ ગામડાઓ પાકા રસ્તાઓથી જોડાયેલા હતા.

જયારે ૨૨૫ ગામો એવા છે કે જે અનુસૂચિત જાતિના મહોલ્લાથી ગામ સુધીના લીક રોડ નથી.

છઠ્ઠી પંચવર્ષિય યોજનામા અનુસૂચિત જાતિની ૫૦ ટકા વસ્તીવાળા ગામોને લીક રોડથી જોડી દેવાની દરખાસ્ત હતી.

મહેસાણા જિલ્લામા પાયાની સુવિધા :

૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસ્તીવાળા ૧૨૭૦૪ ગામો છે. જેમાના ૧૨૨૨૦ ગામોને તથા તેના ૨૫૫૩૪ ફળિયાઓને આવરી લઈ હરિજન મહોલ્લામા પાયાની સુવિધા અંગેની મોજણી આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ધ્વારા હાથ ધરાઈ હતી તે અનુસાર મહેસાણા જિલ્લામા અનુ.જાતિની વસ્તીવાળા ગામોમા પાયાની સુવિધા જોઈએ.

પીવાનુ પાણી :

મોજણીમા આવરી લેવાયેલ કુલ - ૧૨૨૨૦ ગામોમાંથી ૯૮૩ ગામો (મહેસાણા જિલ્લાના) આવરી લેવામા આવ્યા હતા. તેમાંથી ૬૭૬ ગામોમાં વૉટર વર્કસ હતા. જે દરેક દરેક ચાલુ હાલતમા હતા જયારે ૬૫૧ જાહેરકુવા હતા. ત્યા હરિજનો પાણી ભરે છે કે નહિં તે અંગેની કોઈ સ્પષ્ટતા નથી. જયારે ૩૪૫ ગામોમા પીવાના પાણીની વ્યવસ્થા હતી. ૧૪૩ ગામોમા હેન્ડપંપની વ્યવસ્થા હતી તેમાથી ૬૫ અનુસૂચિત જાતિના ફળિયાઓમા હેન્ડપંપની વ્યવસ્થા હતી.

૨૧૦ ગામોમા અને ૪૩૬ ફળિયામા નળનો વ્યવસ્થા હતી. અન્ય સ્ત્રોતોમા ૧૭ ગામોમાં નદી, ૬ ગામોમા તળાવ અને ૬ ગામોમા વીરડા ધ્વારા પાણી મેળવે છે.

**વીજળીકરણ :**

મહેસાણા જિલ્લામાં કુલ ૯૮૩ ગામોમાંથી ૮૫૭ ગામોનું વિજળીકરણ થયેલું હતું. જયારે મહેસાણા જિલ્લાના અ.જા.ના ૨૮૮૫ ફળિયામાંથી ૨૧૨૧ ફળિયામા વીજળીની સુવિધા હતી.

કુલ કુટુંબોમાંના ૨૫.૨૪ ટકા વ ઘરોમા વીજળી જોડાણ હતા જયારે ૭૪.૭૬ ટકા ઘરોમા વીજળી જોડાણથી જોડાયેલા ન હતા.

**રસ્તાઓ :**

મહેસાણા જિલ્લામાં મોજણીમા આવરી લેવાયેલા ૨૮૮૫ ફળિયાઓ માથી ગામથી હરિજન ફળિયાઓ સુધીના એપ્રોચ રોડ ૨૩૬૪ ફળિયાઓ સાથે છે. ૫૨૧ ફળિયાઓ ગામ સુધીનો એપ્રોચ રોડ નહોતા, કુલ ૨૩૬૪ હરિજન ફળિયાથી ગામ સુધીના એપ્રોચ રોડમા ૨૨૨૪ કાચા એપ્રોચરોડ હતા, જયારે ૧૪૦ પાકા, એપ્રોચ રોડ હતા.

**રહેઠાણો :**

મહેસાણા જિલ્લાના કુલ ૨૮૮૫ ફળિયામાંથી ૨૭૭૭ ઘાસના ઝૂપડા પોતાના માલીકીના હતા ૧૯ ઝૂપડામા ભાડે રહેતા હતા. કાચા મકાનોમા ૨૪૭૬૫ મકાનો પોતાની માલીકીના હતા જયારે ૧૭ કુટુંબો ભાડે રહેતા હતા, પાકા મકાનોમાં ૭૯૪૫ મકાનો માલિકીના હતા. ૩૧ મકાનોમા કુટુંબો ભાડે હતા. ૮૦૩ મકાનો બે માળના હતા. મહેસાણા જિલ્લામા કુલ ૩૬૨૩૧ પોતાની માલિકીના મકાન હતા જયારે ૭૦ કુટુંબો ભાડાના મકાન xxxx xxx મા રહેતા હતા.

## ૧) ખાસ અંગભૂત યોજના પરિચય પૂર્વ ભૂમિકા :

સ્વતંત્ર ભારતના રાજય બંધારણે દેશમાં લોકશાહી માર્ગે સમાજવાદની સ્થાપના થઈ શકે એ માટે સમાજના વિશાળ જનસમુદાયોમાં આમુલ સામાજિક-આર્થિક પરિવર્તન લાવવા માટે જુદા જુદા માર્ગદર્શક સિધ્ધાતધ્વારા સરકારને જણાવવામાં આવ્યું હતું. વળી સમાજના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન-જાતિઓ સહિત અન્ય પછાત વર્ગોની વસતિ ધરાવતો વિશાળ જનસમૂહ છે કે જે સદીઓથી આર્થિક સામાજિક શોષણનો ભોગ બની હદયદ્રાવક ગરીબાઈમાં સબડી રહયો છે તેમના કલ્યાણ અને વિકાસ માટે ખાસ ધ્યાન આપવા માટે પણ રાજય બંધારણની કલમ ૪૬સી હેઠળ જણાવવામાં આવ્યું છે. ભારત જેવા સામાજિક-આર્થિક સાંસ્કૃતિક - પ્રાદેશિક - ભાષાકીય અને ધાર્મિક જેવી વૈવિધ્યતા અને અસમાનતા ધરાવતા દેશમાં કલ્યાણ અને વિકાસની કામગીરી કરવાનું ઘણું કઠીન છે. સરકારે દેશમાં સામાજિક આર્થિક પરિવર્તનની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે તેમજ વિકાસની ગતિ વધે તે માટે આયોજિત વિકાસનો અભિગમ અપનાવ્યો જે ધ્વારા દેશમાં ૧૯૫૨ના વર્ષથી પંચવર્ષિય યોજનાના પગરણ મંડાયા. અત્યાર સુધીમાં ૬ પંચવર્ષિય યોજના પૂરી થઈ છે અને હાલમાં સાતમી પંચવર્ષિય યોજના ચાલુ છે. પરંતુ એ એક નકકર અને ખુલ્લી હકીકત છે કે આટલી પંચવર્ષિય યોજનાના અમલ બાદ સામાન્ય જનની આર્થિક પરિસ્થિતિમાં નોધપાત્ર ફેરફારો થયો નથી. અને અનુસૂચિત જાતિઓ સહિતના અન્ય પછાત વર્ગોનો વિશાળ સમુદાય આજે પણ લગભગ યથાવત પ્રર્ પરિસ્થિતિમાં જ છે. દેશની કુલ વસતિના ૧૫% વસતિ ધરાવતો વર્ગ આજ પરિસ્થિતિમાં રહે તો દેશમાં સમાજવાદનુ ધ્યેય કયારેય હાસલ થઈ શકે નહી જો કે રાજય બંધારણની કલમ ૪૬સી હેઠળ સોપાયેલી ફરજના ભાગ રુપે પણ સરકાર આ વર્ગોને ગરીબાઈની રેખાની બહાર આવે તે માટે ચિંતિત છે.

પંચવર્ષિય યોજનાઓની કામગીરીના અનુભવથી જણાયુ કે દેશના પછાત વર્ગના કલ્યાણ અને વિકાસની જવાબદારી મહદઅંશે સમાજ કલ્યાણ ખાતું જ ઉપાડતું હતું. અન્ય ખાતાઓના વિકાસ કાર્યક્રમોના લાભ આ વર્ગ મહદઅંશે વેગળો રહી જતો હતો પરિણામે તેમનામાં આર્થિક પરિવર્તનના ધાર્યા પરિણામ મેળવી શકાતા નહતો. આથી જો વિકાસ કાર્ય કરતા તમામ ખાતાઓના કાર્યક્રમોનો લાભ આ વર્ગને મળે તો તેમનો વિકાસ ગતિમાં આવે. અને તેમને ગરીબાઈ રેખાની બહાર લાવી શકાય.

અનુસૂચિત જાતિઓના કુટુંબોને ગરીબાઈની રેખાની બહાર લાવવાના મુખ્ય હેતુ ધરાવતા સમયબધ્ધ કાર્યક્રમ ખાસ અંગભૂત યોજનાનો વિચાર એપ્રિલ-૧૯૭૫માં રાજ્યોના સમાજ કલ્યાણ ખાતાઓના પ્રધાનોની પરિષદને સંબોધતા માજીવડાપ્રધાન સ્વ.શ્રીમતિ ઈંદિરા ગાંધીએ રજૂ કર્યો હતો. આ યોજનાની મહત્વની વિશિષ્ટતા એ હતી કે તે ધ્વારા છઠ્ઠી પંચવર્ષિય યોજના ૧૯૮૦-૧૯૮૫ના સમયગાળામાં દેશની અનુસૂચિત જાતિની કુલ વસતિના ૫૦% લોકોને ગરીબાઈની રેખાની બહાર આવી શકે એવા કાર્યક્રમો હાથ ધરવા તેમજ આ વર્ગોના કલ્યાણ અને વિકાસની જવાબદારી વહન કરતા સમાજ કલ્યાણ ખાતાને બદલે હવેથી તમામ ખાતાઓના વિકાસ કાર્યક્રમોમાં ઓછામાં ઓછા ૭% ફાળવણી માત્ર અનુસૂચિત જાતિના કુટુંબો માટે કરવાનું ફરજિયાત બન્યું. આ પ્રથમ જ વાર બધા ખાતાઓ અનુસૂચિત જાતિના વિકાસમાં જોડાયા. વધુમાં લાભાર્થી કુટુંબોને એ રીતે લાભ આપવા કે જેથી તેઓ કાયમી આવક મેળવી શકે તેવું એક ઉભુ કરીને તે ધ્વારા નિયમિત આવક મેળવતા રહીને કાયમી ધોરણે ગરીબાઈની રેખા બહાર આવે વગેરે જેવા મહત્વના પાસાંઓ આ યોજના સાથે સંકળાયેલા હતા. ખાસ અંગભૂત યોજનાની દરખાસ્તને આયોજન પંચની તા.૧૯-૪-૮૦ના રોજ મળેલી બેઠકમાં મંજૂરી આપતા આ યોજનાનો સમાવેશ છઠ્ઠી પંચવર્ષિય યોજનામાં કરવામાં આવ્યો હતો.

## પ્રકરણ - ૨

## યોજનાનું આવરણ

અગાઉ જોઈ ગયા એ મુજબ ખાસ અંગભૂત યોજનાનો સમાવેશ છઠ્ઠી પંચવર્ષિય યોજનામાં કરવામાં આવ્યો હતો. આ પંચવર્ષિય યોજનાના સમયગાળામાં રાજ્યની કુલ અનુસૂચિત જાતિની વસતિના ૫૦% લોકોને ગરીબાઈની રેખાથી ઉપર લાવવાના લક્ષ્યાંક માટે ૨૫૦ થી વધુ અનુસૂચિત જાતિની વસતિ ધરાવતા રાજ્યના કુલ ૧૪૧૧ ગામોમાં વસતા અને ગરીબાઈની રેખા નીચે જીવન ગુજારતા અનુસૂચિત જાતિના કુટુંબોને લક્ષ્યાંક જૂથમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. યોજનાના પાંચ વર્ષ દરમિયાન કુલ વસતિના ૨૦% વસતિ આવરી લઈ શકાય એ રીતે ૮ ગામોની ફાળવણી કરવામાં આવી હતી. એ મુજબ યોજનાના ચોથા વર્ષ એટલે કે ૧૯૮૩-૮૪ના વર્ષમાં કુલ ૩૬૭ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સંદર્ભમાં સર્વેક્ષણ કરવામાં આવેલો ૩૬૧

ગામોના કુલ ૪૫૪૨૫ કુટુંબોની ૨,૨૦,૮૧૩ વસતિને આવરી લેવાયી હતી. કુટુંબોનુ જાતિ મુજબ વર્ગીકરણ તપાસીએ તે વણકર જાતિના ૧૮૬૪૬ કુટુંબો (૪૧.૦૬), ચમાર જાતિના ૯૮૯૩ કુટુંબો (૨૧.૭૮), ભંગી જાતિના ૮૮૨૦ કુટુંબો (૧૯.૪૨) ગરોડા જાતિના ૧૪૨૬ કુટુંબો (૩.૧૪), મેઘવાળ જાતિના ૨૬૧૪ કુટુંબો (૫.૭૫), સેનવા જાતિના ૧૦૫૦ કુટુંબો (૨.૩૧) મોચીગર જાતિના ૧૦૭૯ કુટુંબો (૨.૩૮), માહયાવંશી જાતિના ૪૩૬ કુટુંબો (૦.૯૬), તુરી જાતિના ૫૧૫ કુટુંબો (૧.૧૩), નાડીયાહાડી જાતિના ૭૧૦ કુટુંબો (૧.૫૬) , તીરગર-તીરબંદા જાતિના ૬૧ કુટુંબો (૦.૧૩), બાવા-ઢેડસાધુ જાતિના ૧૩૭ કુટુંબો (૦.૩૭), અને માતંગ જાતિના ૩૮ કુટુંબો (૦.૦૮)નો સમાવેશ થતો હતો.

૧૯૮૩-૮૪ના વર્ષમા મહેસાણા જિલ્લામા સર્વેક્ષણ થયેલા કુટુંબોની વિગતો જોઈએ તો ૫૪ ગામોના ૭૬૯૮ કુટુંબોની કુલ ૩૬૧૭૬ વસતિ ને આવરી લેવામા આવી હતી. સર્વેક્ષણ કરાયેલા કુટુંબોની પેટાજાતિ મુજબ સ્થિતિ તપાસીએ તો વણકરજાતિના ૩૦૨૯ કુટુંબો (૩૯.૩૪). ચમાર જાતિના ૨૩૬૧ કુટુંબો (૩૦.૬૭), ભંગી જાતિના ૧૧૮૦ કુટુંબો (૧૫.૩૩), ગરોડા જાતિના ૪૦૯ કુટુંબો (૫.૩૧), સેનવા જાતિના ૪૬૬ કુટુંબો (૬.૦૫), મોચીગર જાતિના ૫ કુટુંબો (૦.૦૬), તુરીજાતિના ૨૧૮ કુટુંબો (૨.૮૩), નાડીયા હાડી જાતિના ૬ કુટુંબો (૦.૦૮), બાવાઢેડ-સાધુ જાતિ ૧૫ કુટુંબો (૦.૧૯), અને તીરગર તીરબંધા જાતિના ૬ કુટુંબો (૦.૦૮) નો સમાવેશ થતો હતો. સર્વેક્ષણ કરાયેલા કુટુંબોમા મેઘવાળ, માતંગ, માહયાવંશી જેવી લઘુ જાતિઓનો એકપણ કુટુંબનો સમાવેશ થયો નહતો.

૧.૨. ખાસ અંગભૂત યોજનાના મુખ્ય ઉદ્દેશો.:

(૧) અનુસુચિત જાતિની વધુ વસતિ ધરાવતા વિસ્તારો નકકી કરવા.

(૨) છઠ્ઠી પંચવર્ષિય યોજનાના અંતમા અનુસુચિત જાતિની કુલ વસતિના ૫૦% લોકો ગરીબાઈની રેખાની બહાર લાવી શકાય તે પ્રમાણેના કાર્યક્રમો ઘડી તેનો અમલ કરવો.

(૩) જુદા જુદા વ્યવસાયિક જૂથોની જરુરિયાતો ખાસ કરીને જેઓ યોજનાના લાભથી તદ્દન વંચિત રહી ગયા છે તેમની જરુરિયાતોના અંદાજ તૈયાર કરી તેમના પ્રશ્નો નકકી કરવા.

(૪) અનુસુચિત જાતિઓના કુટુંબોની જરુરિયાતો અને પ્રશ્નો જાણવા અને તેના આધારિત યોજનાઓ ઘડવી.

૧૧.

...

### ૧.૩. લક્ષ્યાંકો અને તેનાં આવરી લેવાયેલા ગામો/કુટુંબો.

યોજનાના ધ્યેય મુજબ રાજ્યની અનુસૂચિત જાતિની કુલ ૧૮.૨૫ લાખ વસતિ (૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ)ના ૫૦% વસતિને છઠ્ઠી પંચવર્ષિય યોજનાના અંતે ગરીબાઈની રેખાની બહાર લાવવી જોઈએ.

ખાસ અંગભૂત યોજનાના અમલની સીધી જવાબદારી રાજ્યના સમાજ કલ્યાણ ખાતાઓને સોંપવામાં આવી આ સંદર્ભમાં રાજ્યના સમાજ કલ્યાણ ખાતાએ ૨૫૦ થી વધુ અનુસૂચિત જાતિની વસતિ ધરાવતા કુલ ૧૪૧૧ ગામોને ખાસ અંગભૂત ગામો તરીકે પસંદ કર્યા. અને આ ગામોના અનુસૂચિત જાતિના તમામ કુટુંબોને આ યોજનામાં આવરી લેવામાં આવ્યા હતા. પસંદ કરાયેલા ૧૪૧૧ ગામોની વર્ષવાર ફાળવણી ૨૦%ના ધોરણે કરવામાં આવતાં ૧૯૮૦-૮૧ ના વર્ષમાં ૨૮૫ ગામો, ૧૯૮૧-૮૨ના વર્ષમાં ૩૧૬,ગામો, ૧૯૮૨-૮૩ ના વર્ષમાં ૪૩૮ ગામો, ૧૯૮૩-૮૪ ના વર્ષમાં ૩૬૭ ગામો અને છેવટે ૧૯૮૪-૮૫ના વર્ષનાં રાજ્યની કુલ ૬ મહાનગરપાલિકા ધરાવતા શહેરોનો xxxxx સમાવેશ થતો હતો.

### ૧.૪. સહાયનું ધોરણ :

ખાસ અંગભૂત યોજનાનો પાયાનો ઉદ્દેશ અનુસૂચિત જાતિના અને ગરીબાઈની રેખા નીચે જીવતા કુટુંબોનો ઉત્કર્ષ કરવાનો હોવાથી સામાન્ય રીતે આ યોજનાના લાભાર્થી ગરીબાઈની રેખા નીચે જીવતા છેલ્લામાં છેલ્લા સ્તરના કુટુંબો હોઈ શકે. સામાન્ય રીતે લાભાર્થીની પાત્રતા વાર્ષિક આવકના ધોરણે કરવામાં આવતી હોવાથી આ યોજનાના લાભ મેળવવા માટે કુટુંબ માટે રૂા.૩૫૦૦/- અને શહેરી વિસ્તારના કુટુંબ માટે રૂા.૪૩૦૦/- ઠરાવવામાં આવી હતી. સામાન્ય રીતે લાભની ગુરુત્તમ મર્યાદા જે તે યોજનાના પ્રમાણમાં હોવાથી આ આ મર્યાદાનુ પ્રમાણ અલગ અલગ જોવા મળે છે. પ્રસ્તુત અભ્યાસમાં પસંદ કરાયેલા ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર એક કુટુંબને વધુમાં વધુ રૂા.૧૨,૦૦૦/-નું (અનાવર્તક) ધિરાણ ૪% વ્યાજે આપવાનું ઠરાવ્યુ છે. વધુમાં આમાં સહાય (સબસીડી)નુ પ્રમાણ જે તે યોજના મુજબ ૨૫% અથવા ૩૩% અથવા ૪૦% અથવા ૫૦% સુધીનુ પણ હોય છે. આ યોજના હેઠળ મળેલ ધિરાણની રકમ ચાર વર્ષમાં લાભાર્થીએ પરત ચૂકવવાની રહે છે.

અગાઉ જણાવ્યા મુજબ યોજનામાં તમામ વિકાસની કામગીરી કરતાં ખાતાઓ જોડાયેલા હોય છે. સાથે સાથે આ કામગીરી ઘનિષ્ઠ રીતે થાય તે માટે રાજ્યમાં ૧૯૭૭પથી ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ગાંધીનગરની રચના કરવામાં આવી છે. આ નિગમ પણ યોજનાના કાર્યક્રમનો અમલ કરે છે. નિગમની મુખ્ય કચેરી ગાંધીનગર સ્તરે નિગમના અધ્યક્ષ, નિયામક મંડળના સભ્યો, મુખ્ય વ્યવસ્થાપક, અને અન્ય વ્યવસ્થાપકોની ટુકડી અનુસૂચિત જાતિના ઉત્કર્ષ માટેની યોજનાઓ તૈયાર કરે છે અને તેનો અમલ કરે છે. નિગમની કામગીરી જિલ્લા સ્તરે વ્યવસ્થિત ધોરણે ચાલે એ માટે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી જિલ્લા મેનેજર તરીકે કામગીરી કરે છે અને તેમની મદદમાં મદદનીસ વ્યવસ્થાપક નિમવામાં આવ્યા છે જેઓ પછાતવર્ગ કલ્યાણ અધિકારીના માર્ગદર્શન અને સીધી દેખરેખ હેઠળ કામગીરી બજાવે છે.

## ૧.૫. ખાસ અંગભૂત યોજના મૂલ્યાંકન :

કોઈપણ યોજના કે કાર્યક્રમ કેટલાક ચોકકસ હેતુઓ સિધ્ધ કરવા માટે બનાવવામાં આવે છે. પરંતુ કાર્યક્રમ/યોજનાના અમલથી હેતુઓ સિધ્ધ થયા છે કે કેમ? અને જો થયા છે તો કેટલે અંશે? અને આ હેતુઓ સિધ્ધ ન થઈ શકયા હોય તો તેના કારણો શોધવા એ એક વૈજ્ઞાનિક અભિગમ છે. તેથી મહત્વની યોજનાઓ અને કાર્યક્રમોનુ મૂલ્યાંકન કરવામાં આવે છે જેને આધારે તેની સફળતા અને નિષ્ફળતાનો માપદંડ નકકી કરવામાં આવે છે. સામાન્ય રીતે મૂલ્યાંકન યોજના પૂરી થયા બાદ કરવામાં આવે છે. પરંતુ કેટલીકવાર યોજનાના વચગાળાના સમયમાં પણ મૂલ્યાંકન કરવામાં આવે છે જેથી યોજનાની પ્રગતિની ગતિ જાણી શકાય. સાથે સાથે યોજનાની નહિવત અથવા ધીમી પ્રગતિની આડે આવતી મુશ્કેલીઓ પણ જાણી શકાય જેનો નિકાલ થતાં તેની પ્રગતિમાં ગતિ લાવી શકાય. આમ વચગાળાના મૂલ્યાંકનથી યોજનાની સિધ્ધિમાં નોંધપાત્ર સુધારો કરી શકાય. આથી વિકાસ સાથે સંકળાયેલી તમામ યોજનાઓનું અવારનવાર અથવા અંતમાં મૂલ્યાંકન કરાવવાના અભિગમનો સરકારે સ્વીકાર કરેલો જ છે.

ખાસ અંગભૂત યોજના રાષ્ટ્રિય મહત્વતા ચોકકસ અને સમયમર્યાદા ધરાવતી મહત્વની યોજના છે તેથી તેનુ અવારનવાર મૂલ્યાંકન કરવામાં

આવે માત્ર ઉપયોગી જ નહિ પરંતુ અનિવાર્ય છે. મૂલ્યાંકનને આધારે યોજનાની પ્રગતિની દિશા જાણી શકાય છે. તેમજ યોજનાની પ્રગતિની આડે આવતી મુશ્કેલીઓને પ્રકાશ લાવી તેનું નીરુપણ કરવામા આવે તો યોજનાની પ્રગતિની ગતિમાં વધારો થઈ શકે છે. આ કેન્દ્ર ધ્વારા અત્યાર સુધીમાં અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લામાં આ યોજનાની કામગીરીનું મૂલ્યાંકન કરવામા આવ્યું છે જે ધ્વારા ઘણી મુશ્કેલીઓ પ્રશ્નો જાણી શકાયા છે અને આ પ્રશ્નો દૂર કરવાના કેટલાક વાસ્તવિક સૂચનો પણ કરવામા આવ્યા હતા. આમ મૂલ્યાંકનને આધારે આ ફળશ્રુતિ પ્રાપ્ત થઈ શકી હતી. પ્રસ્તુત અભ્યાસના તારણો અને સૂચનોને ગંભીરતાથી અમલ કરવામાં આવે તો નિગમની કામગીરીમા ચોકકસ પણે પ્રગતિ થઈ શકે છે. વધુમા આ મૂલ્યાંકન અભ્યાસના તારણો ભવિષ્યમા આકાર લેનાર અન્ય યોજનાઓમાં પણ સામેલ કરી શકાય તો આ યોજના વધુ રચનાત્મક અભિગમવાળી બની રહેશે. હાલની ખાસ અંગભૂત યોજના પણ પહેલાની યોજનાની કામગીરીના મૂલ્યાંકનની ફળશ્રુતિ સ્વરુપેજ ઉદ્ભવ પામી છે.ને. આમ ખાસ અંગભૂત યોજના ધ્વારા મહત્તમ સિધ્ધિ હાંસલ કરવા માટે તેનું અવારનવાર મૂલ્યાંકન કરવામા આવે એ ઘણીરીતે ઉપયોગી બની રહેશે.

૧.૬. <u>અભ્યાસના હેતુઓ</u> :

(૧) પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોને કૌટુંબિક સહાય યોજના હેઠળ કેટલો લાભ મળ્યો છે? તે તપાસવુ સાથે સાથે આ લાભથી કુટુંબને અગાઉ મળતી રોજગારી વધારો થઈ શકયો છે કેમ? અને જો 'હા' તો તેમની વાર્ષિક આવકમાં વધારો થયો છે કે કેમ? અને આ વધારો કેટલા પ્રમાણમાં હતો? શું કુટુંબ ગરીબાઈની રેખાની બહાર આવી શકયું છે તે અંગેની વિગતો મેળવવી.

(૨) લાભાર્થી કુટુંબે મળેલ લાભથી કાયમી ઉત્પાદકીય એકમ ઉભુ કર્યુ છે કે કેમ? જે ધ્વારા તેમને નિયમિત રોજગારી મળતી રહે? અને કુટુંબની વધેલી આવકની અસરો તપાસવી.

(૩) લાભાર્થી કુટુંબને મળેલ લાભની ફળશ્રુતિ સ્વરુપે અથવા તો તાજેતરના વર્ષોમાં તેમની રહેણીકરણી, સુખસગવડો, આનંદપ્રમોદના સાધનો સહિત વાતાવરણમા સુધારો થયો છે તેની વિગતો તપાસવી.

...૧૪..

(૪) ખાસ અંગભૂત યોજનાના અમલીકરણમાં સહાયભૂત થઈ શકે એવી કઈ કઈ આર્થિક અને અંતઃસ્તરીય સગવડો પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબો પાસે ઉપલબ્ધ હતી? તેની વિગતો મેળવવી.

(૫) પસંદ કરાયેલ કુટુંબને લાભના સ્વરુપમાં મળેલ ધિરાણની રકમના હપ્તા નિયમિત ભરે છે કે નહિ? જો હપ્તા ભરવામાં અનિયમિત હોય તો તેના ખરેખર કારણો શોધવા.

(૬) મૂલ્યાકન અભ્યાસ માટે પસંદ કરાયેલ ચારે યોજનામાંથી કઈ યોજના ધ્વારા લાભાર્થી કુટુંબના રોજગારીના દિવસોમાં તેમજ સરેરાશ આવક વૃધ્ધિની દ્રષ્ટિએ તેમજ કેવળ મૂડીરોકાણ સામે મળેલ દૈનિક મળતરની દ્રષ્ટિએ વધુ અસરકારક અને ઉપયોગીનીવડી તે જાણવું.

(૭) લાભાર્થી કુટુંબોને અપાયેલ ધિરાણ-સહાયની રકમ તેમના વ્યવસાયના સંદર્ભમાં પૂરતી હતી કે કેમ?

(૮) યોજનાના અમલીકરણ સાથે સંકળાયેલા અનુસૂચિત જાતિના કુટુંબો, અધિકારી ગણ તેમજ નાણાંકીય સંસ્થાઓને નડતી નાની-મોટી મુશ્કેલીઓ અને મર્યાદાઓને શોધીને તેના સંભવિત અને રચનાત્મક અભિગમવાળા ઉપાયો સુઝવવા.

## ૧.૭. અભ્યાસની પધ્ધતિ અને પ્રવિધિ.

અભ્યાસનું ક્ષેત્ર મહેસાણા જિલ્લાના ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર, ધ્વારા ૧૯૮૩-૮૪ના વર્ષમાં જુદી જુદી યોજનાઓ હેઠળ અપાયેલા લાભાર્થી કુટુંબોનું હતું. પરંતુ નિગમની તમામ યોજનાના લાભાર્થી કુટુંબોને અભ્યાસમાં સાંકળી લેવાનું શકય નહોવાથી અભ્યાસની મર્યાદાને ધ્યાનમાં રાખીને મહેસાણા જિલ્લામાં અનુકુળ એવી ચાર યોજનાઓ અનુક્રમે (૧) ચર્મોદ્યોગ (૨) કાપડફેરી, (૩) દૂધાળા પશુ (૪) અન્ય કુટિર ઉદ્યોગોને પસંદ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ બધા મળીને કુલ ૨૦૩ લાભાર્થીઓ નોંધાયા હતા. આ. લાભાર્થીઓમાંથી દૈવનિદર્શન પધ્ધતિ ધ્વારા કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા જેમાં (૧) ગ્રામોદ્યોગ- ૨૫ કુટુંબ (૨) દૂધાળા પશુ ૧૮ કુટુંબ (૩) કાપડફેરી ૨૧ કુટુંબ અને (૪) અન્ય કુટિર ઉદ્યોગોના ૩૧

કુટુંબો આમ બધા મળીને ૯૫ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

અભ્યાસની પ્રવૃત્તિઓ :
---

(૧) પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબના અભ્યાસ માટે તેમની સામાન્ય, શૈક્ષણિક, આર્થિક તેમજ જમીન વિષાયક યોજનાની જાણકારી મેળવેલ લાભ અને તેનાથી થયેલ પરિવર્તન જેવા પાસાનો સમાવેશ વાળુ કુટુંબ-પત્રક તૈયાર કરવામા આવ્યુ હતુ. આ કુટુંબ-પત્રકના આધારે તમામ કુટુંબોની રુબરુ મુલાકાત લઈ કુટુંબના વડા અથવા તો જવાબદાર સભ્ય સાથે ચર્ચા કરીને માહિતી એકત્રિત કરવામા આવી હતી. કુટુંબના માહિતીદાતા ધ્વારા અપાયેલ માહિતીની ચકાસણી તેમજ વધુ પૂર્તિ માટે નિરિક્ષણ પધ્ધતિનો પણ ઉપયોગ કરવામા આવ્યો હતો. જયા જયા જરુર જણાય ત્યાં કુટુંબનાવડા/ફળિયાના આગેવાન જેવી વ્યક્તિઓ સાથે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ બન્ને પધ્ધતિઓ કુટુંબમાં આવેલ પરિવર્તનના પાસાંને સમજવા માટે ઘણી ઉપયોગી નિવડી હતી.

(૨) કુટુંબના વડા ઉપરાંત ફળિયાના વડા, જાતિઆગેવાન, નામના આગેવાન, શિક્ષકો, તલાટી, ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા સ્તરના અધિકારીઓ સહ નાણાંકીય સંસ્થાઓના અધિકારીગણ સાથે યોજનાની કામગીરીની ગતિ નડતી મુશ્કેલીઓ, મર્યાદાઓ, યોજનાના લાભ હેતુઓ વગેરે જેવા પાસાઓ અંગે ખૂબજ વિગતવાર ચર્ચા તક મળ્યે કરી હતી. આ ચર્ચા ધ્વારા પ્રશ્નો અંગે તેમજ આ પ્રશ્નોના વાસ્તવિક સુઝાવ અંગે પણ ખૂબજ ઉપયોગી માહિતી મળી શકી હતી.

(૩) માત્ર લાભાર્થી કુટુંબોની માહિતીની ચકાસણી માટેજ નહિ પરંતુ પસંદ કરાયેલા અને અન્ય લાભાર્થી કુટુંબો સહ સમગ્ર ફળિયાના લોકોમાં જુદા જુદા સ્તરે આવી રહેલ પરિવર્તન, યોજનાની ફળશ્રુતિ, લાભાલાભ વગેરે અંગે સહભાગી નિરિક્ષણ પધ્ધતિનો પણ પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરવામા આવ્યો હતો. આમ અનેક સંશોધન પ્રવૃત્તિઓનો ઉપયોગ કરીને મૂલ્યાંકન અભ્યાસ માટે પૂરતી માહિતી એકત્રિત કરવામા આવી હતી જેની ફળશ્રુતિ સ્વરુપે આ અહેવાલ તૈયાર કરવામા આવ્યો છે.

## લાભાર્થી કુટુંબોની ઓળખ :

ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા અનુસૂચિત જાતિના ગરીબાઈની રેખા નીચે જીવતા કુટુંબોના આર્થિક ઉત્કર્ષ માટે કામ કરે છે. નિગમ ધ્વારા જુદી જુદી ૧૨૬ જેટલી આર્થિકપ્રવૃત્તિઓ પસંદ કરવામાં આવી છે જે માટે સહાય અને બેન્ક ધ્વારા ધિરાણ લાભાર્થી કુટુંબોને અપાવે છે એ બાબત અગાઉ જોઈ ગયા છે. મૂલ્યાંકન અભ્યાસની મર્યાદા જોતા બધી યોજનાઓ હેઠળના કુટુંબો આવરી લેવાનુ શકય ન હોવાથી પ્રસ્તુત અભ્યાસ માટે ચાર યોજનાઓ અનુક્રમે ચર્મોદ્યોગ, કાપડફેરી, દૂધાળા ઢોર યોજના અને અન્ય કુટિર ઉદ્યોગો યોજના પસંદ કરવામાં આવી હતી. ૧૯૮૩-૮૪ના વર્ષમાં xxxx xxxxxxx xxxx ખાસ અંગભૂત યોજનાના ગામો હેઠળ જુદા જુદા ધંધા હેઠળ ધિરાણ આપવામાં આવ્યું હતું તેમાં

| | | | લાભાર્થી |
|---|---|---|---|
| (૧) | દૂધાળા ઢોર | : | ૧૦૮ |
| (૨) | ચર્મોદ્યોગ | : | ૨૬૭ |
| (૩) | વણાટકામ | : | ૧૮૩ |
| (૪) | સીવણકામ | : | ૧૦૬ |
| (૫) | કાપડફેરી | : | ૫૧૩ |
| (૬) | બળદગાડા | : | ૩ |
| (૭) | ઊંટગાડા | : | ૨૬ |
| (૮) | વાંસકામ | : | ૯૦ |
| (૯) | અન્ય કુટિર ઉદ્યોગો | : | ૩૪૧ |
| | કુલ | : | ૧૬૩૭ |

મૂલ્યાંકન અભ્યાસ માટે ચાર યોજનાઓ પસંદ કરવામાં આવી હતી તેમાં પસંદગી વખતે મહેસાણા જિલ્લાના દરેક તાલુકાનેક્ષેત્રની દ્રષ્ટિએ તથા જિલ્લામાં વસવાટ કરતી દરેક અ.જાતિઓનુ જાતિની દ્રષ્ટિએ પ્રતિનિધિત્વ જળવાય અને અભ્યાસ માટે પસંદ કરેલ યોજનાઓને ગુણોત્તરની દ્રષ્ટિએ ઉચિત ન્યાય આપી શકાય તે બાબતોને ધ્યાનમાં રાખી ચર્મોદ્યોગના ૨૫ કુટું, કાપડફેરીના ૧૮ કુટુંબ, દૂધાળા ઢોરના ૨૧ કુટું અને અન્ય કુટિર ઉદ્યોગના ૩૧ કુટુંબો એમ મળી કુલ ૯૫ કુટુંબોને આવરી લેવામાં આવ્યા હતા.

...૧૭..

# પ્રકરણ : ૨

## ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ વિસ્તૃત પરિચય .

(૧) રાજ્યોમાં અનુસૂચિત જાતિ વિકાસ નિગમોની રચનાના પાયાના ઉદ્‌ગમ વિચારબિંદુ.

(૨) ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ

- રચના
- ઉદ્દેશ અને હેતુઓ
- લક્ષાંક
- અમલીકરણ કાર્યપધ્ધતિ

(૩) અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમની કેટલીક યોજનાઓ અને તેની કાર્યપધ્ધતિ.

## પ્રકરણ : ૨

### (૧) રાજ્યોમાં અનુસૂચિતજાતિ વિકાસ નિગમોની રચનાના પાયાના વિચાર બિંદુ :

આઝાદી બાદ બંધારણીય બોલ અનુસાર કેન્દ્ર અને રાજ્ય સરકારોએ રાષ્ટ્રના આર્થિક અને સામાજિક રીતે પછાત એવા સમાજના ઉત્થાન અર્થે વિવિધ કાર્યક્રમો હાથ ધર્યા હતા. જ્યાં લગી અનુસૂચિત જાતિના વિકાસ-કાર્યક્રમોને લાગે વળગે છે ત્યાં સુધી અનુભવના આધારે કેન્દ્ર સરકારને એવુ જણાયું હતું. અનુસૂચિત જાતિ માટે બનાવાતા કાર્યક્રમોનો લાભ તેમના સુધી ઉચિતમાત્રામાં પહોંચતો નથી તેના માટે જવાબદાર કેટલાક કારણો જણાયેલા જેવાકે :

- ક્ષેત્રીયકક્ષાએ અમલીકરણમાં અનેક વિટંબણાઓ ઉભી થતી હતી.
- અનુસૂચિત જાતિના કુટુંબો તેમને માટે ઉપલબ્ધ યોજનાઓ અને કાર્યક્રમોથી સુમાહિતગાર નહોતા.
- અનુસૂચિત જાતિના કુટુંબો તેમની જાતે તેમના માટેના વિકાસ કાર્યક્રમોનો લાભ લેવા માટે જાગૃત નહોતા તથા અશકત હતા.

નાણાંકીય સંસ્થાઓએ નકકી કરેલી શરતો કે બાબતોનો કેસના નિકાલ અને સ્ક્રુટીની વખતે નાણાંકીય સંસ્થાઓ તેમની સલામતી માટે કેટલીક ખાત્રીઓની અપેક્ષા રાખતા હોય છે તે સંતોષી શકતા નહતા.

- અનુસૂચિત જાતિના લાભાર્થીઓ નકકી કરેલા અરજી પત્રકો અને ફોર્મસની વિગતોથી ગભરાતા હોય છે મુઝાતા હોય છે તથા તે પ્રક્રિયાથી અભણ હોઈ તેઓ લઘુગ્રંથીથી વધુ પીડાતા હોય છે.

ઉપરોક્ત પરિસ્થિતિમાં અનુસુચિત જાતિના લાભાર્થી અને અમલીકરણ પ્રક્રિયા વચ્ચે સંયોગ તંતુ જેવા સંગઠનની ક્ષેત્રીયકક્ષાએ જરુરી હતી કે જે

- કેસના આખરી નિર્ણાયક મુદ્દાઓમા અનુ.જા.ના લાભાર્થીવતી દરમ્યાનગીરી કરી શકે.
- જરુરી સર્વે નાણાકીય સંસ્થા કિય સંધાણો કરી અનુસૂચિત જાતિના લાભાર્થીવતી ખાત્રી આપી તેમના સહાયકારક તરીકેની ભૂમિકા ભજવે.
- જુદી જુદી સંસ્થાઓ સાથેના સંબંધો વિકસાવી કુટુંબલક્ષી યોજનાઓથી ખાસ અંગભૂત યોજનાના લાભો ખરેખર અનુસૂચિત જાતિના ગરીબી રેખા હેઠળ

જીવતા કુટુંબોને પહોંચાડી તેમને મદદરુપ થવાનું ગૌરવ લઈ શકે.

આમ માનવીય આશયથી ઉપર દર્શાવેલી બાબતોને લક્ષામા લઈ જે જે રાજયોમા અનુસૂચિતજાતિની વસ્તી વધુ હતી ત્યાં અનુસૂચિત જાતિ વિકાસ નિગમની સ્થાપના કરવી તેવું નકકી કરવામાં આવ્યું હતું.

આ નિગમો લાગતાવળગતા દરેક વિભાગો સાથે રહીને જીલ્લા કક્ષાની ''એકઝીસ્ટીંગ ડેવલપમેન્ટ મશીનરી'' ધ્વારા કામ કરશે અને જરુરી પ્રમાણે તેને વિસ્તારવામા આવશે. મુખ્યત: તેનો વધુ સંબંધ નાણાકીય સંસ્થાઓ સાથે રહેશે.

ટૂંકમાં આવા નિગમો પરિવર્તન પ્રેરક ભૂમિકા (                    ) ભજવશે. તે આવક વૃધ્ધિ એકમ ઊભું કરવા રોકવા પડતા જરુરી નાણાં માટે ''માર્જીન મની લોન'' પણ આપશે. આવા નિગમો બે રુપે મદદરુપ થશે જેમા

(૧) નાણાકીય સંસ્થાઓને પ્રોત્સાહિત કરવા તેમાં પણ ખાસ કરીને જે વ્યાપારી બેંકો છે તે અનુસૂચિત જાતિના લાભાર્થીને મોટાપાયા ઉપર વધુને વધુ એસેટસ માટે ધીરાણ આપવા બહાર આવે તે માટે તૈયાર કરવા.

(૨) અનુસૂચિત જાતિઓના લાભાર્થી માટે વધુ સુયોગ્ય યોજનાઓ તૈયાર કરવી.

## (૨) ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ તથા તેની યોજનાઓનો પરિચય :

**રચના :**

ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લીમીટેડની રચના અને ૧૯૭૫મા ૧૮૬૪ના સોસાયટી રજીસ્ટ્રેશન એકટ હેઠળ કરવામા આવી હતી નિગમની રચના કરવાનો મૂળભૂત ઉદ્દેશ અનુસૂચિત જાતિનો સંપૂર્ણ રીતે આર્થિક-વિકાસ થાય અને સમાજમા માનભર્યું જીવન જીવી શકે તેવી સુવિધા પૂરી પાડવાનો હતો. પરંતુ આ રચનાનું માળખું કેન્દ્ર અને રાજય સરકારશ્રીની નીતિને અનુરૂપ ન હોવાથી તેના માળખામા યોગ્ય સુધારા વધારા ધ્વારા સને ૧૯૭૯મા અને ૧૯૫૬ના ઈન્ડિયન કંપનીઝ એકટ હેઠળ પુન:રચના કરી '' ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ કોર્પોરેશન લીમીટેડ''ની નોંધણી કરાવી સરકારે જુના નિયામક મંડળને ચાલુ રાખ્યુ અને જુના નિગમની તમામ મિલકતો અને જવાબદારીઓનો સ્વીકાર કરી તા.૫-૩-૮૦થી આ નિગમે કંપની તરીકેની પોતાની કામગીરી શરુ કરી છે.

ઉદ્દેશ :

ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લી. નો મુળભુત ઉદ્દેશ ગુજરાતના ગરીબી રેખા હેઠળ જીવતા અનુસૂચિત જાતિના કુટુંબોને પસંદગીથી નિયત થયેલ આર્થિક યોજનાઓ ધ્વારા નાણાંકીય સવલતો પુરી પાડી તે કુટુંબોને ચોકકસ સમય મર્યાદામાં ગરીબી રેખાથી બહાર લાવી આર્થિક ઉન્નતિ કરવાનો છે. ભારત સરકારના નીતિ નિયમો અનુસાર ઉકત નાણાંકીય સવલતો માત્ર રૂા.૩૫૦૦ અને રૂા. ૪૩૦૦ અનુક્રમે ગ્રામ્ય અને શહેર વિસ્તારના કુટુંબોને વાર્ષિક આવકની મર્યાદામા રહીને પુરી પાડવામાં આવે છે જોકે સાતી પંચવર્ષીય યોજનામાં નાણાંકીય સવલતો આપવામાટેનું વાર્ષિક આવકનું ધોરણ સુધારી રૂા. ૪૮૦૦ અને ૫૫૦૦ અનુક્રમે ગ્રામ્ય અને શહેર વિસ્તાર માટે નકકી કરવામાં આવ્યું છે.

નિગમના હેતુ :

ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસના નિગમના કેટલાક હેતુઓ નકકી કરવામા આવ્યા છે તે અનુસાર

(૧) નિગમ અનુસૂચિત જાતિના તરફેણમાં અને લાભાર્થે સરકારી કાયદા હેઠળ નોધાયેલ સંસ્થા, કંપની, પેઢી, વ્યકિત અથવા તેવીજ અન્ય સંસ્થાઓની એજન્સીઓના સહયોગથી પડેલી વિષાયક અને ગ્રામોદ્યોગ વિકાસના કાર્યક્રમો, રુપાંતર પ્રક્રિયા, વેચાણ વિતરણ અને સંગ્રહની પ્રવૃતિઓ હાથ ધરવી, મકાનો બાંધવા, માલની હેરફેરની વ્યવસ્થા કરવી તેમજ તેવા અન્ય વેપાર અને વ્યવસાયો અંગે યોજના કરવી, તેનો અમલ કરવો તેમજ તેવી પ્રવૃતિઓ અંગે સલાહ આપવી, મદદ કરવી તેમજ નાણાંકીય સવલતો પુરી પાડવી.

(૨) અનુસૂચિત જાતિના આર્થિક સ્થિતિ સુધારવા ઉત્પાદનની અદ્યતન પ્રક્રિયાની વ્યવસ્થા અને વેચાણ ધ્વારા ઉત્પાદનનાં કામમાં વેપાર વ્યવસાય ઉદ્યોગ અને અન્ય પ્રવૃતિઓમાં જરુર મૂડી, કરજ, સાધનો તાંત્રિક અને વહીવટી મદદ કરવી.

(૩) નિગમ ભારત સરકાર અને રાજય સરકારના કાયદા હેઠળ નોધાયેલ સંસ્થાઓ, કંપનીઓ, પેઢીઓ, વ્યકિતઓ અને અન્ય સંસ્થાઓ પાસેથી કરાર ધ્વારા અથવા તેઓની જરુરિયાત અનુસાર ખેતી વિષાયક

...૨૦..

પુરવઠો, માલસામાનપુ ચીજવસ્તુઓ, સાધન ઓજારો વગેરે પૂરા પાડવા માટે અનુસૂચિત જાતિના વર્ગના પેટા કરારથી (જે કરાર અથવા જરુરિયાત પુરી પાડવા માટે) ઉત્પાદન કરવું તેમજ ઉત્પાદનની પ્રક્રિયાઓ માટેનો કાચોમાલ સામાન, સાધનસામગ્રી, પુરી પાડવી અથવા ઉત્પાદનની ઉત્તર પ્રક્રિયાની જોગવાઈ કરવી અને ઉત્પાદન કરવામા અથવા કરાવવામા આવેલ પૂરવઠો પૂરો પાડવો.

(૪) ઉપરોક્ત કરાર જરુરિયાત પૂરી પાડવા માટે અનુસુચિત જાતિના ઉત્પાદનના કાર્યક્રમો માટે નાણાકીય સવલતો આપવી, મશીનરી, બાંધકામ વિકાસ, જમીન ખરીદી, અને વિકાસ માટે જરૂરી નાણાકીય સવલતો પૂરી પાડવી, તાંત્રિક અને વહીવટી માર્ગદર્શન આપવું અને તે પેટા કરારો તેમજ જરુરિયાત પૂરી પાડવા માટે અન્ય જે કોઈ સહાયની જરૂર હોય તેની વ્યવસ્થા કરી આપવી.

(૫) અનુસૂચિત જાતિના ઉત્કર્ષ માટે વિવિધ પ્રક્રિયાઓની યોજનાનું અને ઉત્પાદન પ્રવૃતિઓનું રેખાંકન કરવુ.

(૬) અનુસુચિતજાતિના વિકાસક્ષેત્રમા આવતી યોજનાઓનો અમલીકરણ એજન્સીઓના સંકલનથી અમલ કરવો તેમાં ખાનગી, જાહેર અને સહકારી સંસ્થાઓ તેમજ પંચાયત ખેતી સેવા નિગમ, સહકારી બેંકો અને ભારત અને રાજય સરકારો વગેરેની સહાય મેળવવી.

લક્ષ્યાંક :
------

ગુજરાતમાં અનુસુચિત જાતિની ૨૦ લાખ જેટલી વસ્તીના ૪ લાખ જેટલા કુટુંબો છે તેમાથી ૨ લાખ કુટુંબો ગરીબી રેખા નીચે જીવે છે. એવો અંદાજ છે. આ કુટુંબોનો પ્રમિક વિકાસ થાય એવા પાંચ વર્ષનો ઘનિષ્ઠ કાર્યક્રમ નિગમે હાથ ધર્યો છે. જેમાં બાકી રહેતાં દોઢ લાખ કુટુંબોને ૧૯૮૫ સુધીમા આવરી લેવાનો નિર્ધાર ૧૯૮૧મા કર્યો હતો.

૧૯૮૩-૮૪ના વર્ષમાં ૨૦ હજાર લાભાર્થીઓને આવરી લેવાનો લક્ષ્યાંક રાખવામા આવ્યો હતો જેના આયોજન વખતે જિલ્લા ઉદ્યોગકેન્દ્ર, સંકલિત ગ્રામ વિકાસ એજન્સી અને રાષ્ટ્રીયકૃત બેંકોની કામગીરીનો ખ્યાલ રાખવામા આવ્યો હતો. તથા ૨૦૦૦૦ લાભાર્થીઓમાંથી વધુમા વધુ અરજીઓ કોમ્પોનન્ટના ગામોમાંથી મેળવવા ઉપર વધુ ભાર આપવામાં આવ્યો હતો. તે માટે

જિલ્લાથી તાલુકા અને ગામવાર સુસંકલિત આયોજન બધ્ધ ધિરાણ થાય તેવા પ્રયત્ન કરવામા આવ્યા હતા.

સરકારની નીતિ પ્રમાણે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના માર્ગદર્શન પ્રમાણે રાષ્ટ્રીયકૃત બેંકોએ ગરીબી રેખાથી નીચે જીવતા કુટુંબોને સ્વરોજગારી માટે ડી.આર.આઈ યોજના નીચે ૪ટકા રાહત દરે જાત જામીન ઉપર રૂ।.૬૫૦૦/- સુધી ધિરાણ કરવા ઠરાવેલ છે જે અંગે કોઈ સ્ટેમ્પ ફી લાભાર્થીએ આપવાની રહેતી નથી. રાષ્ટ્રીયકૃત બેંકોએ પોતાના કુલ ધિરાણનો સારો એવો ભાગ આ વર્ગ માટે ફાજલ પાડી ધિરાણ કરવા રીઝર્વબેંક આગ્રહ સેવ્યો છે.

અમલીકરણ કાર્યપધ્ધતિ :
---------------

૧૯૮૧ સુધી નિગમની કામગીરી રાજ્યકક્ષાએથી નિગમની ગાંધીનગરની કચેરી મારફત સીધેસીધી થતી હતી. જેને પરિણામે ધિરાણ મેળવનારને અરજદારને ધિરાણ મેળવવા માટેની અરજીના ફોર્મ મેળવવાથી માંડીને ધિરાણ મેળવવા સુધીની બધીજ કામગીરી માટે ગાંધીનગરની કચેરીના સંપર્કમાં રહેવું પડતું હતું. જેથી દૂરના જિલ્લાના લોકોને ઘણીજ મુશ્કેલી પડતી હતી. તે નિવારવા અને રાજ્યના તમામ જિલ્લાના અનુસૂચિત જાતિના લોકોના સમતોલ વિકાસને લક્ષમાં લઈ નિગમે તેના પોતાના વહીવટી માળખામાં અને કામગીરીમાં સને ૧૯૮૧-૮૨ ના વર્ષથી કેટલાય અગત્યના ફેરફારો અમલમા મુક્યા છે.

વહીવટી અને કાર્યપધ્ધતિના ફેરફારો મુજબ હવે અનુસૂચિત જાતિના લાભાર્થીઓને અરજીપત્રકો અને ધિરાણ મેળવવા માટેનું પૂરેપૂરું માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા જિલ્લા કક્ષાએ ગોઠવવામાં આવી છે. પ્રથમ વર્ગના જિલ્લા પછાત કલ્યાણ અધિકારી નિગમના પ્રવક્તા તરીકે એટલે કે નિગમના ડીસ્ટ્રીક્ટ મેનેજર તરીકે ફરજ બજાવશે અને તેમની પાસેથી લોનની અરજીના ફોર્મ મળશે. અરજદારોએ તે ફોર્મ ભરી તેમને જ પરત આપવાના છે. આ ધિરાણ માટેની અરજીઓની સંપૂર્ણ ચકાસણી કરી, જિલ્લા ઉધોગ કેન્દ્ર મારફત નક્કી થયેલ બેંકના કાર્યક્ષેત્રવાળા ગામોની અરજી જે તે બેંકોની શાખાઓને મોકલી આપશે. એક માસમા બેંકો અરજીઓનો નિકાલ કરશે એવી તેમની સાથે વિચારણા થઈ છે. તેમ છતા અરજીઓના ઝડપી નિકાલ માટે જે તે જીલ્લાના ડીસ્ટ્રીક્ટ મેનેજર અને જીલ્લા પછાત કલ્યાણ અધિકારી દેખરેખ રાખશે અને જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીના અધ્યક્ષાપદે બેંકના પ્રતિનિધિઓની મળતી ડી.એલ.સી.સી. મિટીંગમા અરજીઓના નિકાલની પ્રગતિની સમીક્ષા કરશે.

...૨૨.

નિગમની નીચે દર્શાવ્યા પ્રમાણેની કેટલીક ભૂમિકાઓ છે.

(૧) અપેક્ષિત લાભાર્થીઓની ઓળખ કરવી [redacted] (Identify goal)

(૨) તેઓ લાભદાયી પ્રવૃતિઓ હાથ ઉપર લે તે માટે તેમને પ્રોત્સાહીત કરવા.

(૩) જુદા જુદા યોગ્ય પ્રોજેક્ટો હાથ ધરવા માટે તેઓને જરુરી માર્ગદર્શન અને ખૂટતી જરુરી ઉપકરણો પૂરા પાડવા.

(૪) યોજનાઓ તૈયાર કરવી.

(૫) જરુરી દસ્તાવેજો સહિતના લાભાર્થીએ ભરેલા ફોર્મ મેળવવા.

(૬) લાભાર્થીઓની આવેલી અરજીઓની દરખાસ્ત બેંકને મોકલવી અને તે મંજુર થાય તે માટેનું અનુસરણ કર્યા કરવું.

(૭) બેંકેબલ યોજના હેઠળ સંસ્થાકીય ધીરાણની ખાત્રી માટે માર્જીન મની પૂરા પાડવા.

(૮) અનુસૂચિત જાતિના લાભાર્થીઓને સબસીડી આપવી.

(૯) તેઓની કેટલીક મુશ્કેલીઓ ટાળવા, અરજીઓના નિકાલ માટે તથા માર્ગદર્શન માટે સુપરવાઇ પોષ્ટ મંજુર કરવી.

(૧૦) બેંક અને લાભાર્થી વચ્ચે કડી રુપ કામ કરી એકાત્મતા સ્થાપવી.

(૧૧) જિલ્લામાં કાર્યરત કેટલીક વિકાસી બઢતી માટેની સંસ્થાઓમાંથી જે લાભ મેળવવા માટે સક્ષમ નથી તેવા કુટુંબોને એશકોર્ટ (ESCORT) [redacted] સેવાઓ પૂરી પાડવી.

(૧૨) વ્યાજ સબસીડી પૂરી પાડવી.

(૧૩) ઓટોરીક્ષા ખરીદવા માટે માર્જીન મની પૂરા પાડવા.

(૧૪) જિલ્લા ઉધોગ કેન્દ્રની યોજનાની બેંક સિવાયની અને નોનકમાન્ડ વિસ્તારમાં અમલ હાથ ધરવો.

(૧૫) અનુસૂચિત જાતિમાં પણ બીજી કેટલીક અતિપછાત જાતિઓ જેવી કે ભંગી, નાડીયા, હાડી, તથા અપગ અને વિધવાઓને સીધુ ધીરાણ કરવું.

(૧૬) શિક્ષીત બેરોજગારોને નાણાંકીય સહાય પૂરી પાડવી.

ખાસ અંગભૂત યોજના :

કેન્દ્ર સરકારના પગલે પગલે રાજ્ય સરકારે અનુસૂચિત જાતિના લોકોના સર્વાંગી વિકાસ માટે ખાસ અંગભૂત યોજના તૈયાર કરી છે. તેમાં કુલ બજેટના ઓછામાં ઓછા છ ટકા રકમ અનુસૂચિત જાતિના લોકો માટે વ્યક્તિલક્ષી, કુટુંબલક્ષી યોજનાઓ તૈયાર કરી અલગ રકમની ફાળવણી કરી તેનો ખર્ચ કરવા દરેક ખાતાઓને સરકારે સૂચનાઓ આપી છે.

અનુસૂચિત જાતિની ૨૫૦થી વધુ વસ્તીવાળા ગુજરાતના ૧૪૧૧ ગામોનો સર્વે કરી અનુસૂચિત જાતિના કુટુંબોની જરુરિયાતો નોંધવામાં આવી છે. જરુરિયાત કુટુંબ, ગામ અને તાલુકાવાર અલગ તારવી જેતે જિલ્લાના પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીને પહોંચાડવામાં આવી છે. તેમાં ૧૯૮૦-૮૧ના વર્ષમાં ૨૫૦ થી વધુ વસ્તીવાળા ૨૮૫ ગામો પસંદ કરી તેની મોજણી કરી છે. ૧૯૮૧-૮૨માં ૩૧૬ ગામો પસંદ કર્યા હતા ૧૯૮૨-૮૩માં ૪૩૮ ગામો પસંદ કર્યા હતા તથા ૧૯૮૩-૮૪માં ૩૬૪ ગામોની પસંદ કરવામાં આવ્યા હતા. તેમાં દરેક ખાતાની જુદી જુદી યોજના દ્વારા ઘનિષ્ટ કાર્યક્રમ હેઠળ અનુસૂચિત જાતિના તમામ કુટુંબોને આવરી લઈને તેમનો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક આમ સર્વાંગી વિકાસ સાધવાનો આ યોજનાનો હેતુ છે. ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ સરકારશ્રીના સમાજકલ્યાણ ખાતા સાથે સંકળાયેલી હોઈ ખાસ અંગભૂત યોજનાનો ઉદ્દેશનો અમલ કરવા કટિબધ્ધ છે અને આ ગામોની અનુસૂચિત જાતિની ૧૦૦ ટકા વસ્તીને પાંચ વર્ષમાં ઉદ્યોગ ધંધાની દ્રષ્ટિએ સ્વાવલંબી બનાવવા નિગમે ઝૂંબેશ હાથ ધરી હતી તેના ભાગરૂપે દરેક જિલ્લાના ખાસ અંગભૂત યોજનામાં સમાવિષ્ટ ગામના અનુસૂચિત જાતિના લોકોની આર્થિક સ્થિતિની મોજણી કરાવી દરેક કુટુંબને ધંધા રોજગારની દ્રષ્ટિએ કયા પ્રકારની મદદની જરુર છે તે નક્કી કરી જરુરિયાતવાળા કુટુંબોને નવા ધંધા શરુ કરવા અને ચાલુ ધંધાનો વિકાસ કરવા અને સ્વાલંબી બનાવવા જરુરિયાત પ્રમાણે ધિરાણ મળે તે માટે જિલ્લા તાલુકા અને ગામકક્ષાનું આયોજન કરીને તે પ્રમાણેની કામગીરી હાથ ધરી છે.

અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ કોને શું મદદ કરશે.

(૧) ભૂતપૂર્વ મુંબઈ રાજ્ય પુર્નઘટન ધારા ૧૯૬૦ હેઠળ ગુજરાત સરકારના ધારા ૧૯૬૦ તા.૨૦-૬-૬૦ના ગેઝેટના વિભાગ ક્રમાંક- ક ના

સમાવિષ્ટ અનુસૂચિત જાતિના નાગરીકોને મદદ કરે.

(૨) અનુસૂચિત જાતિના ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો કે જેઓ પોતાની મેળે ગરીબી રેખા ઓળંગવાને શક્તિમાન નથી તેવા ગ્રામ્ય વિસ્તારમાં રૂા.૨૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂા. ૩૦૦૦/- સુધીની વાર્ષિક આવક ધરાવતા કુટુંબોનેજ બેંકેબલ યોજના મુજબના ધંધાઓ માટે ૪ ટકાના વ્યાજ રાહત દરે ધિરાણ મેળવવા માટે મદદ કરશે.

(૩) શિક્ષિત બેકાર એટલે એસ.એસ.સી. પાસ કે તેથી વધુ અભ્યાસ કરેલ તથા ટેકનીકલતાલીમ પામેલ વ્યક્તિના કુટુંબની વાર્ષિક આવક રૂા.૯૦૦૦/- સુધીની હશે તો તેને નિગમ ધિરાણ મેળવવામાં મદદ કરશે.

(૪) બેંકેબલ યોજનાઓમાં એક વ્યક્તિ દીઠ રૂા.૬૦૦૦/- સુધી ૪ ટકાના વ્યાજ રાહત દરે ધિરાણ મેળવવામાં મદદ કરશે.

(૫) નાના કુટિર ઉદ્યોગો માટે સમાજ કલ્યાણ ખાતાના નિયમો અનુસાર વધુમાં વધુ રૂા.૭૫૦/- સુધીની સબસીડી મળશે.

(૬) દુધાળાઢોર, બળદ, ખેતી માટેના સાધનો ઉપર નાના ખેડૂતોની એજન્સી મારફત ખેત મજૂરને ૩૩ ટકા અને નાના ખેડૂતને ૨૫ ટકા સબસીડી મળશે.

(૭) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તરફથી પસંદ થયેલી ધંધાઓની યાદીમાં સમાવિષ્ટ ધંધાઓ માટે ધિરાણ મેળવવામાં મદદ કરશે.

(૮) ગરીબી રેખા નીચે જીવતા અનુસૂચિત જાતિના લોકોની સહકારી કાયદા પ્રમાણે રજીસ્ટર થયેલી જુદા જુદા ધંધાઓ માટેની ઔદ્યોગિક સહકારી મંડળીઓને સભ્યદીઠ રૂા.૧૦૦/- સુધીની રકમ વગર વ્યાજે નિગમે નકકી કરેલા નિયમો અનુસાર અપાશે.

(૯) ભંગીભાઈઓની વાંસકામદાર સહકારી મંડળીઓને જો સરકારી નિયમ મુજબ જંગલ ખાતા તરફથી રાહત દરે વાસ નહિ મળે તો ખરીદેલ વાંસ ઉપર કુલ ૨૦૦ વાંસ સુધી વાંસ દીઠ રૂા.૧.૨૩ પૈસા સુધીની સબસીડી સરકારે કરેલા નિયમો અનુસાર મળશે.

...૨૫..

કયા ધંધા વ્યવસાય માટે સહાયમળે : તે ધંધા વ્યવસાયની યાદી:

ધંધાની યાદી જોઈએ તો ૧) બળદ ખરીદવા ૨) બળદગાડા ખરીદવા, ૩) દુધાળા ઢોર, ૪) શંકર ઓલાદની વાછરડી, ૫) વાંસકામ, ૬) હાથ વણાટ, ૭) ચર્મોદ્યોગ, ૮) સુતારીકામ, ૯) ઊંટગાડા, ૧૦) ઈંટભઠ્ઠા, ૧૧) પથ્થર ખાણ, ૧૨) મીઠા ઉદ્યોગ, ૧૩) કાપડફેરી, ૧૪) ખજુરીપત્તા ૧૫) અંબર ચરખા, ૧૬) સાબુ બનાવવા, ૧૭) સીવવાના મશીન, ૧૮) કડીયા-કામ, ૧૯) રેડીમેઈડ કપડા, ૨૦) ચામડા-રેકઝીન બેગ્સ, ૨૧) સુટકેસ પ્રાયમસ બેગ્સ, તાળા, પોર્ટફોલીયા, છબી વગેરે રીપેરીંગ, ૨૨) મોટર સ્કુટર રીપેરીંગ, ૨૩) ઈલેક્ટ્રીક માલસામાન ઉત્પાદન અને રીપેરીંગ, ૨૪) ભરતગુંથણ ૨૫) બુટચંપલની બનાવટ, ૨૬) સીમેન્ટની જાળી, ૨૭) સેન્ટરીંગ(બાંધકામ) ૨૮) અન્યગૃહ અને કુટિર ઉધોગો.

અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમની કેટલીક યોજનાઓ અને તેની કાર્યપધ્ધતિ :

(૧) દુધાળા ઢોરયોજના:

દુધાળાઢોર માટે લોન/સહાય મેળવવા માટે કેટલીક ધ્યાનમાં રાખવા જેવી અગત્યની બાબતો:

૧) લોન/સહાય લેવા ઈચ્છનાર અરજદારે પોતાના ગામની દુધ મંડળીનું ~~XXX~~ સભ્યપદ મેળવેલુ હોવું જોઈએ.

૨) ગામમાં દુધમંડળી ન હોયતો નજીક વધુ અરજદારો સાથે મળી નવી દુધ મંડળી બનાવવી પડે.

૩) જે તે દુધ મંડળીના સભ્ય હોય ત્યા ફરજીયાત દુધ ભરાવવું પડે તથા દુધના વેચાણમાથી જે લોનના હપ્તા વસુલ કરવાની ઓથોરીટી આપવી પડે.

૪) દુધ, મંડળીએ પણ ધિરાણ લેવા ઈચ્છનાર ઈસમોનું દુધ મંડળીમા લેવાના અને તેમના દુધના વેચાણમાથી નકકી કરેલા હપ્તા વસુલ લઈ નિગમને ચેક/ડ્રાફટથી રકમ મોકલવાનો ઠરાવ કરવો પડશે.

૫) જે જિલ્લાઓમા ડેરીનો સારો વિકાસ થયો છે અને દુધ ઉત્પાદક સહકારી મંડળીઓની રચના થઈ છે એવા બધાજ જિલ્લાઓમા ધિરાણ આપવામાં આવશે અરજદારોએ નિગમે છપાવેલ અરજી બધી વિગતો ભરીને દુધ મંડળીના ઠરાવ સાથે જો અરજદાર પંચાયત

વિસ્તારના હોય તો સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)ને મોકલે અને જો અરજદારે મ્યુનિસિપલ વિસ્તારના હોય તો સમાજ કલ્યાણ અધિકારી (રાજય)ને મોકલવી, તેઓ પોતાની વિસ્તારની અરજીઓની ચકાસણી કરીને મોકલશે.

૬) ભેંસ ખરીદવા માટે વધુમાં વધુ રૂા. ૨૫૦૦/- નું અને સારી ગાય ખરીદવા રૂા.૨૦૦૦/- સુધીનું ધિરાણ અપાય છે.

૭) ધિરાણ મેળવતાં પહેલાં ઢોરની તંદુરસ્તી, વેતર અને કિંમત અંગેનું પશુ ચિકિત્સક (વેટરનરી ડૉકટર)નું સર્ટિફિકેટ મેળવવું પડશે. પશુ ચિકિત્સક રૂા.૨૫૦૦/-થી ઓછી કિંમત ભેંસની આંકશે તો આંકેલી કિંમત જેટલું જ ધિરાણ આપવામાં આવશે.

૮) ઢોરનો વિમો નિગમ તરફથી ઉતારવામાં આવશે.

૯) કરજદાર નાના કે સિમાંત ખેડૂત અગર ખેત મજુર નોંધાયેલ હશે ને બીજી રીતે પાત્ર ઠરશે તો જિલ્લાના પ્રોજેકટ અધિકારીશ્રી તરફથી નિયમ મુજબ સબસીડી મળે તો આ રકમ સીધી નિગમમાં જમા કરવાની રહેશે.

૧૦) કરજદારે જેમની પાસેથી ઢોર ખરીદયુ હશે તેમની પાસેથી ઢોર ખરીદયા અંગેની પહોંચ રજુ કરવી પડશે ત્યાર પછીજ ધિરાણ મળશે.

(૨) <u>'માર્જીનમની' યોજના :-</u>

નિગમની એક બીજી મહત્વની યોજના 'માર્જીન મની''ની યોજના છે. તે નીચે મુજબ છે.

રાષ્ટ્રીયકૃત બેંકો અનુસૂચિત જાતિના લોકોને સરળતાથી ધિરાણ આપે તે માટે નિગમે માર્જીન મનીની યોજના અમલમાં મુકી છે. મુદત વીતી બાકીદાર ના કિસ્સામાં ૨૫ ટકાના ધોરણે માર્જીન મનીમાંથી રકમ કપાત થવાની જવાબદારી નિગમ સ્વીકારે છે તેથી બેંકોનું જોખમ હળવું થાય છે.

યોજના આ પ્રમાણે છે.

૧) નિગમની ભલામણ સાથે મોકલાવેલી અરજીઓ, ગ્રામ વિસ્તારમાં રૂા.૨૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂા.૩૦૦૦/- સુધીની વાર્ષિક આવકવાળા કુટુંબોને બેંક ધિરાણ કરશે તો ધિરાણના ૨૫ ટકા 'માર્જીન મની' તરીકે બેંકને આપશે.

૨) બેંક નિગમની ભલામણ સિવાય ગ્રામ્ય વિસ્તારમાં રૂા.૩૫૦૦/- અને શહેરી વિસ્તારમાં ૪૩૦૦/- સુધીની વાર્ષિક આવક ધરાવતા અનુસૂચિત જાતિની વ્યકિતને ધિરાણ આપશે તેવા કિસ્સામાં પણ ૨૫ ટકા માર્જીન મની આપશે પરંતુ આવા કિસ્સામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોએ ભલામણ કરી હશે તો માર્જીન મનીની રકમ નિગમ આપશે નહી.

૩) શિક્ષિત બેકારોના કિસ્સામાં તેના કુટુંબની વાર્ષિક આવક રૂા.૯૦૦૦/- સુધી ન હશે અને બેંક તેને ધિરાણ કરશે તો બેંકને માર્જીન મની મળશે.

૪) માર્જીન મનીની રકમ બેંક જેટલા સમય માટે ધિરાણ આપશે તેટલા સમય માટે નિગમના નામે જે તે બેંકમાં ડીપોઝીટ તરીકે રહેશે.

૫) રૂા.૬,૦૦૦/- સુધીના ધિરાણ સામે વધુમાં વધુ રૂા.૧૫૦૦/- સુધી વ્યકિતદીઠ માર્જીન મની બેંકોને મળી શકશે.

૬) માર્જીન મની ડીપોઝીટનું વ્યાજ ડીપોઝીટની સમય મર્યાદા અનુસાર નિયમ પ્રમાણે બેંકોએ ચુકવવાનું રહેશે.

૭) માર્જીન મનીની રકમ ધિરાણની વસુલાત થયેથી નિગમને બેંકે વ્યાજ સહિત પરત કરવાની રહેશે.

૮) માર્જીન મની મેળવવા માટે બેંકે નિગમની ગાંધીનગર ખાતેની કચેરીમાં નિયમ નમુનાપત્રકમાં માહિતી મોકલવાની રહેશે.

૨:૧) <u>ટ્રક, મેટાડોર, ટેક્ષી, ટ્રેકટર, લકઝરીબસ અને પેટ્રોલ, ડીઝલ, કેરોસીન તથા ગેસ એજન્સી:</u>

અનુસૂચિત જાતિના લાયસન્સ ધરાવતા બેરોજગાર ડ્રાયવરો સરળ અને સસ્તા વ્યાજના દરથી રાષ્ટ્રિયકૃત બેંકો ધ્વારા ધિરાણ મેળવી ટ્રક, મેટાડોર, ટેક્ષી, ટ્રેકટર અને લકઝરીબસ મેળવી શકે અને સ્વરોજગારીને પ્રોત્સાહન મળે તેમજ પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને ગેસ એજન્સીના ધંધામાં અનુસૂચિત જાતિના લોકો માટે રાખવામાં આવતી અનામત સંખ્યાના પ્રમાણમાં પુરતા પ્રમાણમાં અનુસૂચિત જાતિના લોકો લાભ મેળવી શકે તેવા મૂળભૂત હેતુથી રાષ્ટ્રિયકૃત બેંકો ધ્વારા આ પ્રકારના

...૨૮..

વાહન ખરીદી અને એજન્સીના ધંધા માટે આપવામાં આવેલ ધિરાણની રકમ સામે ૨૦ ટકા માર્જીનમની ડીપોઝીટની રકમ બેંકને નિગમના તરફેણમાં થાપણ તરીકે આપવા નિયામક મંડળની બેઠકમાં ઠરાવ પસાર કરવામાં આવેલ છે.

૨:૨) ગુજરાત નાણાકીય નિગમની 'અપના ઉદ્યોગ' યોજનાને માર્જીનમની યોજના સાથે સાંકળવા બાબત :

ગુજરાત નાણાકીય નિગમ ધ્વારાગુજરાત ઔધોગિક વિકાસમાં અનુસૂચિત જાતિના સાહસિકોનો પૂરતો ફાળો મળી, રહે તેવા શુભ આશયથી 'અપના ઉદ્યોગ' યોજના હેઠળ વધુમાં વધુ રૂા.ત્રણ લાખ સુધીની લોન આપવામાં આવે છે. ગુજરાત નાણાકીય નિગમ સરળતાથી અનુસૂચિત જાતિના સાહસિકોને પુરતા પ્રમાણમા ઔધોગિક એકમો માટે ધિરાણ આપવા પ્રેરાય તેવા શુભ આશયથી નિગમ ધ્વારા અનુસૂચિત જાતિના સાહસિકોને આપવામાં આવેલ રૂા.ત્રણ લાખ સુધીની લોનની રકમ સામે ૨૦ ટકા માર્જીનની ડીપોઝીટ નિગમની તરફેણમાં થાપણ તરીકે નાણાકીય નિગમને આપવા નિયામક મંડળની બેઠકમા ઠરાવ પસાર કરવામાં આવેલ છે.

(૩) સમાજ કલ્યાણ ખાતાની સબસીડી યોજના :

નિગમ તરફથી સમાજ કલ્યાણ ખાતાની સબસીડી યોજનાનો પણ અમલ કરવામાં આવે છે. આ યોજના હેઠળ ઉદ્યોગ તથા વેપાર માટે પ્રત્યેક લાભાર્થીને રૂા. ૭૫૦/- સુધીની મર્યાદામાં સબસીડી ચુકવવામાં આવે છે. બેંકો તરફથી થયેલ ધિરાણની રકમ સામે વર્ષાવાર સબસીડીની જે રકમ રાષ્ટ્રીયકૃત બેંકોને લાભાર્થીઓના ખાતામાં જમા આપવામાં આવે છે.

(૪) વાસ કામદારોને સબસીડી આપવાની યોજના :

અનુસૂચિત જાતિના વાંસ કામદારોને સબસીડી યોજના હેઠળ વાંસકામ સહકારી મંડળીના અથવા માન્ય સંસ્થાના સભ્ય હોય તેવા ભંગી વાસ કામદારોને વાંસ દીઠ રૂા.~~xx~~ ૧.૨૩ લેખે ૨૦૦ વાંસની મર્યાદા સુધીમાં નિગમ તરફથી સબસીડી ચુકવવામાં આવે છે અને ૧૯૮૨-૮૩

સુધી આ યોજના માત્ર ભંગી કારીગરભાઈઓ પૂરતીજ મર્યાદિત હતી પરંતુ ૧૯૮૩-૮૪ ના વર્ષથી અનુસૂચિત જાતિના તમામ વાસ કામદારોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

(૫) ઓટોરીક્ષા યોજના :

અનુસૂચિત જાતિના બેરોજગાર લાયસન્સ ધરાવતા ડ્રાઈવરો સરળ અને સસ્તા વ્યાજના દરથી બેંક ધ્વારા ધિરાણ મેળવી રીક્ષા મેળવી શકે અને સ્વરોજગારીને પ્રોત્સાહન મળે તેવો આ યોજનાનો મૂળભૂત હેતુ છે.

લાભ કોણ લઈ શકે :

અનુસૂચિત જાતિના બેરોજગાર વ્યકિત કે જે -

૧) લાયસન્સ ધરાવતા હોય,

૨) ભાડેથી રીક્ષા ફેરવવા પરમીટ ધરાવતા હોય.

૩) અધિકૃત વિક્રેતા પાસેથી રીક્ષા ખરીદવા માટે વ્યવસ્થા કરી હોય અને

૪) જે ઈસમની તમામ સાધનોમાંથી કુટુંબની વાર્ષિક આવક રૂા. ૪,૩૦૦ અને રૂા.૩,૫૦૦થી શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં અનુક્રમે વધુ ન હોય તેવી વ્યકિતઓને આ યોજનાનો લાભ પ્રાપ્ત થશે.

આ યોજના હેઠળ ઉપરોકત લાયકાત ધરાવતા અનુસૂચિત જાતિના ઈસમોને રાષ્ટ્રીયકૃત બેંક ધ્વારા ઓટોરીક્ષા ખરીદી માટે ધિરાણ કરવામાં આવે તો તેવી રાષ્ટ્રીયકૃત બેંકને ધિરાણની રકમના ૨૫ ટકા સુધીની રકમ નિગમ તરફથી માર્જીન મની ડીપોઝીટ તરીકે ચુકવવામાં આવે છે.

(૬) માર્જીન મની ફલોરીંગ ફંડ :-

રાષ્ટ્રીયકૃત બેંકો ધ્વારા નિગમની ભલામણથી અનુસૂચિત જાતિના લાભાર્થીઓને વિવિધ આર્થિક પ્રવૃતિ માટે લોન આપવાની યોજના છે. બેંકના ધિરાણ સામે નિગમ તરફથી ધિરાણના ૨૫ ટકા સુધીની રકમ

માર્જીનમની ડીપોઝીટ તરીકે આપવામાં આવે છે જે લાભાર્થીના ધિરાણના કિસ્સાઓમા બેંક તરફથી માર્જીનમની ડીપોઝીટની રકમ મેળવવામા આવી હશે, તેવા લાભાર્થીઓ બેંકની લોન પરત ભરપાઈ કરવા માટે નિષ્ફળ નીવડે અને બેંક તરફથી નોન રીકવરી સર્ટીફીકેટ એટલે કે અશકય વસુલાતનું પ્રમાણપત્ર સાથે દરખાસ્ત રજુ કરવામા આવશે તો તેવા કિસ્સાઓમા બેંકને જે ધાલખાધ ઉપસ્થિત થશે તેવી ધાલખાધ (બેડડેટ) ના ૨૫ ટકા સુધીની ખોટ નિગમ તરફથી ભરપાઈ કરી આપવામા આવશે.

(૭) <u>વેચાણહાટ યોજના :</u>

નિગમના અનુસૂચિત જાતિના લાભાર્થીઓના નાના અને કુટિર ઉધોગની ઉત્પન્ન ચીજવસ્તુના વેચાણ માટે પુરતા પ્રમાણમાં વેચાણ વ્યવસ્થા ઊભી કરવા નિગમ ધ્વારા રાજયમા અને રાજય બહારના મોટા શહેરોમા વેચાણહાટ ખોલવાની યોજના અંગે વિચારાઈ રહયુ હતું.

(૮) <u>અનુસૂચિત જાતિની સહકારી મંડળીઓને નાણાંકીય સવલતો આપવાની યોજના :</u>

૮:૧) <u>શેરલોન :</u> સહકારી મંડળીઓને આપવામા આવતી કેટલીક વિશેષ યોજનાઓમા મહત્વની યોજના શેરલોનની છે. આ યોજનાનો નવી રચાયેલી તેમજ સ્થગીત મંડળીઓની ઉન્નતી કરી તેવી મંડળીઓ આર્થિક રીતે ઉત્પાદન કરજ મેળવવા સક્ષામ થાય તેવો આશય રહીત હેતુ છે. આ યોજનામા ઔધોગિક સહકારી મંડળીના સભ્યોને આર્થિક પ્રવૃતિ હાથ ધરવાના હેતુથી સભ્ય દીઠ રુા.૧૦૦ લેખે શેરલોન આપવામા આવે છે. પરંતુ મંડળી દીઠ ૧૦,૦૦૦ની મહત્તમ મર્યાદા ઠરાવવામા આવી છે. ઉપરાંત આયોજના હેઠળ, શેરલોન ધિરાણ વ્યાજ મુકત ૨ વર્ષની સમયમર્યાદામાં પરત ભરપાઈ કરવાની શરતે ધિરાણ કરવામા આવે છે.

૮:૨) <u>કાર્યપૂંજી લોન :</u> નિગમ તરફથી ઔધોગિક સહકારી મંડળીઓને ચાર ટકાના વ્યાજના દરથી એક વર્ષમા પરત ભરપાઈ કરી આપવાની શરતે કાર્યપૂંજી લોન આપવામા આવે છે. તે માટે નીચે દર્શાવેલી

સિધ્ધાંતોને ધ્યાનમાં રાખવામા આવે છે.

(અ) સહકારી મંડળીની ફાજલ કરજ શકિતને અનુલક્ષીને.

(બ) સહકારી મંડળીના ઉત્પાદન કાર્યક્રમની અર્થક્ષમતા પરત્વે ચોકસાઈ કરીને.

(ક) સહકારી મંડળીના ઉત્પાદન કાર્યક્રમમાં રોકાયેલ સભ્ય સંખ્યા અને સભ્ય દીઠ જરુરી કાર્યપૂંજીની રકમને અનુલક્ષીને.

(ડ) મંડળીના છેલ્લા ત્રણ વર્ષના ઉત્પાદન કાર્યક્રમના સરેરાશ ધોરણ અનુસાર.

૮:૩) અનુસૂચિત જાતિની મજુર બાંધકામ મંડળીને નાણાકીય સવલત આપવાની યોજના :

(અ) અનુસૂચિત જાતિની બાંધકામ સહકારી મંડળીના સભ્યોને સભ્ય દીઠ રૂા.૯૦ લેખે વ્યાજ મુકત અને બે વર્ષમાં પરત ભરપાઈ કરવાની શરતે શેરલોન આપવામાં આવે છે.

(બ) જયારે આ પ્રકારની મંડળીઓને બાંધકામના કામની અંદાજી રકમના ૩૦ ટકા અથવા રૂા.૩૦,૦૦૦ સુધીની મર્યાદામાં ચાર ટકાના વ્યાજથી એક વર્ષમાં પરત ભરપાઈ કરી આપવાની શરતે કાર્યપૂંજી લોન આપવામા આવે છે.

૮:૪) પિયત મંડળીઓને સહાય :

અનુસૂચિત જાતિના ઉમેદવારને પિયત સહકારી મંડળીમાં સભ્યપદ પ્રાપ્ત કરવા રૂા.૧૦૦/- શેર ખરીદ કરવા માટે સરકારશ્રી તરફથી રૂા.૫૦/- અને વ્યાજ મુકત લોન, બાકીના ૫૦ ટકા રકમ એટલે કે રૂા.૫૦/- નાણાંકીય સંસ્થાઓ મારફત લોન મેળવી આપવામાં આવશે, નાણાંકીય સંસ્થાઓ મારફત લોનના વ્યાજ સામે ૫ ટકાના દર સુધીની વ્યાજ સ રાહત (સબસીડી) સરકારશ્રી તરફથી ચુકવવામાં આવશે નિગમ તરફથી આ પ્રકારની લોન ૪ ટકાના વ્યાજના દરથી ત્રણ વર્ષમાં બે વાર્ષિક હપ્તાથી પરત ભરપાઈ કરવાની શરતે જેતે મંડળીની બાંહેધરીથી જે તે અનુસૂચિતજાતિની વ્યકિતે લોન મળી શકશે.

...૩૨.

(૮:૫) મધ્યમમુદત લોન યોજના :

નિગમ ધ્વારા અનુસૂચિત જાતિની ઔધોગિક સહકારી મંડળીઓને જમીન બાંધકામ, યંત્ર-સામગ્રી ખરીદી, ઓજાર ખરીદી વિગેરે હેતુઓ માટે સરકારશ્રી તરફથી સહાયને પાત્ર હોય તેવા કિસ્સાઓમાં લોન આપવાની યોજના દાખલ કરવામાં આવી છે.

# પ્રકરણ : ૩

## અભ્યાસમાં આવરેલ લાભાર્થી કુટુંબોનું સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સ્થિતિવત વર્ગીકરણ

## પ્રકરણ : ૩

મૂલ્યાંકન અભ્યાસ ત્યારેજ પરિપૂર્ણ હેતુ સંપાદન કરે જ્યારે જે તે યોજના
અમલીકરણ એકમ, લાભાર્થી સૌને ''                                   ''
થી જોયું હોય. સમગ્ર અભ્યાસમાં યોજના, અમલીકરણ એકમને તો 'સર્વપક્ષિય અભિગમ' થી જોવાનો પ્રયત્ન કર્યો છે. અહીયા પ્રસ્તુત અભ્યાસમાં આવરી લેવાયેલા લાભાર્થી કુટુંબોને સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને આરોગ્ય દ્રષ્ટિએ કેવી સ્થિતી જાણવી જરુરી હોઈ તે અંગેની વિગતો મેળવી છે.

જેના આધારે આર્થિક તેમજ સામાજિક રીતે નબળા અનુસૂચિત જાતિના લોકોની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતી ઉપર કેવી અસર પડી છે તે જાણી શકાય અને તેને આધારે ભવિષ્યના કાર્યક્રમનુ આયોજન થઈ શકે. તથા અગાઉનું આયોજન ફળીભૂત થયું છે કે નહી તેનો પણ તાગ આવી શકે.

### ૩:૧:૧. તાલુકા અને ગામવાર લાભાર્થીની પસંદગી :

પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસ એ ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા ૧૯૮૩-૮૪માં મહેસાણા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળના ગામોમાં થયેલી કામગીરીનો ધ્યાને રાખી કરવામાં આવ્યો છે. અભ્યાસ માટે નમુના પસંદગી કરતી વખતે એ ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો છે કે મહેસાણા જિલ્લાના દરેકે દરેક તાલુકાના ખાસ અંગભૂત યોજના હેઠળના ગામો લાભાર્થીઓનું આ અભ્યાસમાં પ્રતિનિધિત્વ રહે. કોઠા નં.૩:૧ માં મહેસાણા જિલ્લામાંથી કયા તાલુકામાંથી કયા ગામ અને કેટલા કુટુંબો પસંદ કરવામાં આવ્યા છે તે દર્શાવવામાં આવ્યુ છે.

...૩૪..

કોઠો ૩:૧

તાલુકાવાર અને ગામવાર પસંદ લાભાર્થી કરાયેલા કુટુંબોની સંખ્યા દર્શાવતો કોઠો.

| અનુ.નં. | તાલુકો | ગામ | પસંદ કરાયેલ કુટુંબોની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | મહેસાણા | મહેસાણા-કસબા | ૧૧ |
| ૨. | કલોલ | કલોલ | ૧૩ |
| ૩. | કડી | કડી | ૩ |
| ૪. | પાટણ | પાટણ | ૧૧ |
| | | મોતીસરા | ૪ |
| | | કિમ્બુવા | ૬ |
| ૫. | ચાણસ્મા | આકબા | ૭ |
| ૬. | હારીજ | હારીજ | ૩ |
| | | બોરતવાડા | ૪ |
| ૭. | સમી | શંખેશ્વર | ૨ |
| | | પંચાસર | ૧ |
| ૮. | સિધ્ધપુર | દાસજ | ૩ |
| ૯. | ખેરાલુ | વડનગર | ૮ |
| | | મહીયલ | ૧ |
| | | સાકરી | ૧ |
| ૧૦. | વિસનગર | ચિત્રોડા | ૫ |
| | | કાંસા | ૭ |
| ૧૧. | વિજાપુર | વિજાપુર | ૨ |
| | | માણસા | ૩ |
| | કુલ સંખ્યા | | ૯૫ |

કોઠા નં. ૩:૧ જોતા એ સ્પષ્ટ ખ્યાલ આવે છે કે મહેસાણા જિલ્લાના દરેક તાલુકામાંથી નમુના પસંદગી કરી સમતોલ નમુના પસંદગી કરવામાં આવી છે. તેમા કલોલ ૧૩ કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા. જયારે મહેસાણા-કસબા ના ૧૧ કુટુંબો તથા પાટણના ૧૧ કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા તે ઉપરાંત વડનગરના ૮, આકબાના ૭, કાંસાના-૭, કિમ્બુવાના-૬, ચિત્રોડાના-૫, મોતીસરા અને બોરતવાડાના-૪, હારીજ,દાસજ, માણસા અને કડીના -૩, વિજાપુર, સંખેશ્વરના-૨, પંચાસર, મહીયલ, સાકરીના એક એક કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા આમ કુલ ૯૫ કુટુંબોને મહેસાણા જિલ્લાના દરેક ગામમાંથી પસંદ કરવામાં આવ્યા હતા.

### ૩:૧:૨. તાલુકાવાર ગામવાર અને યોજનાવાર લાભાર્થી :

યોજનાવાર એટલેકે કઈ યોજનાના કેટલા લાભાર્થી કયા ગામમાંથી પસંદ કરવામાં આવ્યા હતા તેનું વિસ્તૃત આંકડાકીય રુપરેખા કોઠા નં.૩:૨ માં આપવામાં આવ્યું છે તેની સાથે સાથે ટકા પણ દર્શાવવામાં આવ્યા છે.

...૩૬..

## કોઠો ૩:૨

તાલુકાવાર, ગામવાર પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોનું ધંધા મુજબ વર્ગીકરણ દર્શાવતો કોઠો.

| અનુ. | તાલુકો | ગામ | ચર્મોદ્યોગ | કાપડફેરી | દૂધાળા પશુ | અન્ય કુટિર ઉદ્યોગ | કુલકુટુંબ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મહેસાણા | મહેસાણા (કસબા) | ૩ | ૬ | – | ૨ | ૧૧ (૧૧.૫૭) |
| ૨. | કલોલ | કલોલ | – | ૮ | – | ૫ | ૧૩ (૧૩.૬૮) |
| ૩. | કડી | કડી | – | ૨ | – | ૧ | ૩ (૩.૧૫) |
| ૪. | પાટણ | પાટણ | ૧૧ | – | – | – | ૧૧ (૧૧.૫૭) |
| | | મોતીસરા | – | – | – | ૪ | ૪ (૪.૨૧) |
| | | કિમ્બુવા | – | – | – | ૬ | ૬ (૬.૩૧) |
| ૫. | ચાણસ્મા | આકબા | ૨ | – | ૫ | – | ૭ (૭.૩૬) |
| ૬. | હારીજ | હારીજ | – | – | – | ૩ | ૩ (૩.૧૫) |
| | | બોરતવાડા | – | – | – | ૪ | ૪ (૪.૨૧) |
| ૭. | સમી | શંખેશ્વર | – | – | ૨ | – | ૨ (૨.૧૦) |
| | | પંચાસર | – | – | ૧ | – | ૧ (૧.૦૫) |
| ૮. | સિધ્ધપુર | દાસજ | – | – | ૩ | – | ૩ (૩.૧૫) |
| ૯. | ખેરાલુ | વડનગર | ૭ | ૧ | – | – | ૮ (૮.૪૨) |
| | | મહીયલ | – | – | ૧ | – | ૧ (૧.૦૫) |
| | | સાંકરી | – | – | ૧ | – | ૧ (૧.૦૫) |
| ૧૦. | વિસનગર | ચિત્રોડા | – | – | ૫ | – | ૫ (૫.૨૬) |
| | | કાંસા | – | ૧ | – | ૬ | ૭ (૭.૩૬) |
| ૧૧. | વિજાપુર | વિજાપુર | ૨ | – | – | – | ૨ (૨.૧૦) |
| | | માણસા | – | – | ૩ | – | ૩ (૩.૧૫) |
| | કુલ સંખ્યા | ટકા | ૨૫ (૨૬.૩૧) | ૧૮ (૧૮.૯૪) | ૨૧ (૨૨.૧૦) | ૩૧ (૩૨.૬૫) | ૯૫ (૧૦૦) |

આકડા મુજબ ૨૫ કુટુંબો એવા પસંદ કરવામાં આવ્યા હતા જેમણે ચર્મોધોગની યોજનાનો લાભ લીધો હતો. જ્યારે ૧૮ કુટુંબો એવા પસંદ કરાયા હતા જેમણે કાપડફેરી યોજનાનો લાભ લીધો હતો જ્યારે ૨૧ કુટુંબો દુધાળા પશુ યોજના અને ૩૧ કુટુંબો અન્ય કુટીર ઉદ્યોગનો લાભ લીધેલા પસંદ કર્યા હતા.

૩:૨:૧. લાભાર્થીઓનુ જાતિવાર વર્ગીકરણ :

મૂલ્યાંકન અભ્યાસ માટેના લાભાર્થીઓની પસંદગી વખતે અનુસુચિત જાતિઓમાંની મહેસાણામાં રહેતી તમામ જાતિઓ આવરવાનો સંકેત ખ્યાલ રાખવામાં આવ્યો હતો તેનો યોજનાવાર અને લાભાર્થીવાર આકડાકિય વિશ્લેષણ કોઠા નં.૩:૩ માં દર્શાવ્યુ છે.

કોઠો ૩:૩

પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોનું ધંધાવાર અને જાતિવાર વર્ગીકરણ દર્શાવતો કોઠો

| અનુ. નંબર | ધંધો | વણકર | ચમાર | ભંગી | ગરોડા | સેનવા | નાડીયા | સાધુ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચર્મોધોગ | ૩ | ૨૨ | - | - | - | - | - | ૨૫ |
| ૨. | કાપડફેરી | ૮ | ૬ | ૧ | ૨ | - | - | ૧ | ૧૮ |
| ૩. | દૂધાળા પુશુ | ૧ | ૧૧ | - | ૧ | ૪ | ૪ | - | ૨૧ |
| ૪. | અન્ય કુટિર ઉદ્યોગ | ૧૪ | ૬ | ૧૦ | ૧ | - | - | - | ૩૧ |
| | કુલ | ૨૬ | ૪૫ | ૧૧ | ૪ | ૪ | ૪ | ૧ | ૯૫ |
| | ટકા | (૨૭.૩૬) | (૪૭.૩૬) | (૧૧.૫૭) | (૪.૨૧) | (૪.૨૧) | (૪.૨૧) | (૧.૦૫) | (૧૦૦) |

કોઠામાં આપેલી વિગતને આપણે વિશેષારીતે જોઈએતો કુલ લાભાર્થીના ૪૭.૩૬ ટકા લાભાર્થી ચમાર જાતિના હતા, જ્યારે ૨૭.૩૬ ટકા લાભાર્થી વણકર જાતિના હતા તથા ૧૧.૫૭ ટકા લાભાર્થીઓ ભંગી જાતિના હતા. ગરોડા, સેનવા અને નાડીયા જાતિના દરેકના ૪.૨૧ ટકા લાભાર્થીઓ હતા જ્યારે ૧.૦૫ ટકા લાભાર્થી સાધુ જાતિના હતા.

### ૩:૨૬૨ લાભાર્થી કુટુંબીજનોનું જાતિવાર અને યોજનાવાર વર્ગીકરણ :

આગળ કોઠા નં. ૩૬૩ માં આપણે લાભાર્થીઓનું જાતિવાર અને યોજનાવાર સંખ્યા જોઈ હવે તેવીજ રીતે કોઠા નં.૩.૪માં પસંદ કરાયેલી લાભાર્થી કુટુંબના સભ્યોનું ધંધાવાર અને જાતિવાર વર્ગીકરણ દર્શાવવામાં આવ્યું છે.

કોઠો ૩:૪

પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોના સભ્યોનું ધંધાવાર અને જાતિવાર વર્ગીકરણ

| અનુ. નં. | ધંધા-જૂથ | વણકર | | ચમાર | | ભંગી | | ગરોડા | | સેનમા | | નાડીયા | | સાધુ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | ચર્મોદ્યોગ | ૩ | ૫ | ૭૨ | ૫૦ | - | - | - | - | - | - | - | - | - | - | ૭૫ | ૫૫ |
| ૨. | કાપડફેરી | ૨૩ | ૧૯ | ૨૬ | ૨૦ | ૪ | ૧ | ૧૦ | ૬ | - | - | - | - | ૨ | ૨ | ૬૫ | ૪૮ |
| ૩. | દૂધાળા પશુ | ૬ | ૨ | ૩૬ | ૩૫ | - | - | ૬ | ૫ | ૧૪ | ૮ | ૧૧ | ૧૦ | - | - | ૭૩ | ૬૦ |
| ૪. | અન્ય કુટિર ઉદ્યોગ | ૪૯ | ૩૧ | ૨૨ | ૧૧ | ૨૦ | ૨૦ | - | - | - | - | - | - | - | - | ૯૧ | ૬૨ |
| | કુલ | ૮૧ | ૫૭ | ૧૫૬ | ૧૧૬ | ૨૪ | ૨૧ | ૧૬ | ૧૧ | ૧૪ | ૮ | ૧૧ | ૧૦ | ૨ | ૨ | ૩૦૪ | ૨૨૫ |
| | ટકા | (૨૬.૬૪) | (૨૫.૩૩) | (૫૧.૩૧) | (૫૧.૫૫) | (૭.૮૩) | (૯.૩૩) | (૫.૨૬) | (૪.૮૮) | (૪.૬૦) | (૩.૫૫) | (૩.૬૧) | (૪.૪૪) | (૦.૬૫) | (૦.૬૫) | | |
| | | ૧૩૮ | | ૨૭૨ | | ૪૫ | | ૨૭ | | ૨૨ | | ૨૧ | | ૪ | | ૫૨૯ | |
| | ટકા | (૨૬.૧૦) | | (૫૧.૪૪) | | (૮.૫૦) | | (૫.૧૦) | | (૪.૧૫) | | (૩.૯૬) | | (૦.૭૫) | | (૧૦૦) | |

:: ૩૯ ::

કોઠા ન.૩:૪ મુજબ કુલ સ્ત્રી પુરુષમાં સૌથી વિશેષ ચમાર જાતિના ૫૧.૪૪ ટકા હતા જયારે વણકર ૨૬.૧૦ ટકા, ભંગી ૮.૫૦ ટકા, ગરોડા ૫.૧૦ ટકા, સેનમા ૪.૧૫,ટકા, નાડીયા ૩.૯૬ ટકા અને સાધુ ૦.૭૫ ટકાનુ પ્રમાણ નોંધાયું હતું.

જયારે ધંધાવાર જોઈએતો ચર્મોદ્યોગની યોજનાનોલાભ લીધેલ કુટુંબોમા ૭૫ પુરુષ અને ૫૫ સ્ત્રી તેવીજરીતે કાપડફેરીનો લાભ લીધેલ કુટુંબોમા ૬૫ પુરુષ અને ૪૮ સ્ત્રી,દુધાળાપશુ યોજનાનો લાભ લીધેલ કુટુંબોમા ૭૩ પુરુષ ૬૦ સ્ત્રી, અન્ય કુટીર ઉદ્યોગમા ૯૧ પુરુષ અને ૬૨ સ્તી નોંધાયા છે. જે કુલ મળી ૩૦૪ પુરુષ અને ૨૨૫ સ્ત્રી નોંધાયા હતા.

## ૩:૩. લાભાર્થી કુટુંબીજનોને ઉંમર પ્રમાણે વર્ગીકરણ :

અભ્યાસમા આવરેલા કુટુંબોના સભ્યો કઈ કઈ ઉંમરના છે તે જાણવુ જરુરી છે કારણ કે તેના ઉપર જેતે કુટુંબની આવક, ખર્ચ વગેરેનો આધાર રહેલો છે. પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસમા આવરેલા ૯૫ કુટુંબોના કુલ ૫૨૯ સભ્યો હતા જેમા ૩૦૪ પુરુષ અને ૨૨૫ સ્ત્રીઓ હતી. કોઠા નં. ૩:૪ મા પસંદ કરાયેલા લાભાર્થીકુટુંબોના સભ્યોનું યોજનાવાર ઉંમર પ્રમાણે વર્ગીકરણ કોઠા ન.૩:૫ મા બતાવવામા આવ્યું છે.

## કોઠો : ૩.૫

પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોના સભ્યોનું ઉંમર મુજબ વર્ગીકરણ દર્શાવતો કોઠો.

| અનુ. નંબર | ધંધા- જૂથ | ૦ થી ૫ વર્ષ કુમાર | ૦ થી ૫ વર્ષ કન્યા | ૬ થી ૧૪ વર્ષ કુમાર | ૬ થી ૧૪ વર્ષ કન્યા | ૧૫ થી ૨૫ વર્ષ પુરુષ | ૧૫ થી ૨૫ વર્ષ સ્ત્રી | ૨૬થી ૪૫ વર્ષ પુરુષ | ૨૬થી ૪૫ વર્ષ સ્ત્રી | ૪૬થી ૬૦ વર્ષ પુરુષ | ૪૬થી ૬૦ વર્ષ સ્ત્રી | ૬૧થી વધુ પુરુષ | ૬૧થી વધુ સ્ત્રી | કુલ પુરુષ | કુલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચર્મોદ્યોગ | ૯ | ૧૦ | ૧૪ | ૯ | ૧૭ | ૧૦ | ૨૬ | ૨૦ | ૯ | ૬ | - | - | ૭૫ | ૫૫ |
| ૨. | કાપડફેરી | ૬ | ૩ | ૧૫ | ૭ | ૨૩ | ૧૬ | ૧૫ | ૧૪ | ૬ | ૮ | - | - | ૬૫ | ૪૮ |
| ૩. | દૂધાળાપશુ | ૧૩ | ૬ | ૧૩ | ૧૭ | ૨૩ | ૧૫ | ૧૬ | ૧૩ | ૮ | ૯ | - | - | ૭૩ | ૬૦ |
| ૪. | અન્ય કુટિર ઉદ્યોગો | ૧૨ | ૮ | ૨૬ | ૧૩ | ૩૨ | ૧૫ | ૧૬ | ૧૮ | ૫ | ૮ | - | - | ૯૧ | ૬૨ |
| | કુલ | ૪૦ | ૨૭ | ૬૮ | ૪૬ | ૯૫ | ૫૬ | ૭૩ | ૬૫ | ૨૮ | ૩૧ | - | - | ૩૦૪ | ૨૨૫ |
| | ટકા | ~~(૧૨૪.૬૬)~~ ૬૭ (૧૨.૬૬) | | ૧૧૪ (૨૧.૫૫) | | ૧૫૧ (૨૮.૫૪) | | ૧૩૮ (૨૬.૦૮) | | ૫૯ (૧૧.૧૫) | | ૦૦ (૦.૦) | | (૧૦૦) | |

કોઠા નં.૩:૫ પ્રમાણે ૦ થી ૫ વર્ષ સુધીના ઉંમરના ૧૨.૬૬ ટકા હતા જ્યારે ૬ થી ૧૪ વર્ષની ઉંમરના કુમાર અને કન્યા મળીને ૨૧.૫૫ ટકા સભ્યો હતા તથા ૧૫ થી ૨૫ વર્ષના ૨૮.૫૪ ટકા સભ્યો હતા, ૨૬ થી ૪૫ વર્ષના ૨૬.૦૮ ટકા, ૪૬ થી ૬૦ વર્ષના ૧૧.૧૫ ટકા સભ્યો હતા. આમ સૌથી વિશેષ સભ્યો ૧૫ થી ૨૫ વર્ષની વયજુથના હતા જે સારી બાબત કહેવાય સાથે સાથે સૌથી ઓછા ૪૬ થી ૬૦ વર્ષની વયજુથના ૧૧.૧૫ ટકા સભ્યો હતા.

૩:૪. કુટુંબનું કદ :

અભ્યાસમા આવરેલ કુટુંબોનુ કુટુંબકદની વિગત કોઠા નં.૩:૬ મા આપવામા આવી છે.

કોઠા નં. ૩:૬

પસંદ કરેલા લાભાર્થીઓના કુટુંબનું કદ દર્શાવતો કોઠો.

| અ.નં. | વિગત | કુટુંબનું કદ | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | નાનુકુટુંબ | મધ્યમકુટુંબ ૪થી ૫ | મોટુંકુટુંબ ૬થી ૮ | ખુબજ મોટુંકુટુંબ ૯ થી ઉપર | |
| ૧. | ચર્મોદ્યોગ | ૭ | ૮ | ૭ | ૩ | ૨૫ |
| ૨. | કાપડફેરી | ૨ | ૭ | ૬ | ૩ | ૧૮ |
| ૩. | દુધાળાઢોર | ૩ | ૬ | ૭ | ૫ | ૨૧ |
| ૪. | અન્ય કુટિર ઉધોગ | ૬ | ૧૦ | ૧૪ | ૧ | ૩૧ |
| | કુલ | ૧૮ | ૩૧ | ૩૪ | ૧૨ | ૯૫ |
| | ટકા | (૧૮.૯૪) | (૩૨.૬૩) | (૩૫.૭૮) | (૧૨.૬૫) | (૧૦૦) |

કોઠાની વિગત જોતા નાનુકુટુંબ એટલે કે જે કુટુંબોમા ૧ થી૩ સભ્યો હોય તેવા ૧૮ કુટુંબો (૧૮.૯૪ટકા) હતા. જ્યારે ૩૧ કુટુંબો(૩૨.૬૩ટકા) મધ્યમકુટુંબો હતા જેમાં ૪ થી ૫ સભ્યો હતા.જ્યારે ૩૪ કુટુંબોનુ (૩૫.૭૮ટકા) કદ મોટા કુટુંબનું હતું. જેમા ૬થી૮ સભ્યો હતો જ્યારે જેમા ૬ થી ૮ સભ્યો હતા જ્યારે ખુબજ મોટું કુટુંબ એટલે કે જે કુટુંબોમા ૯ થી ઉપર સભ્યો છે તેવા ૧૨ (૧૨.૬૫ટકા) કુટુંબો હતા.

આમ અભ્યાસમાં આવરેલા ૯૫ કુટુંબમાથી ૬૮ ટકા જેટલા કુટુંબો મધ્યમ કુટુંબ અને મોટા કુટુંબનું જ કદ વાળા હતા જે એક ચિંતાજનક બાબત ગણાય.

### કોઠો ૩:૭

પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોના સભ્યોનો વૈવાહિક દરજ્જો દર્શાવતો કોઠો.

| અનુ.નં. | ધંધા-જૂથ | અપરિણિત | | પરિણીત | | છૂટાછેડા | | વિધુર | વિધવા | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | | | પુરુષ | સ્ત્રી |
| ૧. | ચર્મોદ્યોગ | ૩૭ | ૨૨ | ૩૫ | ૨૯ | ૧ | – | ૪ | ૨ | ૭૫ | ૫૫ |
| ૨. | કાપડફેરી | ૩૯ | ૧૮ | ૨૪ | ૨૪ | ૧ | ૧ | ૧ | ૫ | ૬૫ | ૪૮ |
| ૩. | દૂધાળા પશુ | ૪૫ | ૨૯ | ૨૭ | ૨૯ | – | – | ૨ | ૧ | ૭૩ | ૬૦ |
| ૪. | અન્ય કુટિર ઉદ્યોગો | ૬૦ | ૨૯ | ૨૮ | ૨૭ | ૨ | – | ૬ | ૧ | ૯૧ | ૬૨ |
| | કુલ | ૧૮૧ | ૯૮ | ૧૧૪ | ૧૦૭ | ૪ | ૧ | ૧૩ | ૯ | ૩૦૪ | ૨૨૫ |
| | ટકા | (૫૯.૫૩) | (૪૩.૫૫) | (૩૭.૫૦) | (૪૭.૫૫) | (૧.૩૧) | (૦.૪૪) | (૪.૨૭) | (૪.૦૦) | (૧૦૦) | (૧૦૦) |
| | | ૨૭૯ | | ૨૨૧ | | ૫ | | ૧૩ | ૯ | ૫૨૯ | |
| | ટકા | (૫૨.૮૪) | | (૪૧.૭૧) | | (૦.૯૪) | | (૨.૪૫) | (૧.૭૬) | (૧૦૦) | |

## ૩:૫. વૈવાહિક દરજ્જો :

આગળ આપેલા કોઠા નં. ૩:૭માં જોતા માલુમ પડે છે કે મૂલ્યાંકન અભ્યાસમા આવરી લેવામા આવેલા ૯૫ કુટુંબોમા ૩૦૪ પુરુષ અને ૨૨૫ સ્ત્રી મળી કુલ ૫૨૯ સભ્યો હતા જેમાથી ૫૯.૫૩ પુરુષો અને ૪૩.૫૫ ટકા સ્ત્રીઓ અપરિણિત હતા. જયારે ૩૭.૫૦ ટકા પુરુષો અને ૪૭.૫૫ ટકા સ્ત્રીઓ પરિણિત હતા. ૧.૩૧ ટકા પુરુષોએ છૂટાછેડા લીધા હતા જયારે ૦.૪૪ ટકા સ્ત્રીઓએ છૂટાછેડા લીધા હતા આપણે જો પુરુષ-સ્ત્રી સાથે કુલની દ્રષ્ટિએ જોઈએ તો ૫૨.૮૪ ટકા અપરિણિત, ૪૧.૭૧ ટકા પરિણિત ૦.૯૪ ટકા છૂટાછેડા લીધેલા તથા ૨.૭૫ ટકા વિધુર અને ૧.૭૬ ટકા વિધવા સભ્યો હતા.

સામાન્યત: અપરિણિતની સંખ્યા અન્ય પછાત સમાજોમા વિશેષ જોવા મળે છે જયારે અહિં ઉલટી પરિસ્થિતિ જોવા મળે છે. ૫૨.૮૪ ટકા અપરિણિત સભ્યો છે. તેનું જો કોઈ એક કારણ હોયતો તે શિક્ષણ છે. ગુજરાતના અન્ય જિલ્લાઓ કરતા મહેસાણા જિલ્લામા અનુસૂચિત જાતિમાં શિક્ષણનું પ્રમાણ વધુ એટલેકે અનુજાતિમાં સાક્ષરતાનુ પ્રમાણ ૪૫.૫૧ ટકા જેટલુ છે. તેની સીધી અસર મહેસાણા જિલ્લાના અનુસૂચિત જાતિના લોકોની સામાજિક આર્થિક વ્યવહારો ઉપર જોવા મળે છે. અહીં અપરિણિતોની ૫૦% ઉપરાત સભ્ય સંખ્યા તેનું પ્રતિબિંબ પાડે છે કે મહેસાણા જિલ્લામા અ.જા.મા બાળલગ્નો થતા નથી અથવાતો જવલેજ થાય છે.

તેની સાથે સાથે છૂટાછેડાનુ પ્રમાણ નહિવત નોંધાવા પામ્યુ છે તે પણ સામાજિક સંબંધો / વ્યવહારોની સંતુલતાનુ દર્શન કરાવે છે.

## ૩:૬:૧. શૈક્ષણિક સ્તર :

આપણેજો ભારતીય ગ્રામ્ય સમાજની જુદી જુદી સમસ્યાનુ વિશ્લેષણ કરીએ તો તેમાં નિરક્ષારતા તેને મહદ્ અંશે અસર કરતુ માલુમ પડશે. નિરક્ષાર હોવાને લીધે કોઈપણ સમાજના નાગરીક આધુનિક વિજ્ઞાન, ખેતી, કુટીરઉધોગનો તેમના વિકાસમા ઉપયોગ કરી શકે. અને નિરક્ષારતાને કારણેજ ગ્રામ્ય પછાત સમાજો કેટલાક

તંદુરસ્તીના સિધ્ધાતોથી અજાણ રહયા છે તેથી તેઓ અશકત અને માદગીના ઘર બનાવ્યા છે અને એ પણ હકીકત છે કે જયા લગી શિક્ષણની ઊણપ છે ત્યા સુધી આપણે સાચી લોકશાહીના લાક્ષણિકતાઓની અનુભૂતી નહી કરી શકીએ. In principles of Social Reconstruction, Bertrand Russell has written quite correctly, "In its modern form democracy is completly impossible in a country where many people are unlettered."

સામાન્ય રીતે ઉપર આપણે ભારતીય ગ્રામ્ય સમાજની જોઈએ છે. તેમા પણ કેટલીક એવી પછાત જાતિઓ જેવીકે હરિજન અને આદિવાસીઓ છે. તેઓને તો ઉપરોકત બાબતોની એટલેકે નિરક્ષારતાથી વધુને વધુ ગેરફાયદો થાય છે. ઘણું બધુઆ પછાત સમાજે અશિક્ષિતતાને લઈને ગુમાવ્યું છે અને હાલ ગુમાવે છે.

પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસ એ મહેસાણા જિલ્લામા થયેલો છે. મહેસાણા જિલ્લામા ૪૭.૪૩ ટકા સામાન્ય સાક્ષારતાનો દર જોવા મળ્યો છે. જયારે અનુસૂચિત જાતિમા તે ૪૫.૫૦ ટકા સાક્ષારતા નોંધવા પામી છે. પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસ મા આવરી લેવાયેલ કુટુંબોના સભ્યોનું શૈક્ષણિક સ્તરની વિગત કોઠા નં. ૩:૮ મા આપવામા આવી છે.

## કોઠો : ૩:૮

પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોના સભ્યોનું શૈક્ષણિક સ્તર દર્શાવતો કોઠો.

શિક્ષણ

| અ.નં. | ધંધાજુથ | અભણ | | પ્રાથમિક | | માધ્યમિક | | ઉચ્ચતર માધ્યમિક | | ઉચ્ચ શિક્ષણ | | તાંત્રિક | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | કુ | ક | કુ | ક | કુ | ક | કુ | ક | કુ | ક | કુ | ક |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧. | ચર્મોદ્યોગ | ૧૬ | ૩૭ | ૩૮ | ૧૩ | ૧૮ | ૩ | – | ૨ | ૩ | – | – | – | ૭૫ | ૫૫ |
| ૨. | કાપડફેરી | ૧૪ | ૨૨ | ૨૨ | ૧૪ | ૨૨ | ૮ | – | ૩ | ૬ | ૧ | ૧ | – | ૬૫ | ૪૮ |
| ૩. | દૂધાળાપશુ | ૨૫ | ૩૭ | ૨૮ | ૨૧ | ૧૭ | ૨ | ૧ | – | ૨ | – | – | – | ૭૩ | ૬૦ |
| ૪. | અન્યકુટિર ઉદ્યોગ | ૨૮ | ૪૦ | ૩૮ | ૧૭ | ૨૦ | ૫ | ૧ | – | ૪ | – | – | – | ૯૧ | ૬૨ |
| | કુલ | ૮૩ | ૧૩૬ | ૧૨૬ | ૬૫ | ૭૭ | ૧૮ | ૨ | ૫ | ૧૫ | ૧ | ૧ | – | ૩૦૪ | ૨૨૫ |
| | ટકા | (૨૭.૩૦) | (૬૦.૪૪) | (૪૧.૪૪) | (૨૮.૮૮) | (૨૫.૩૨) | (૮.૦૦) | (૦.૬૫) | (૨.૨૨) | (૪.૯૩) | (૦.૩૨) | (૦.૩૨) | | (૧૦૦) | |
| | | | ૨૧૯ (૪૧.૩૯) | | ૧૯૧ (૩૬.૧૦) | | ૯૫ (૧૭.૯૫) | | ૭ (૧.૩૨) | | ૧૬ (૩.૦૨) | | ૧ (૦.૧૮) | | |

કોઠાના આંકડા જોતા અભ્યાસમાં આવરીલેવાયેલ કુલ ૩૪૪ પુરુષ અને ૨૨૫ સ્ત્રી સભ્ય સંખ્યાના ૨૭.૩૦ ટકા પુરુષ અને ૬૦.૪૪ ટકા સ્ત્રી એટલેકે ૪૧.૩૯ ટકા અભણ છે. તેમાં શિક્ષણમાં આટલુ મોટું પ્રમાણ ખૂબજ ચિંતાજનક છે.

તેવી જ રીતે ૪૧.૪૪ પુરુષ અને ૨૮.૮૮ ટકા સ્ત્રી એમ મળી કુલ ૩૬.૧૦ ટકા કુલ પ્રાથમિક શિક્ષણ મેળવેલા સભ્યો હતા જયારે ૨૫.૩૨ ટકા પુરુષો અને ૮.૦૦ સ્ત્રીઓ મળી કુલ ૧૭.૯૫ ટકા માધ્યમિક શિક્ષણ લીધેલા હતા. ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં ૦.૬૫ ટકા પુરુષો અને ૨.૨૨ ટકા સ્ત્રીઓ કુલ ૧.૩૨ ટકા નોંધાયા હતા. જયારે ઉચ્ચ શિક્ષણ લીધેલ ૪.૯૩ ટકા પુરુષો અને ૦.૩૨ ટકા સ્ત્રીઓ કુલની દ્રષ્ટિએ જોઇએ તો ૩.૦૨ ટકા સભ્યો હતા. જયારે તાંત્રિક શિક્ષણ એકજ કુમારે મેળવ્યુ હતું જે કુલની દ્રષ્ટિએ ૦.૧૮ ટકા પ્રમાણ થાય છે.

આમ સમગ્ર આંકડા ઉપરથી એટલુ સ્પષ્ટ દેખાય છે કે સ્ત્રીઓમાં અશિક્ષિતતાનું પ્રમાણ વિશેષ છે.

પ્રાથમિક શિક્ષણ લીધેલ બહેનોનું પ્રમાણ સારું નોંધાયું છે. પરંતુ માધ્યમિકમાં બહેનોનું પ્રમાણ એકદમ ઘટી ગયેલુ માલુમ પડયું છે. તે નિવારાય તો સ્ત્રી શિક્ષણ વધવાથી સમાજ પરિવર્તન/સમાજ વિકાસ ખૂબજ સરળ બને.

ઉચ્ચ શિક્ષણ અને તાંત્રિક શિક્ષણ લીધેલ એક પણ સ્ત્રી નોંધાયેલ નથી.

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ લીધેલ અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબોમાં ૨ કુમાર હતા જયારે ૫ કન્યા નોંધાયી છે જે સારી બાબત છે.

### ૩:૬.૨ અધવચ્ચે શિક્ષણ છોડવું :

NCERT [redacted] દ્વારા હાથ ધરવામાં આવેલ શિક્ષણમાં સ્થગીતતા અને અપવ્યયનું પ્રમાણ અનુસૂચિત જાતિમાં ઉંચુ પ્રમાણ જોવા મળ્યું હતું. તે હકીકત છે. પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસમાં આવરી લીધેલા ૯૫ કુટુંબોમાં અધવચ્ચેથી શિક્ષણ છોડી દેતા બાળકોની સ્થિતિ કોઠા ન.૩:૯ માં આપવામાં આવી છે.

## કોઠો : ૩:૯

પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોના અવચ્ચેથી શિક્ષણ છોડી દેતા બાળકોની પરિસ્થિતિ દર્શાવતો કોઠો.

| અ.નં. | ધંધા-જૂથ | શિક્ષણ છોડી દેતા બાળકો ધો.૧-૭ | | ધો. ૮-૧૦ | | ધો.૧૧-૧૨ | | ઉચ્ચ શિક્ષણ | | શાળા છોડી દીધેલ કુલ બાળકો | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| ૧. | ચર્મોદ્યોગ | - | - | ૨ | - | - | - | - | - | ૨ | - |
| ૨. | કાપડફેરી | ૨ | - | ૩ | ૨ | - | - | - | - | ૫ | ૨ |
| ૩. | દૂધાળાપશુ | ૩ | ૨ | ૧ | - | - | - | - | - | ૪ | ૨ |
| ૪. | અન્ય કુટિર ઉદ્યોગ | ૩ | ૧ | ૨ | - | ૧ | - | - | - | ૬ | ૧ |
| | કુલ | ૮ | ૩ | ૮ | ૨ | ૧ | - | - | - | ૧૭ | ૫ |

કોઠા નં.૩:૯ નો અભ્યાસ કરતા માલુમ પડે છે કે ૧ થી ૭ સુધીના ધોરણમાં ૮ કુમાર અને ૩ કન્યાએ અભ્યાસ છોડી દીધો હતો જયારે ધોરણ ૮ થી ૧૦ મા ૮ કુમાર અને ૨ કન્યાએ અભ્યાસ છોડી દીધો હતો. ૧૧-૧૨માં ૧ કુમારે અભ્યાસ અધવચ્ચેથી છોડી દીધાનું નોંધાયું છે. આમ કુલ ૧૭ કુમાર અને ૫ કન્યાઓએ અધ-વચ્ચેથી અભ્યાસ છોડી દીધો હતો.

એકતો શાળાએ જતા બાળકોનું પ્રમાણ પણ ઓછું હોય અને તેમાં જો લ્પ કુટુંબમાં આટલી સંખ્યામાં અધવચ્ચેથી બાળકો અભ્યાસ છોડતા હોયતો તે અંગે તાકીદે બાળકો શાળામાં અભ્યાસમાં ચાલુ રહે તે માટેના પ્રોત્સાહન પુરુ પાડવું જોઈએ સાથે સાથે વાલીઓ પણ બાળકોના શિક્ષણ પ્રત્યે બેકાળજી ન સેવે તે માટે તેઓને પણ પ્રાથમિક શિક્ષણ અને સમજ આપવા માટે લોક શિક્ષણના નવાકાર્યક્રમનું આયોજન ઘડી કાઢવું જોઈએ.

## ૩:૭. રહેઠાણ :

તાજેતરમાં જ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ ધ્વારા ગુજરાતના ગામડાઓમાં હરિજન ફળિયાઓમાં પાયાની કઈ કઈ સુવિધા ઉપલબ્ધ છે તે અંગેનો ખૂબજ મહત્વનો સર્વેક્ષણ અભ્યાસ થયો છે. તેણે પૂરવાર કર્યું છે કે હાલપણ અનુસુચિત જાતિઓના વસવાટો કેટલીક પ્રાથમિક પાયાની સુવિધાઓથી પણ અલિપ્ત છે.

તેમાં મહેસાણા જિલ્લાના રહેઠાણ અંગે તારવાયેલા તારણ જોઈએ તો મહેસાણા જિલ્લાના કુલ ૨૮૮૫ વસ્તીવાળા ફળિયાઓમાથી ૧૪૬૫ ફળિયાઓમાં અનુસુચિત જાતિના લોકોને રહેવા માટે મકાન હતા જયારે ૧૪૨૦ જેટલા ફળિયા એવા હતા કે જયાં અ.જા. ના લોકોને રહેવા માટે પૂરતા મકાન નહતા.

મોટાભાગના એવા ઘરો હતા જેમા રસોડુ, બાથરુમ કે જાજરૂની સગવડ વિનાના કાચા (માટીના) દેશી નળીયાવાળા મકાનો હતા.

...૫૦..

કોઠો : ૩:૧૦

પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોના રહેઠાણની વિગતો દર્શાવતો કોઠો.

| ક્ર.નં. | ધંધા-જૂથ | મકાનનો પ્રકાર | | ઓરડાની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કાચું | પાકું | ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ચર્મોદ્યોગ | ૧૮ | ૭ | ૨૦ | ૫ | - | - |
| ૨. | કાપડફેરી | ૧૬ | ૨ | ૧૦ | ૭ | - | ૧ |
| ૩. | દૂધાળાં પશુ | ૨૧ | - | ૨૧ | - | - | - |
| ૪. | અન્ય કુટિર ઉદ્યોગો | ૧૯ | ૧૨ | ૧૮ | ૧૦ | ૨ | ૧ |
| | કુલ | ૭૪ | ૨૧ | ૬૯ | ૨૨ | ૨ | ૨ |
| | ટકા | (૭૭.૮૯) | (૨૨.૧૨) | | | | |

જ્યાં સુધી આ મૂલ્યાંકન અભ્યાસને લાગે વળગે છે ત્યાં સુધી અભ્યાસમાં આવરેલ ૯૫ કુટુંબના રહેઠાણ અંગેની વિગત કોઠા નં.૩:૧૦ માં દર્શાવી છે તે મુજબ ૭૭.૮૯ ટકા કુટુંબોના મકાન કાચા હતા જ્યારે ૨૨.૧૧ ટકા કુટુંબોના મકાન પાકા હતા. તેમાં ૬૯ મકાનો ફક્ત એક રુમવાળા હતા. ૨૨ મકાનો બે રુમ વાળા હતા જ્યારે ત્રણ રુમવાળા અને ચાર રુમવાળા બબ્બે મકાનો નોંધાયા હતા.

### ૩:૮. મુખ્ય અને ગૌણ વ્યવસાય :

સામાન્ય રીતે વ્યકિતની આર્થિક પરિસ્થિતિ તે વ્યવસાય કરે છે તેના ઉપર આધાર રાખે છે. ટૂંકમાં જે તે કુટુંબની આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ તેના વ્યવસાય ઉપરથી આવી શકે છે. પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ કુટુંબોના મુખ્ય અને ગૌણ વ્યવસાય શું હતો તે અંગેની વિગત કોઠા નં. ૩:૧૧ માં આપવામાં આવી છે.

કોઠો ૩:૧૧

ધંધાવાર લાભાર્થી કુટુંબોનો મુખ્ય અને ગૌણ ધંધો દર્શાવતો કોઠો.

| અ.નં. | ધંધા-જૂથ | મુખ્ય ધંધો: ખેતી | ખેતમજૂરી | છૂટક મજૂરી | નોકરી | વ્યાપાર | પશુપાલન | કુલ | ગૌણ ધંધો: ખેતમજૂરી | છૂટક મજૂરી | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચર્મોદ્યોગ | ૧ | - | ૨૦ | - | ૪ | - | ૨૫ | - | ૨૧ | - | ૨૧ |
| ૨. | કાપડફેરી | - | ૧ | ૪ | ૧૦ | ૩ | - | ૧૮ | ૩ | ૧૧ | ૫ | ૧૯ |
| ૩. | દૂધાળાપશુ | ૫ | ૧૧ | ૩ | ૧ | - | ૧ | ૨૧ | ૪ | ૪ | ૧૧ | ૧૯ |
| ૪. | અન્ય કુટિર ઉદ્યોગ | - | - | ૨૨ | ૬ | ૩ | - | ૩૧ | - | ૧૧ | ૫ | ૧૬ |
| | કુલ | ૬ | ૧૨ | ૪૯ | ૧૭ | ૧૦ | ૧ | ૯૫ | ૭ | ૪૭ | ૨૧ | ૭૫ |
| | ટકા | (૬.૩૧) | (૧૨.૬૩) | (૫૧.૫૭) | (૧૭.૮૯) | (૧૦.૫૨) | (૧.૦૫) | (૧૦૦) | (૯.૩૩) | (૬૨.૬૨) | (૨૮.૦૦) | (૧૦૦) |

છૂટક મજૂરી : મિસ્તી, અનાજ સફાઈ, વણાટકામ, અદૂણા બનાવવા, ઢોલ વગાડવા, બારદાન રીપેરીંગ, મોચીકામ, બુટપોલીસ, મીલમાં બદલી કામદાર, ફેકટરીમાં મજૂરી, પશુપાલન, ભીક્ષાવૃતિ

વ્યાપાર : કેરોસીન લારી, ફોટાફ્રેમીંગ, ઈલેકટ્રીક રીપેરીંગ, ચર્મવ્યાપાર, કાપડફેરી, કરિયાણુ.

કોઠા નં. ૩:૧૧ની કેટલીક મહત્વની વિગત જોઈએ તો અભ્યાસમાં આવરેલ કુલ ૯૫ કુટુંબમાંથી ૪૯ કુટુંબો (૫૧.૫૭ ટકા) તો મુખ્ય વ્યવસાયતો છૂટક મજુરી હતો. જ્યારે ૧૭.૮૯ ટકાનો નોકરી, ૧૨.૬૩ ટકા ખેતમજૂરી, ૧૦.૫૨ ટકાનો વ્યાપાર, ૬.૩૧ ટકાનો ખેતી અને ૧.૦૫ ટકાનો મુખ્ય વ્યવસાય પશુપાલનનો હતો.

જ્યારે ૬૨.૬૨ ટકા છૂટક મજુરી, ૨૮ ટકા અન્ય વ્યવસાય ૯.૩૩ ટકા ખેતમજુરી ગૌણ વ્યવસાય કરતા હતા.

અત્રે એક બે સ્પષ્ટતા કરવી આવશ્યક જણાય છે જેમકે છૂટક-મજુરી એટલે શું?

પ્રસ્તુત અભ્યાસમાંના મોટાભાગના લાભાર્થીઓ શહેરી વિસ્તારના અને તેઓ ગામડાઓમાંથી વ્યવસાય ધંધાની ખોજમાં શહેરોમાં આવી વસેલા છે. તેઓ ફેકટરી કે નાના મોટા કામધંધા કરી જીવન નિર્વાહ કરે છે. તેઓ જે વ્યવસાયમાં રોકાયેલા છે ત્યાં મુખ્યતા મજુરીનુંજ ક કામ કરતા હોય છે તે કાયમી હોતા નથી તે સૌને છૂટક મજુરીના વ્યવસાયમાં આવરી લેવાયા છે.

આવા જે જે વ્યવસાયોને છૂટક મજુરીમા આવરી લેવાયા છે તેની યાદી કોઠા નં. ૩:૧૧ નીચે આપવામા આવી છે.

બીજી સ્પષ્ટતાએ કરવાની કે વ્યાપારનુ એક કોલમ છે. તેમા આ કુટુંબો કોઈ મોટા પાયા ઉપરનો વ્યાપાર કરતા નથી પરંતુ નાના નાના સ્વયં રોજગારીના વ્યવસાય કરે છે તેની યાદી પણ કોઠા નં. ૩:૧૧ નીચે આપવામાં આવી છે.

### ૩:૯:૧. આર્થિક દરજ્જો : (કમાનાર, કમાનાર આધારીત અને નહીકમાનાર ધંધાવાર) :

અભ્યાસમા આવરવામાં આવેલા કુટુંબોની આર્થિક સ્થિતિનો વધુ સચોટ ખ્યાલ મેળવવા માટે તેમના કુટુંબમા કેટલા સભ્યો કમાય છે, કેટલા કમાનાર ઉપર આધારીત છે અને કેટલા કમાતા નથી એવી માહિતી પણ એકઠી કરવામાં આવી હતી આ માહિતી કોઠા નં.૩:૧૨ માં આપવામા આવી છે.

કોઠો ૩:૧૨

પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોના સભ્યોનુ આર્થિક દરજ્જા મુજબ વર્ગીકરણ

| અ.નં. | ધંધા-જૂથ | કમાનાર પુરુષ | કમાનાર સ્ત્રી | કમાનાર આધારિત પુરુષ | કમાનાર આધારિત સ્ત્રી | નહીં કમાનાર પુરુષ | નહીં કમાનાર સ્ત્રી | કુલ પુરુષ | કુલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચર્મોદ્યોગ | ૨૮ | ૬ | ૨૪ | ૨૧ | ૨૩ | ૨૮ | ૭૫ | ૫૫ |
| ૨. | કાપડફેરી | ૨૫ | ૯ | ૧ | ૩ | ૩૯ | ૩૬ | ૬૫ | ૪૮ |
| ૩. | દૂધાળા પશુ | ૩૧ | ૯ | ૧ | ૧૫ | ૪૧ | ૩૬ | ૭૩ | ૬૦ |
| ૪. | અન્ય કુટિર ઉદ્યોગો | ૪૦ | ૧૯ | - | ૪ | ૫૧ | ૩૯ | ૯૧ | ૬૨ |
| | કુલ | ૧૨૪ | ૪૩ | ૨૬ | ૪૩ | ૧૫૪ | ૧૩૯ | ૩૦૪ | ૨૨૫ |
| | ટકા | (૪૦.૭૮) | (૧૯.૧૧) | (૮.૫૫) | (૧૯.૧૧) | (૫૦.૬૫) | (૬૧.૭૭) | (૧૦૦) | (૧૦૦) |
| | | ૧૬૭ (૩૧.૫૬) | | ૬૯ (૧૩.૦૪) | | ૨૯૩ (૫૫.૩૮) | | ૫૨૯ (૧૦૦.૦૦) | |

નોંધ : કમાનાર આધારીતમાં જે કાયમી કમાતા નથી તેવા સભ્યોની ગણતરી કરવામાં આવી છે.

અભ્યાસ માટે પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોના સભ્યોનું આર્થિક દરજ્જાવાર વર્ગીકરણ આપેલા કોઠા મુજબ ખુબજ ચિંતાજનક આંકડાએ આવ્યો છે કે ૫૫.૩૮ ટકા લાભાર્થી કુટુંબોના સભ્યો તો બીલકુલ કમાતાજ નહોતા એટલે કે આટલા બધા સભ્યોની જવાબદારી ૩૧.૫૬ ટકા જે કમાનાર સભ્યો છે તે ઉઠાવે છે. ૧૩.૦૪ ટકા કમાનાર આધારીત કુટુંબસભ્યો નોંધાયા છે.

૩:૯:૨. આર્થિક દરજ્જો : (જાતિવાર)

આગળના કોઠામાં ધંધાવાર આર્થિક દરજ્જો દર્શાવવામાં આવ્યો છે અહિં કોઠા નં. ૩:૧૩ માં અભ્યાસમાં આવરેલ કુટુંબ સભ્યોનો જાતિવાર આર્થિક દરજ્જો દર્શાવ્યો છે.

કોઠો ૩:૧૩

પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોના સભ્યોનુ જાતિવાર અને આર્થિક દરજ્જાવાર વર્ગીકરણ દર્શાવતો કોઠો.

| અનુ. નં. | જાતિ | કમાનાર | | કમાનાર આધારિત | | નહીંકમાનાર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | વણકર | ૩૪ | ૧૩ | – | ૯ | ૪૭ | ૩૫ | ૮૧ | ૫૭ |
| ૨. | ચમાર | ૬૨ | ૧૪ | ૨૪ | ૨૫ | ૭૦ | ૭૭ | ૧૫૬ | ૧૧૬ |
| ૩. | ભંગી | ૧૧ | ૯ | – | – | ૧૩ | ૧૨ | ૨૪ | ૨૧ |
| ૪. | ગરોડા | ૬ | ૩ | – | – | ૧૦ | ૮ | ૧૬ | ૧૧ |
| ૫. | સેનમા | ૭ | ૧ | – | ૬ | ૭ | ૧ | ૧૪ | ૮ |
| ૬. | નાડીયા | ૫ | ૪ | ૧ | ૨ | ૫ | ૪ | ૧૧ | ૧૦ |
| ૭. | સાધુ | – | ૧ | – | – | ૨ | ૧ | ૨ | ૨ |
| | કુલ | ૧૨૫ | ૪૫ | ૨૫ | ૪૨ | ૧૫૪ | ૧૩૮ | ૩૦૪ | ૨૨૫ |
| | ટકા | (૪૧.૧૧) | (૨૦.૦૦) | (૮.૨૨) | (૧૮.૬૨) | (૫૦.૬૫) | (૬૧.૩૩) | (૧૦૦) | (૧૦૦) |
| | | ૧૭૦ | | ૬૭ | | ૨૯૨ | | ૫૨૯ | |
| | | (૩૨.૧૩) | | (૧૨.૬૬) | | (૫૫.૧૯) | | (૧૦૦.૦૦) | |

નોંધ : કમાનાર આધારીતમાં જે કાયમી કમાતા નથી તેવા સભ્યોની ગણતરી કરવામાં આવી છે.

કોઠા પર જોતા માલુમ પડે છે કે વણકર કુટુંબોના કુલ ૮૧ પુરુષ અને ૫૭ સ્ત્રી સભ્યોમાથી ૩૪ પુરુષ અને ૧૩ સ્ત્રી કમાનાર હતા જયારે ૯ સ્ત્રી કમાનાર આધારીત અને ૪૭ પુરુષ અને ૩૫ સ્ત્રી નહીકમાનાર હતા.

ચમાર કુટુંબોના કુલ ૧૫૬ પુરુષો અને ૧૧૬ સ્ત્રી સભ્યો હતા તેમાથી ૬૨ પુરુષો અને ૧૪ સ્ત્રી સભ્યો કમાનાર હતા જોકે પુરુષોની સરખામણીમા સ્ત્રી સભ્યો ઓછા કમાનાર હતા જયારે કમાનાર આધારીતમા ૨૪ પુરુષો અને ૨૫ સ્ત્રી અને નહીકમાનારમા ૭૦ પુરુષો જે ખુબજ મોટા આંકડો ગણાવી શકાય અને ૭૭ સ્ત્રી સભ્યો હતી.

ભંગી કુટુંબોમા કુલ ૨૪ પુરુષો અને ૨૧ સ્ત્રી સભ્યોની સામે ૧૧ પુરુષો અને ૯ સ્ત્રીઓ કમાનાર અને ૧૩ પુરુષો અને ૧૨ સ્ત્રીઓ નહી કમાનાર હતા.

ગરોડા કુટુંબોમા કુલ ૧૬ પુરુષો અને ૧૧ સ્ત્રી સભ્યોમા ૬ પુરુષો અને ૩ સ્ત્રીઓ કમાનાર હતા જયારે ૧૦ પુરુષો અને ૮ સ્ત્રી સભ્યો નહીકમાનાર હતા.

સેનમા કુટુંબોમા કુલ ૧૪ પુરુષો અને ૮ સ્ત્રી સભ્યો હતા તેમાથી ૭ પુરુષો અને ૧ સ્ત્રી સભ્ય કમાનાર હતા જયારે ૬ સ્ત્રી કમાનાર આધારીત અને ૭ પુરુષ અને ૧ સ્ત્રી નહીકમાનાર હતા.

નાડીયા કુટુંબોમા ૧૧ પુરુષો અને ૧૦ સ્ત્રી સભ્યો હતા જેમાના ૫ પુરુષો અને ૪ સ્ત્રી સભ્યો કમાનાર ૧ પુરુષ અને ૨ સ્ત્રી કમાનાર આધારીત જયારે ૫ પુરુષ અને ૪ સ્ત્રી નહી કમાનાર સભ્યો હતા.

સાધુ કુટુંબમા કુલ ૨ પુરુષ અને ૨ સ્ત્રી સભ્યો હતા જેમા કમાનાર ફકત ૧ સ્ત્રી સભ્ય હતા જયારે ૨ પુરુષ અને ૧ સ્ત્રી સભ્ય નહી કમાનાર હતા.

ટૂંકમા નહી કમાનાર સભ્યોની સંખ્યા વિશેષ ચમાર કુટુંબોમા જોવા મળી હતી.

...૫૬..

૩:૧૦. પશુધન :

જો કે આ અભ્યાસમાં આવરવામાં આવેલા લાભાર્થીઓ મહદ અંશે શહેરોમા રહેતા હતા. જાણીબુઝી આ રીતની નમુના પસંદગી કરવામા આવી નથી પરંતુ ૧૯૮૩-૮૪ના વર્ષામા ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમે ધ્વારા મહદ અંશે શહેરોમાજ થયેલી છે.

એ પણ હકિકત છે કે શહેરોમાં વસતા અનુસૂચિત જાતિના લોકો રોજગારી ધંધા માટે આવ્યા હોઈ રહેવા પણ પૂરતું મકાન ન હોય ત્યાં પશુને કેવી રીતે રાખે તથા શહેરમાં ઢોરને પૂરતો ઘાસચારો પણ કયાંથી લાવે વગેરે ઘણા પ્રશ્નો વચ્ચે શહેરોમા વસતા અ.જા.નો લોકો પશુપાલન કરી શકે નહી અને કરતા પણ નથી.

જે કાંઈ પશુધન પ્રસ્તુત સંશોધનમાં નોંધાવ્યુ છે તે ગ્રામ્ય વિસ્તારના કેટલાક આવરાયેલા કુટુંબોનુ છે. ગ્રામ્ય વિસ્તારના કુટુંબો આ અભ્યાસમાં ઓછું પ્રમાણ હોવાથી અને અ.જા.ના ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો હોવાથી તેમની પાસેથી પશુની અપેક્ષા પણ કેટલી રાખી શકાય?

કોઠા નં. ૩:૧૪ મા પશુધન અંગેની વિગત દર્શાવવામા આવી છે.

કોઠો : ૩.૧૪

ધંધા-જૂથ મુજબ પસદ કરાયેલા લાભાર્થી કુટુંબોમા પશુધનની સંખ્યા દર્શાવતો કોઠો

| અનુ.નં | ધંધા-જૂથ | ગાય | ભેંસ | પાડી | બળદ | બકરા ઘેટા | ઊંટ | મરઘા બતકા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચર્મોદ્યોગ | - | - | - | - | - | - | - | - | - |
| ૨. | કાપડફેરી | - | - | - | - | - | - | - | - | - |
| ૩. | દુધાળાઢોર | - | ૧૮ | ૧ | - | - | - | - | - | ૧૯ |
| ૪. | અન્ય કુટિર ઉદ્યોગો | - | - | - | - | - | - | - | - | - |
| | કુલ | - | ૧૮ | ૧ | - | - | - | - | - | ૧૯ |

કોઠામાં દર્શાવેલ વિગતો જોતા અભ્યાસમા આવરાયેલા કુલ ૯૫ કુટુંબોમાંથી ફકત ૧૯ પશુઓ છે તેમાં ૧૮ ભેંસ અને ૧ પાડીનો સમાવેશ થાય છે. એમા પણ નોધવા જેવુ છે કે માટા-ભાગની ભેસો જેમણે દુધાળા ઢોરની સહાય લીધેલી છે તેઓનીજ છે.

### ૩:૧૧. સ્વાસ્થય :

સમાજમાં સામાન્ય રીતે એવી માન્યતા છે કે ગામડું એટલે ત્યાં સ્વચ્છ હવાપાણી હોય એટલે આરોગ્ય સારુ રહે પરંતુ ગામડાઓના ગરીબોને હવાપાણી સ્વચ્છ મળે તેમ કહી શકીએ નહીં કારણ પાણીજ પુરંતું મળતું નથી અને મળે છે તે સ્વચ્છ છે કે નહીં? તે એક સવાલ છે. આ ઉપરાંત બે ટંક પૂરતુ પોષણક્ષમ આહાર પણ મળતો નથી અને શ્રમનું કામ કરવાનું હોવાથી તેઓમાં, મોટાભાગનાનું આરોગ્ય કથળેલું હોય છે તે ઉપરાંત આરોગ્ય સેવાઓનો પણ અભાવ હોવાથી તથા કેટલીક જુની રુઢીગત માન્યતા વગેરેને લઈ સારી સારવાર પણ તેમને ઉપલબ્ધ હોતી નથી. તેમાંય જેઓ આર્થિક અને સામાજિક રીતે પછાત અને તેમાંય જે કુટુંબો ગરીબી રેખા નીચે જીવે છે તેઓના આરોગ્ય અંગેની કલ્પના પણ ન આવે તેવી પરિસ્થિતિ આપણા દેશના ગામડામાં છે. ખેર સ્વતંત્રતા બાદ આપણા દેશમા સરકારે આવી સ્વાસ્થયને લગતી સગવડોનો વિસ્તાર વધાર્યો છે તેમ છતા તેમા પણ જે કર્મચારીઓ છે તેઓની જે સેવા આપવાની તરકીબો તથા કેટલીક ઊણપોને લઈ જોઈએ તેટલુ પરિણામ પૂર્વક કામ થવુ જોઈએ તે થયું નથી તે આપણે સૌએ સ્વીકારવું જોઈએ.

પ્રસ્તુત અભ્યાસમાં લાભાર્થી કુટુંબોના સભ્યો કયા કયા રોગોથી પીડાય છે તેમની સારવાર અને સહાય બાબતની વિગત એકત્ર કરી છે જે. કોઠા નં. ૩:૧૫મા આપવામા આવી છે.

કોઠો : ૩:૧૫

પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોમાં જુદા જુદા ગંભીર રોગોથી પીડાતા સભ્યો અને સારવારની વિગતો દર્શાવતો કોઠો.

| અ.નં. | ધંધા-જૂથ | જુદા જુદા રોગ: ક્ષય | લકવા | માનસિક રોગ | સ્વાસ/દમ | હાડકામાં | અપંગપણું | સારવાર લીધી | સારવાર નથી લીધી | સારવાર ચાલુ છે. | માદગી સહાયનો લાભ મળ્યો છે: હા | ના |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચર્મોદ્યોગ | ૩ | ૧ | ૧ | - | - | - | ૧ | ૧ | ૩ | ૩ | ૨ |
| ૨. | કાપડફેરી | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૩. | દૂધાળાઢોર | ૩ | - | - | - | - | - | ૩ | - | ૩ | ૨ | ૧ |
| ૪. | અન્યકુટિર ઉદ્યોગો | ૨ | - | - | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૩ | ૧ | ૪ |
| | કુલ | ૮ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ | ૨ | ૯ | ૬ | ૭ |

અભ્યાસમાં ફકત ૯૫ કુટુંબોજ પસંદ કરવામાં આવ્યા હતા. તેમાં કોઠા નં. ૩:૧૫ મુજબ ૮ સભ્યો ક્ષય રોગથી પીડાતા હતા જયારે ૧ લકવા, ૧ માનસિક રોગ, ૧ શ્વાસ/દમ, ૧ હાડકામાં પરુ અને ૧ અપંગ વ્યકિતનો સમાવેશ થતો હતો તેમાંથી ૫ વ્યકિતઓએ સારવાર લીધી છે. ૨ વ્યકિતઓએ સારવાર લીધી નથી જયારે ૯ વ્યકિતઓ સારવાર હેઠળ છે.

કુલ-૧૩ વ્યકિતઓ જુદા જુદા પ્રકારના રોગથી પીડાતા હતા તેમાંથી ૬ રોગીઓને માંદગી સહાયનો લાભ પ્રાપ્ત થયો છે. જયારે ૭ વ્યકિતઓને માંદગી અંગેની સહાયનો લાભ મળ્યો નથી.

અત્રે નોંધવું જોઈએ કે ૯૫ કુટુંબમાં જો ૮ વ્યકિતઓ ક્ષય રોગથી પીડાતા હોયતો તે બાબતને ગંભીર લેખવી જોઈએ. આ અંગે ખાસ કરીને મહેસાણા જિલ્લામાં શહેરોમાં રહેતા અ.જા. ના લોકોના સ્વાસ્થય અંગે ખાસ વિચારી જેતે તાલુકાના ક્ષાય નિવારણ કેન્દ્ર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને પટીત સૂચના થવી જોઈએ . શકય હોયતો આ વિસ્તારોમાં રહેતા લોકોનો સ્વાસ્થય અંગેનો સર્વે હાથ ધરી(મેડીકલ-ચેકઅપ ધ્વારા) તારણોને આધારે યોગ્ય પગલા હાથ ધરવા જોઈએ.

# પ્રકરણ : ૪

## યોજનાની અસર

૪:૧. મહેસાણા જિલ્લામાં અ.જા.આ. વિ. નિગમ દ્વારા અમલિકરણ કરેલ યોજનાઓની પ્રગતી.

૪:૨. -અભ્યાસમાં આવરેલા લાભાર્થીઓની વાર્ષિક આવકમાં થયેલો વધારો.

-વાર્ષિક આવક જુથમાં નોધાયેલા ફેરફારો યોજનાવાર.

-યોજનાવાર કેટલીક અગત્યની અવલોકન નોધ.

૪:૩. વાર્ષિક આવક અને સરેરાશ કુટુંબ દિઠ આવકમાં ફેરફાર.

૪:૪. સહાયથી મળેલ સાધન હાલ છે?

## પ્રકરણ : ૪

### ૪:૧. મહેસાણા જિલ્લામાં અ.જા.આ. વિ. નિગમ ધ્વારા અમલિકરણ કરેલ યોજનાઓની પ્રગતી.:

૪:૧:૧. કોઈપણ યોજનાની સફળતા અથવા નિષ્ફળતાનો તાગ તે યોજના કેટલી અસરકારક રહી છે તેને આધારે આવે છે. અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ને '' ખાસ અંગભૂત યોજના'' ના અમલિકરણ નું એક મહત્વનું અંગ તરીકે ૧૯૮૦-૮૫ માટેની અનુસૂચિતજાતિ આર્થિક વિકાસ માટેના ''વર્કિંગગ્રૂપ'' ના અહેવાલે દર્શાવ્યું છે.

૪:૧:૨. આગળ દર્શાવી ગયા તેમ પ્રસ્તુત અભ્યાસ ૧૯૮૩-૮૪ના વર્ષમાં થયેલી કામગીરીને આધારે કરવામાં આવ્યો છે. તેમાં મુખ્યત: ચર્મોદ્યોગ, કાપડફેરી, દુધાળા પશુ અને અન્ય કુટીર ઉદ્યોગ યોજનાઓને આવરી લેવામાં આવી છે.

૪:૧:૩. અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા ૧૯૮૩-૮૪ના વર્ષ દરમ્યાન મહેસાણા જિલ્લામાં થયેલ કામગીરીની આંકડાકિય માહિતી જિલ્લા મેનેજર, ગુજરાત અનુસૂચિતજાતિ આર્થિક વિકાસ નિગમ લી. ની મહેસાણા ખાતેની કચેરીમાંથી મેળવી હતી જે કોઠા નં.૪:૧, ૪:૨, ૪:૩, ૪:૪, માં દર્શાવવામાં આવી છે.

કોઠા નં. ૪:૧

૧૯૮૩-૮૪ દરમ્યાન ગુ.અ.જા.આ. વિ. નિગમ ધ્વારા યોજનાવાર આવરી લેવાયેલ મહેસાણા જિલ્લાના લાભાર્થીની વિગત

| અ.નં. | યોજનાનું (ધંધાનુ) નામ | લાભાર્થીની સંખ્યા | કોમ્પા | નોન કોમ્પો | કોમ્પો | નોન કોમ્પો |
|---|---|---|---|---|---|---|
| ૧. | દુધાળાઢોર | ૧૭૮ | ૧૦૮ (૬૦.૬૭) | ૮૦ (૩૯.૩૩)( | ૪.૧૭ | ૨.૭૧ |
| ૨. | ચર્મ ઉદ્યોગ | ૪૫૦ | ૨૬૭ (૫૯.૩૩) | ૧૮૩ (૪૦.૬૭) | ૧૦.૩૨ | ૭.૦૮ |
| ૩. | વણાટકામ | ૨૬૮ | ૧૮૩ (૬૮.૨૮) | ૮૫ (૩૧.૭૨) | ૭.૦૮ | ૩.૨૯ |
| ૪. | સિવણકામ | ૧૩૭ | ૧૦૬ (૭૭.૩૭) | ૩૧ (૨૨.૬૮) | ૪.૧૦ | ૧.૨૦ |
| ૫. | કાપડફેરી | ૬૪૬ | ૫૧૩ (૭૯.૪૧) | ૧૩૩ (૨૦.૫૯) | ૧૯.૮૩ | ૫.૧૫ |
| ૬. | બળદગાડા | ૩૩ | ૩ (૯.૦૯) | ૩૦ (૯૦.૯૧) | ૦.૧૨ | ૧.૧૬ |
| ૭. | ઊંટગાડા | ૫૫ | ૨૬ (૪૭.૨૭) | ૨૯ (૫૨.૭૩) | ૧.૦૧ | ૧.૧૨ |
| ૮. | વાંસકામ | ૧૫૦ | ૯૦ (૬૦.૦૦) | ૬૦ (૪૦.૦૦) | ૩.૪૮ | ૨.૩૨ |
| ૯. | અન્ય | ૬૭૦ | ૩૪૧ (૫૦.૮૯) | ૩૨૯ (૪૯.૧૧) | ૧૩.૧૯ | ૧૨.૭૨ |
| | | ૨૫૮૭ | ૧૬૩૭ (૬૩.૨૭) | ૯૫૦ (૩૬.૭૩) | ૬૩.૨૮ | ૩૬.૭૨ |

૪:૧:૪ કોઠા નં. ૪:૧ માં ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ દ્વારા ૧૯૮૩-૮૪ના વર્ષ દરમ્યાન મહેસાણા જિલ્લામાં યોજનાવાર આવરી લીધેલ લાભાર્થીઓની વિગત દર્શાવવામાં આવી છે. તે અનુસાર અન્ય યોજનાઓમાં સૌથી વિશેષ ૬૭૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો જેમાંથી ૩૪૧ લાભાર્થીઓ એવા હતા કે કોમ્પોનન્ટ ગામોના હતા. ટકાવરીમાં જોઈએ તો અન્યમાં ૧૩.૧૯ ટકા કામગીરી કોમ્પોનન્ટ (વિલેજમાં) અને ૧૨.૭૨ ટકા અન્ય (વિલેજના) લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો.

તેવી જ રીતે ચર્મોદ્યોગના કુલ ૪૫૦ લાભાર્થીઓને લાભ અપાયો હતો જેમાં ૩૬૭ લાભાર્થીઓ કોમ્પોનન્ટ ગામોના અને ૧૮૩ લાભાર્થીઓ અન્ય ગામોના હતા.

દુધાળાઢોરની વાત કરીએ તો તે યોજના હેઠળ ૧૭૮ લાભાર્થીને મહેસાણા જિલ્લામાં લાભ અપાયો હતો તેમાં ૧૦૮ કોમ્પોનન્ટ ગામોના લાભાર્થી હતા જયારે ૭૦ અન્ય ગામોના લાભાર્થી હતા.

કાપડ ફેરીની વિગત જોઈએ તો તેમાં કુલ ૬૪૬ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા હતો તેમાં ૫૧૩ લાભાર્થીઓ તો કોમ્પોનન્ટ ગામોના હતા જયારે ૧૩૩ લાભાર્થીઓ અન્ય ગામોના હતા. આ ઉપરાંત વણાટકામ, સીવણકામ, બળદગાળા, ઊંટગાડા અને વાંસકામ માં પણ સારા એવા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો.

૧૯૮૩-૮૪ના મહેસાણા જિલ્લામાં અ.જા.આ. વિ. નિગમ દ્વારા આવરી લીધેલ ધંધાવાર/યોજનાવાર લાભાર્થીની સંખ્યા ૨૫૮૭ હતી જેમાં ૧૬૩૭ લાભાર્થીઓ એટલે કે ૬૩.૨૭ ટકા લાભાર્થીઓ કોમ્પોનન્ટ ગામોના હતા જયારે ૯૫૦ એટલે કે ૩૬.૭૩ ટકા લાભાર્થીઓ અન્ય ગામોના હતા.

પ્રસ્તુત આંકડાઓ પરથી એટલું તો ચોકકસ ફલિત થાય છે કે અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ દ્વારા થતી કાર્યવાહીમાં ખાસ અંગભૂત યોજના હેઠળના ગામોના કુટુંબોને યોજનાઓનો લાભ મળે તેની કાળજી લેવામાં આવે છે. આ પરિસ્થિતિમાં એટલું જ સૂચવી શકાય કે નિગમ દ્વારા દરેકે દરેક જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ આવરી લીધેલા વધુને વધુ ગામોના વધુને વધું કુટુંબોને લાભ મળે સાથે સાથે જે ગામો ખાસ અંગભૂત યોજના હેઠળ આવરી લેવાયા નથી તેમના તરફ દુર્લક્ષ ન સેવાય તે રીતે લક્ષ્યજૂથ અભિગમ દ્વારા યોજનાઓનું અમલીકરણ થાય તે આવશ્યક છે.

કોઠો નં. ૪:૨

૧૯૮૩-૮૪ દરમ્યાન ગુ. અ.જા.આ. વિ. નિગમ ધ્વારા મહેસાણા જિલ્લામાં અપાયેલ ધંધાવાર ધિરાણની રકમ દર્શાવતો કોઠો.

| અ.નં. | ધંધાનું નામ | કોમ્પો | નોનકોમ્પો | ટકા | | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨. | ૩. | ૪. | ૫. | ૬ | ૭ |
| ૧. | દુધાળા ઢોર | ૨,૭૯,૧૦૦ | ૧,૯૧,૭૫૦ | ૦.૦૭ | ૪.૭૨ | ૪.૭૦,૮૫૦ |
| ૨. | ચર્મઉદ્યોગ | ૩,૮૮,૨૦૦ | ૨,૩૩,૧૦૦ | ૯.૫૬ | ૫.૭૪ | ૬.૨૧,૩૦૦ |
| ૩. | વણાટકામ | ૩,૦૩,૦૦૦ | ૧,૫૮,૩૦૦ | ૭.૪૬ | ૩.૯૦ | ૪,૬૧,૩૦૦ |
| ૪. | સીવણકામ | ૧,૪૯,૨૮૭ | ૪૩,૭૬૦ | ૩.૬૮ | ૧.૦૮ | ૧,૯૩,૦૪૭ |
| ૫. | કાપડફેરી | ૭,૬૭,૦૮૦ | ૨,૧૫,૮૫૦ | ૧૮.૮૮ | ૫.૩૧ | ૯.૮૨,૯૩૦ |
| ૬. | બળદગાડા | ૧૨,૫૦૦ | ૧,૧૪,૩૧૦ | ૦.૩૧ | ૨.૮૨ | ૧,૨૬,૮૧૦ |
| ૭. | ઊંટગાડા | ૧,૩૦,૦૦૦ | ૧,૨૫,૧૦૦ | ૩.૨૦ | ૩.૦૮ | ૨,૫૫,૧૦૦ |
| ૮. | વાંસકામ | ૮૪,૬૫૦ | ૬૩,૮૦૦ | ૨.૦૯ | ૧.૫૭ | ૧,૪૮,૪૫૦ |
| ૯. | અન્ય | ૪,૬૫,૦૧૯ | ૩,૩૯,૫૫૦ | ૧૧.૪૫ | ૮.૩૬ | ૮,૦૪,૫૬૯ |
| | કુલ | ૨૫,૭૮,૮૩૬ | ૧૪,૮૫,૫૨૦ | ૬૩.૪૫ | ૩૬.૫૫ | ૪૦,૬૪,૩૫૬ |

૪:૧:૫. કોઠા નં. ૪:૨મા ગુ.અ.જા.આ. વિ. નિગમ ધ્વારા ૧૯૮૩-૮૪ માં ધંધાવાર આપેલ ધિરાણની રકમ દર્શાવવામા આવી છે. જેમાં અન્ય ધંધાઓમા ૮,૦૪,૫૬૯ રુા. નું ધીરાણ થયું હતુ જેમાં ૪,૬૫,૦૧૯ રુા. કોમ્પોનન્ટ ગામોમા ધીરાણ થયું હતું.

દુધાળાઢોર યોજના ૨,૭૯,૧૦૦ રુા.નું ધીરાણ, ચર્મઉદ્યોગ મા ૩,૮૮,૨૦૦ રુા. અને કાપડફેરીમાં ૭,૬૭,૦૮૦ રુા. નું ધીરાણ ૧૯૮૩-૮૪મા કોમ્પોનન્ટ ગામોમા થયું હતું.

એકદરે કુલ ૪૦,૬૪,૩૫૬ રુા.નું ધીરાણ અ.જા.આ. વિ. નિ ધ્વારા મહેસાણા જિલ્લામાં થયું હતું તેમા ~~૪૪૪~~ ૨૫,૭૮,૮૩૬ રુા. ધીરાણ કોમ્પોનન્ટ ગામોમા થયું હતું. જયારે ૧૪,૮૫,૫૨૦ રુા. નું ધીરાણ અન્ય ગામોમાં થયું હતું.

૪:૧:૬. અનુસુચિત જાતિમાં પણ ~~આર્થિક~~ સાંખ્યિક દ્રષ્ટિએ વિભિન્ન નાની મોટી જાતિઓ છે. ગુજરાતમાં આવી ૩૦ જાતિઓ છે. તેમાની કેટલીક જાતિઓ જેવીકે નાડીયા, હાડી, તુરી જે ખૂબજ પછાત છે તેઓને વિકાસ યોજનાઓનો વિશેષ લાભ મળે એ ખૂબજ આવશ્યક છે કારણ કે આ જાતિ જુથો ગરીબી રેખા નીચે હાલ પણ જીવી રહયા છે. તેઓ પાસે પરંપરાગત કોઈ સ્થાયી વ્યવસાય કે સંપતી કે જમીન જાયદાદ નથી છુટક મજૂરી અને ખેતમજૂરી ઉપરજ મૂખ્યત્વે નભી રહયા છે.

અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા આ બાબતને પણ ધ્યાનમા રાખી વિકાસ કાર્યક્રમોનુ અમલીકરણ થતું હોય તેવું મહેસાણા જિલ્લામા થયેલી ૧૯૮૩-૮૪ વર્ષની કામગીરી અંગેના જાતિવાર આંકડા ઉપરથી ખ્યાલ આવે છે.

કોઠા નં. ૪:૩

ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગર દ્વારા ૧૯૮૩-૮૪ દરમિયાન મહેસાણા જિલ્લામાં આવરી લેવાયેલ લાભાર્થીઓની જાતિવાર સંખ્યા

| અ.નં. | જાતિ | કોમ્પો | નોન કોમ્પ | ટકા | | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૧. | ભંગી | ૧૪૦ | ૯૯ | ૫.૪૨ | ૩.૮૩ | ૨૩૯ |
| ૨. | સેનમા | ૧૫૪ | ૩૩૪ | ૫.૯૬ | ૧૨.૯૧ | ૪૮૮ |
| ૩. | હાડી | – | – | – | – | – |
| ૪. | નાડીયા | ૨ | ૩ | ૦.૦૮ | ૦.૧૨ | ૫ |
| ૫. | તુરી | ૨૨ | ૪ | ૦.૮૫ | ૦.૧૬ | ૨૬ |
| ૬. | વણકર | ૬૬૧ | ૨૧૨ | ૨૫.૫૫ | ૮.૨૦ | ૮૭૩ |
| ૭. | ચમાર | ૫૩૦ | ૨૭૫ | ૨૦.૪૯ | ૧૦.૬૩ | ૮૦૫ |
| ૮. | ગરોડા | ૧૧૦ | ૨૦ | ૪.૨૬ | ૦.૭૮ | ૧૩૦ |
| ૯. | અન્ય | ૧૮ | ૩ | ૦.૭૦ | ૪.૧૨ | ૨૧ |
| | કુલ | ૧૬૩૭ (૬૩.૨૭) | ૯૫૦ (૩૬.૭૩) | ૬૩.૨૮ | ૩૬.૭૨ | ૨૫૮૭ |

કોઠા નંબર ૪:૩ અનુસાર ગુ.અ.જા.આ. વિ. નિગમ ધ્વારા ૧૯૮૩-૮૪ના વર્ષમાં કુલ ૨૫૮૭ મહેસાણા જિલ્લાના લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો.તેમાંથી ૧૬૩૭ લાભાર્થીઓ કોમ્પોનન્ટ ગામોનાં હતા જ્યારે ૯૫૦ લાભાર્થીઓ કોમ્પોનન્ટ સિવાયના અન્ય ગામોનાં લાભાર્થી હતા.

વિગતે જોઈએ તો કોમ્પોનન્ટ ગામોના કુલ ૧૬૩૭ લાભાર્થીઓમાં ૧૪૦ લાભાર્થીઓ ભંગી, ૧૫૪ સેનમા, ૨ નાડીયા, ૨૨ તુરી, ૬૬૧ વણકર, ૫૩૦ ચમાર, ૧૧૦ ગરોડા અને ૧૮ અન્ય જાતિના લાભાર્થીઓ હતા.

ઉપરોક્ત આંકડાઓમાં વણકર અને ચમાર જાતિના લાભાર્થીઓની સંખ્યા વિશેષ છે. જોકે મહેસાણા જિલ્લામાં વણકર અને ચમાર જાતિની વસ્તી વિશેષ છે.

એક બાબત એપણ નોંધનીય છે અને તે એ છે કે નાડીયા જાતિના ફકત બે જ ~~મ્~~ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા છે. મહેસાણા જિલ્લામાં નાડિયાજાતિની વસ્તી જોતાં બે લાભાર્થીઓને લાભ આપવો એ સંપૂર્ણ દુર્લક્ષ્ા સેવાયું હોય તેમ કહી શકાય.

૪:૧:૭. વિકાસ યોજનાઓમાં અપાતી અને ધીરાણ માટેના ''યુનિટ કોસ્ટ'' અલગ અલગ નકકી કરાયેલા હોય છે. તેમાં એવું બનવાની શકયતાઓ રહેલી છે કે લાભાર્થીઓની ભૌતિક સિધ્ધી હાસલ કરવા ઓછા યુનિટ કોસ્ટની યોજનાઓ વધુ અમલી બનાવી લાભાર્થીઓનો જે લક્ષ્યાંક નકકી કરાયો હોય છે તે સિધ્ધ થાય છે જ્યારે લાભાર્થીઓની સંખ્યા સામે ધીરાણની રકમ ખૂબ ઓછી હોય છે.

સામાન્યતઃ ધીરાણ સંસ્થાઓનું એક પ્રકારનું એવું મનોવલણ રહેલું છે કે બને તેટલું ઓછામાં ઓછું ધીરાણ આપવું. તથા વધુ 'યુનીટ કોસ્ટ' વાળી યોજનાવાળી અરજીઓમાં વધુમાં વધુ ચીકાસ કરી શકય એટલો વિલંબ કરવામાં આવે છે. અને વિલંબ બાદ પણ પૂરતી રકમનું ધીરાણ કરવામાં આવતું નથી. આ માટે હારીજ તાલુકામાં બોરતવાડા ગામના વાલા જીતા ભંગી ને ધીરાણ જોઈતું હતું પરંતુ તેમને ફકત એકજ બળદ માટેનું ધીરાણ આપવામાં આવ્યું હતું. એટલુંજ નહી પરંતુ બેકે બળદ માટે નકકી કરેલા યુનિટકોસ્ટની રકમ પણ ઘટાડી ઓછું ધીરાણ કર્યું હતું. સામાન્ય સજોગોમાં બેકે આવા ગરીબ ખેડૂતોને પૂરતું ધીરાણ આપવું જોઈએ જેથી તે તંદુરસ્ત પશુ ખરીદી શકે.

ચોંકાવનારી બાબતતો એ છે કે શ્રી વાલા જીવા ભંગી(બોરતવાડા) એમને ક્રેડિટ કેમ્પ યોજવામાં આવ્યા હતો તેમાં રાજ્ય સરકારના મંત્રીશ્રી ધ્વારા ચેક આપવામાં આવ્યા હતા તે ચેકમાં તો યુનિટકોસ્ટ મુજબની રકમ લખવામા આવી હતી પરંતુ બેંકમાં શ્રી વાલા જીવા ભંગી બ્બોરતવાડા)ના ખાતામાં યુનિટકોસ્ટ મુજબની રકમ જમા લઈ ૧૦૦૦ રુા.ની એન્ટ્રી બેંકે જાતે લઈ યુનિટકોસ્ટની રકમમાંથી ૧૦૦૦ રુા. ઓછું ધીરાણ લાભાર્થીને આપ્યું હતું.

આ બધી ચર્ચા પાછળનો આશય એ છે કે માત્ર લાભાર્થીઓની મોટી સંખ્યા હોય તેટલા માત્રથી સંતોષ મેળવવાની જરુર નથી પરંતુ ખરેખર સંતોષ ત્યારે મેળવવો રહયો કે આપેલ ધીરાણમાથી ખરેખર કેટલા લાભાર્થીઓ કાયમી આવક મળે તેવું એકમ ઉભુ કરીને ગરીબી રેખા ઓળંગી શકયા.

આ માટે ભલે ઓછા લાભાર્થીઓને લાભ અપાય પરંતુ તે ઓછા લાભાર્થીઓને કાયમી આવકનુ એકમ ઉભુ કરી શકે એટલા પ્રમાણમા/ એટલી રકમનું ધીરાણ થાય તે ખૂબજ આવશ્યક છે.

કોઠા નં.૪:૪

વર્ષ દરમ્યાન ગુ.અ.જા.આ. વિ. નિગમ ધ્વારા મહેસાણા જિલ્લામા અપાયેલ ધિરાણની રકમ દર્શાવતો કોઠો

| અ.નં. | જાતિનું નામ | કોમ્પો | નોન કોમ્પો | ટકા | | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૧. | ભંગી | ૧,૪૩,૫૫૦ | ૧,૨૪,૦૯૦ | ૩.૫૪ | ૩.૦૬ | ૨,૬૭,૬૪૦ |
| ૨. | સેનમા | ૨,૭૧,૪૫૦ | ૪,૪૯,૮૨૦ | ૬.૬૮ | ૧૧.૦૭ | ૭,૨૧,૨૭૦ |
| ૩. | હાડી | - | - | - | - | - |
| ૪. | નાડીયા | ૧,૮૦૦ | ૪,૪૦૦ | ૦.૦૫ | ૦.૧૧ | ૬,૨૦૦ |
| ૫. | તુરી | ૩૧,૫૫૦ | ૩,૭૫૦ | ૦.૭૮ | ૦.૧૦ | ૩૫,૩૦૦ |
| ૬. | વણકર | ૧૧,૦૬,૧૦૯ | ૩,૯૭,૨૬૦ | ૨૭.૨૨ | ૯.૭૮ | ૧૫,૦૩,૩૬૯ |
| ૭. | ચમાર | ૮,૩૬,૫૯૪ | ૪,૬૮,૭૦૦ | ૨૦.૫૯ | ૧૧.૫૪ | ૧૩,૦૫,૨૯૪ |
| ૮. | ગરોડા | ૧,૫૫,૧૧૮ | ૩૩,૩૫૦ | ૩.૮૨ | ૦.૮૨ | ૧,૮૮,૪૬૮ |
| ૯. | અન્ય | ૩૨,૬૬૫ | ૪,૧૫૦ | ૦.૮૧ | ૦.૧૧ | ૩૬,૮૧૫ |
| | કુલ | ૨૫,૭૮,૮૩૬ | ૧૪,૮૫,૫૨૦ | ૬૩.૪૫ | ૩૬.૫૫ | ૪૦,૬૪,૩૫૬ |

કોઠા નં. ૪:૪ મા ૧૯૮૩-૮૪માં અ.જા.આ. વિ. નિગમ ધ્વારા મહેસાણા જિલ્લામા જાતિવાર લાભાર્થીઓને કેટલું ધીરાણ કરવામાં આવ્યું છે તે દર્શાવવામા આવ્યું છે.

કુલ ૪૦,૬૪,૩૫૬ રૂા.નું ધીરાણ થયું હતું તેમા ૨૫,૭૮,૮૩૬રૂા. નું ધીરાણ કોમ્પોનન્ટ ગામોમા થયું હતું જયારે ૧૪,૮૫,૫૨૦ રૂા.નુ કોમ્પોનન્ટ સિવાયના અન્ય ગામોમાં ધીરાણ થયું હતું. જેમાં સૌથી વિશેષ ૧૧,૦૬,૧૦૯ રૂા.નું ધીરાણ વણકર જાતિના ૬૬૧ લાભાર્થીઓને કરવામાં આવ્યું હતું સરેરાશ ૧૬૭૩-૩૮ રૂા.નું ધીરાણ કરવામાં આવ્યું હતું. જયારે સૌથી ઓછું નાડીયા જાતિના ૨ લાભાર્થીઓને ફકત ૧૮૦૦ રૂા.નું ધીરાણ કરવામાં આવ્યું હતું. માથા દિઠ ૯૦૦ રૂા. ધીરાણમાં ૭૫૦ રૂા. સબસીડી જતા ફકત ૧૫૦ રૂા.નું જ વાસ્તવિક ધીરાણ કહેવાય. તે પણ સબસીડીની રકમમાથી બાદ લઈ જે તે લાભાર્થીને ફકત ૬૦૦ રૂા. જ સીધા મળે છે.

## ૪:૨. લાભાર્થીઓની વાર્ષિક આવકમાં થયેલા ફેરફાર :

પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસના હેતુઓમાંનો એક મહત્વનો હેતુ એ હતો કે ગુ.અ.જા.આ. વિ. નિગમ ધ્વારા અપાયેલ સહાય/લોન ધ્વારા તેઓની વાર્ષિક આવકમાં વધારો થયો છે કે નહી? તે જાણવું.

કોઠા નં. ૪:૫

યોજનાના લાભથી આવક વધી છે કે નહી તેની વિગત દર્શાવતો કોઠો.

| અ.નં. | વિગત | આવક વધી છે. | | કુલ |
|---|---|---|---|---|
| | | હા | ના | |
| ૧. | ચર્મોદ્યોગ | ૯ (૩૬.૦૦) | ૧૬ | ૨૫ |
| ૨. | કાપડફેરી | ૫ (૨૭.૭૭) | ૧૩ | ૧૮ |
| ૩. | દૂધાળા પશું | ૧૪ (૬૬.૬૬) | ૭ | ૨૧ |
| ૪. | અન્ય કુટિર ઉદ્યોગ | ૧૪ (૪૫.૧૩) | ૧૭ | ૩૧ |
| | કુલ<br>ટકા | ૪૨<br>(૪૪.૨૧) | ૫૩<br>(૫૫.૭૯) | ૯૫<br>(૧૦૦) |

કોઠા નં. ૪:૫ માં દર્શાવ્યા મુજબ અભ્યાસમાં આવરી લેવામાં આવેલા કુલ ૯૫ લાભાર્થીઓમાંથી ૪૨ લાભાર્થી કુટુંબોએ એટલે કે ૪૪.૨૧ ટકા લાભાર્થી કુટુંબોએ એવો મત દર્શાવ્યો હતો કે તેમની આવક વધી છે. જ્યારે ૫૨ લાભાર્થી કુટુંબોએ એટલે કે ૫૫.૭૯ ટકા લાભાર્થી કુટુંબોએ એવો મત વ્યકત કર્યો હતો તેઓની આવક વધી નથી.

પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસમાં કુલ ૪ યોજનાઓ આવરી લેવામાં આવી હતી તેમાં સૌથી સારી અસર દુધાળાપશુની જોવા મળી છે. તેમાં આવરી લેવાયેલા ૨૧ લાભાર્થી કુટુંબોમાથી ૧૪ લાભાર્થી કુટુંબોની એટલે કે દુધાળા યોજનાનો લાભ લીધેલ અભ્યાસમાં આવરેલા કુલ કુટુંબોનાં ૬૬.૬૬ ટકાની આવક વધી છે એટલે કે આવક વધારા માટે સૌથી વિશેષ જો કોઈ યોજના આ ચાર(૧) ચર્મોદ્યોગ, ૨) કાપડફેરી, ૩) દુધાળા પશુ, ૪) અન્ય કુટીર ઉદ્યોગ) માંથી હોયતો તે દુધાળા પશુની યોજના છે.

એવી જ રીતે અન્ય કુટીર ઉધોગના અભ્યાસમાં આવરી લીધેલ કુલ લાભાર્થીના ૪૫.૧૬ ટકા લાભાર્થીઓની આવક વધી છે. જ્યારે ચર્મોદ્યોગ યોજનાનો લાભ લીધેલ અભ્યાસમાં આવરેલ કુલ લાભાર્થી કુટુંબોના ૩૬.૦૦ ટકા લાભાર્થી કુંટુંબોની આવક વધી છે. જ્યારે સૌથી ઓછી અસરકારક જો કોઈ યોજના રહી હોયતો તે કાપડ ફેરી છે. તેમાં કાપડફેરીની યોજનાનો લાભ લીધે અભ્યાસમાં આવરેલ કુલ કુટુંબોના ૨૭.૭૭ ટકા લાભાર્થી કુટુંબોની આવક વધી છે.

### ૪:૨:૧. વાર્ષિક આવક જુથ :

આગળ આપણે ફકત એટલીજ વિગત જોઈ કે જે તે યોજનાના લાભથી આવક વધી કે નહી પરંતુ તે સ્પષ્ટ ચીત્ર રજુ કરતું નથી તે માટે અભ્યાસમાં આવરેલ ૯૫ કુટુંબો જે તે યોજનાનો લાભ લીધા પહેલા તેઓની વાર્ષિક આવક કેટલી હતી અને લાભ લીધા બાદ તેમની વાર્ષિક આવક કેટલી છે તેનું સ્પષ્ટ વર્ગીકરણ કોઠા નં.૪:૬ ધ્વારા મેળવીએ.

## કોઠા નં. ૪:૬

સહાય મેળવ્યા પહેલા અને પછીની અભ્યાસમા આવરેલ લાભાર્થીની વાર્ષિક આવકમા થયેલ વધારા ઘટાડાની વિગત દર્શાવતો કોઠો.

| અ.નં. | વાર્ષિક આવક જુથ | લાભ મેળવ્યા પહેલા | ટકા | લાભમેળવ્યા પછી | ટકા | તફાવત ટકા |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧. | ૧૫૦૦ સુધી | ૧૫ | ૧૫.૭૮ | ૨ | ૨.૧૨ | ૧૩.૬૬ |
| ૨. | ૧૫૦૧ થી ૨૫૦૦ | ૫૨ | ૫૪.૭૩ | ૨૬ | ૨૭.૩૬ | ૨૭.૩૭ |
| ૩. | ૨૫૦૧ થી ૩૫૦૦ | ૨૬ | ૨૭.૩૬ | ૪૨ | ૪૪.૨૧ | ૧૬.૮૫ |
| ૪. | ૩૫૦૧ થી ૬૦૦૦ | ૨ | ૨.૧૩ | ૨૫ | ૨૬.૩૧ | ૨૪.૧૮ |
| | | ૯૫ | ૧૦૦.૦૦ | ૯૫ | ૧૦૦.૦૦ | |

કોઠા ૪:૬ મુજબ અભ્યાસમા આવરી લેવાયેલા કુલ-૯૫ લાભાર્થી કુટુંબોમાંથી યોજનાનો લાભ લીધા પહેલા ૧૫૦૦ સુધીની આવક ધરાવતા ૧૫ કુટુંબો હતા જયારે લાભ મેળવ્યા પછી ૧૫૦૦ સુધીની આવક ધરાવતા ફકત ૨ કુટુંબોજ હતા આમ ૧૫૦૦ સુધીની વાર્ષિક આવક વાળા ૧૩ કુટુંબો તેઓની વાર્ષિક આવક ૧૫૦૦થી વધારી શકયા છે. ટૂંકમા ૧૫ જેટલા કુટુંબો જે અત્યંત ગરીબીમા હતા તેઓ તેમની આવકતો વધારી શકયા છે જોકે આપણે એમ ન કહી શકીએ તેઓની ગરીબી દૂર થઇ છે.

તે ઉપરાંત ૧૫૦૧ થી ૨૫૦૦ રૂા.ની વાર્ષિક આવક યોજનાની સહાય મેળવ્યા પહેલા ૫૨ કુટુંબો હતા તેમાંથી ૨૬ કુટુંબોની આવક યોજનાનો લાભ મેળવ્યા બાદ વધેલી માલુમ પડી હતી. બીજા શબ્દોમાં જોઇએ તો ૧૫૦૧ થી ૨૫૦૦ રૂા.ની આવકવાળા જુથમા યોજનાઓની લાભ મેળવ્યા પહેલા ૫૪.૭૬ ટકા હતા ~~જે લાભ મેળવ્યા બાદ ૨૭.૩૬ ટકા હતા~~ જે લાભ મેળવ્યા બાદ ૨૭.૩૬ ટકા રહયા હતા એટલે કે આ આવક જુથમાંથી પણ ૫૦ ટકા આગળ કૂદકો લગાવી શકયા છે.

અભ્યાસમાં આવરેલ કુલ કુટુંબોના ૨૬ કુટુંબો યોજનાઓના લાભ લીધા પહેલા ~~અ~~ ૨૫૦૧ થી ૩૫૦૦ રૂા.ની વાર્ષિક આવકવાળા જુથમા

હતા. યોજનાઓનો લાભ મેળવ્યા પછી આ જુથમાં લાભાર્થીઓની કુટુંબોની સંખ્યા વધીને ૪૨ થવા પામી હતી. એટલે કે તેમાં ૧૬ કુટુંબોનો ઉમેરો થયો હતો.

૩૫૦૧ થી ૬૦૦૦ સુધીની વાર્ષિક આવક જુથમાં સહાય આપ્યા પહેલા ૨ (બે) કુટુંબોજ હતા જયારે સહાય મેળવ્યા બાદ આ આવક જુથમા ૨૫ કુટુંબો થયા છે. ટૂંકમાં ૨૩ કુટુંબોનો ઉમેરો થયો છે. એટલે કે પહેલા ૩૫૦૧ થી ૬૦૦૦ના આવક જુથમાં અભ્યાસમાં આવરી લીધેલા કુલ કુટુંબોમાંના ૨.૧૩ ટકા કુટુંબો હતા જેમા સહાય મેળવ્યા બાદ વધીને ૨૬.૩૧ ટકા કુટુંબો થયા એટલે કે ૨૪.૧૮ ટકા કુટુંબોનો ઉમેરો થયો છે.

જો કે છઠ્ઠી પંચવર્ષિય યોજનામાં ૩૬૦૦ થી નીચેની વાર્ષિક આવકવાળા કુટુંબો ગરીબી રેખા નીચે ગણવાનુ ધોરણ ગ્રામ્ય વિસ્તાર માટે રખાયું હતુ. અને ગુ.અ.જા.આ. વિ. નિગમ ધ્વારા શહેરી વિસ્તાર માં જેમની વાર્ષિક આવક ૪૩૦૦ રૂ.થી ઓછી આવકવાળાને સહાય આપવામાં આવે છે.

જો ગ્રામ્ય વિસ્તાર માટે નકકી કરાયેલા ધોરણને અનુસાર આપણે તારણ કાઢીએ તો એમ કહી શકાય કે ૨૩ કુટુંબો એટલે કે ૨૪.૨૧ ટકા કુટુંબો ગરીબી રેખા ઓળંગી શકયા છે. પરંતુ પ્રસ્તુત અભ્યાસમાં આવરી લેવાયેલા મોટાભાગના કુટુંબો શહેરી વિસ્તારના હોઈ ૨૩ કુટુંબો ગરીબી રેખા ઓળંગી ગયા છે. તેમ ન કહી શકીએ પરંતુ એટલું ચોકકસ કહી શકાય કે અભ્યાસમાં આવરી લીધેલા ૯૫ કુટુંબો કે જેમાંના મોટાભાગના અત્યંત ગરીબીનો જીવતા હતા તેમાંના ૨૩ કુટુંબો એટલે કે ૨૪.૨૧ ટકા કુટુંબો અત્યંત ગરીબીમાંથી ગરીબી રેખા વટાવવાની તૈયારી કરતા સ્થિતિમા મૂકી દીધા છે તે કાંઈ નાનો સુનો ફાળો નથી.

ટૂંકમા ઉપરોકત દર્શાવેલી આંકડાકીય વિશ્લેષણ પરથી એટલુ ચોકકસ કહી શકાય કે અ.જા.આ. વિ. નિગમ ધ્વારા આપવામાં આવેલ સહાય / ધીરાણ એ અનુસૂચિત જાતિના અત્યંત ગરીબીમા જીવતા કુટુંબોની વાર્ષિક આવક વધારવામા ચોકકસ ફાળો આપ્યો છે.

મૂલ્યાંકન અભ્યાસ માટે આવરી લેવામાં આવેલ ચારે ચાર યોજનાવાર કેટલા કુટુંબો કયા આવક જુથમાં સહાય મેળવ્યા પહેલા હતા અને યોજનાનો લાભ મેળવ્યા પછી કયા આવક જુથમાં આવ્યા છે તેની વિગતવાર માહિતી કોઠા નં. ૪:૭માં આપવામાં આવી છે.

કોઠા નં. ૪:૭

અભ્યાસમાં આવરેલ કુટુંબોની યોજનાનો લાભ લીધા પહેલા અને પછીથી વાર્ષિક આવકમાં થયેલા ફેરફારની વિગત દર્શાવતો કોઠો.

| અ.નં. | વાર્ષિક આવક જુથ | ચર્મઉદ્યોગ | | કાપડફેરી | | દુધાળાપશુ | | અન્યકુટિર ઉદ્યોગ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લાભલીધા પહેલા | લાભલીધા પછી | લાભલીધા પહેલા | લાભલીધા પછી | લાભ લીધા પહેલા | લાભ લીધા પછી | લાભ લીધા પહેલા | લાભ લીધા પછી | લાભ લીધા પહેલા | લાભ લીધા પછી |
| ૧. | ૧૫૦૦ સુધી | ૩ | ૧ | – | – | ૬ | – | ૬ | ૧ | ૧૫ | ૨ |
| ૨. | ૧૫૦૧ થી ૨૫૦૦ | ૧૮ | ૧૧ | ૯ | ૭ | ૧૨ | ૪ | ૧૩ | ૪ | ૫૨ | ૨૬ |
| ૩. | ૨૫૦૧ થી ૩૫૦૦ | ૪ | ૬ | ૯ | ૬ | ૨ | ૧૦ | ૧૧ | ૨૦ | ૨૬ | ૪૨ |
| ૪. | ૩૫૦૧ થી ૬૦૦૦ | – | ૭ | – | ૫ | ૧ | ૭ | ૧ | ૬ | ૨ | ૨૫ |
| ૫. | ૬૦૦૦ થી ઉપર | – | – | – | – | – | – | – | – | – | – |
| | કુલ | ૨૫ | ૨૫ | ૧૮ | ૧૮ | ૨૧ | ૨૧ | ૩૧ | ૩૧ | ૯૫ | ૯૫ |
| | | (૨૬.૩૧) | | (૧૮.૯૪) | | (૨૨.૧૨) | | (૩૨.૬૩) | | | |

૪:૨:૨. કોઠા નં.૪:૭માં દર્શાવ્યા મુજબ યોજનાવાર લાભાર્થીઓની વાર્ષિક આવક ઉપર થયેલી અસર દર્શાવે છે. તેના કેટલીક મહત્વના અવલોકન મુદ્દાઓ જોઈએ.

૪:૨:૨:૧. ચર્મઉદ્યોગ :

પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસ માટે કુલ ૯૫ લાભાર્થી કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા તેમાંથી ૨૫ કુટુંબો એટલે કે ૨૬.૩૧ ટકા કુટુંબો અ.જા.આ.વિ. નિગમ મારફતે ચર્મઉદ્યોગની સહાય લીધી હતી તેવા કુટુંબો હતા. તેમાંથી ૧૫૦૦ રૂા. સુધીની વાર્ષિક આવક ધરાવતા ૩ કુટુંબો હતા. ૧૫૦૧ થી ૨૫૦૦ રૂા.સુધીની વાર્ષિક આવક ધરાવતાં ૧૮ કુટુંબો હતા જયારે ૨૫૦૧ થી ૩૫૦૦ રૂા.ની વાર્ષિક આવક ધરાવતા ૪ કુટુંબો હતા.

તેમાં ચર્મઉદ્યોગનો લાભ લીધાબાદ ૧૫૦૦ સુધીની આવકવાળું ૧ કુટુંબજ રહયુ છે. તેનો અર્થ બે કુટુંબોની આવક વધી છે. ત્યારબાદ ૧૫૦૧ થી ૨૫૦૦ ના વાર્ષિક આવક જુથમાં સહાય લીધા બાદ ૧૧ કુટુંબો રહયા છે. તેનો અર્થ તે જુથમાંથી ૭ કુટુંબોની આવક વધી છે. જયારે ૨૫૦૧ થી ૩૫૦૦ સુધીની વાર્ષિક આવકવાળા જુથમાં સહાય મેળવ્યા બાદ ૬ કુટુંબો થયા છે. એટલે કે તેમા બે કુટુંબો ઉમેરાયા છે. તેમની આવક પહેલા ૧૫૦૦ થી ૨૫૦૦ વચ્ચેની હતી. જયારે ૩૫૦૧ થી ૬૦૦૦ વચ્ચેના આવક જુથમાં એક પણ કુટુંબ ન હતું ત્યાં હવે ૭ કુટુંબો આવ્યા છે. તે ચોકકસ બતાવે છે કે આ કુટુંબોની આવક વધી છે. ટૂંકમાં અભ્યાસમાં આવરેલ ચર્મોદ્યોગના કુલ લાભાર્થીઓમાંના ૩૬.૦૦ ટકા લાભાર્થીઓની વાર્ષિક આવક વધેલી નોંધાયી છે.

કેટલીક અગત્યની યોજના વિષાયક અવલોકન નોંધ :

૧) સર્વેક્ષણ દરમ્યાન ચર્મોદ્યોગ માટે ૧૯૮૩-૮૪માં મોટે ભાગે શહેરોમાં લોન અપાયી છે. તેમાં કેટલાક કુટુંબો ચર્મઉદ્યોગ ન કરતા હોવા છતાં લોન / સહાય મેળવી હતી. વાસ્તવમાં ચર્મોદ્યોગ ગામડાઓમાં વિશેષ પ્રમાણમાં થતો જોવા મળે છે. આથી ચર્મઉદ્યોગને ગામડામાં વધુ વૈજ્ઞાનિક ઢબે વિકસાવવાની જરૂર છે. તેથી ચામડાની વાઢ કાપમાં થતો વ્યય, હાડકાનો થતો વ્યય વગેરે અટકાવી શકાય. તથા અવૈજ્ઞાનિક રીતે અને ખુલ્લામાં મરેલા ઢોરનો નિકાલ થતો

હોવાથી લોકોને ચર્મઉદ્યોગ કરતા સમાજ પ્રત્યે અરુચીની ઉપેક્ષાની લાગણી ઉદ્‌ભવે છે. તેને પણ અટકાવી શકાય. જેના લીધે અસ્પૃશ્યતા જેવા અમાનવીય કલંકને મીટાવવામા પણ સરળતા ઉભી થાય.

૨) બીજી બાબત એ છે કે જેઓનો ધંધો ચાલુ હોય તથા તાલીમ લઇ ધંધો શરુ કરવા માંગતા હોય તેવાજ અરજદારને લાભ આપવો જોઇએ ટૂંકમા લાભાર્થીનુ Proper Identification થવું જોઇએ. જેનો અભાવ જોવા મળ્યો છે. કારણકે અભ્યાસ દરમ્યાન ૨૫ લાભાર્થી કુટુંબોમાથી ૨૪ કુટુંબો ચર્મઉદ્યોગ કરતા નથી તેવું જાણવા મળ્યું હતું.

૩) ચર્મોદ્યોગને વિકસાવવા માટે ચાર કે પાંચ ગામ વચ્ચે એક વૈજ્ઞાનિક ઢબનું 'ફ્લેઇંગ સેન્ટર' ઉભું કરવું જોઇએ.

૪) નાના કારીગરો કે જેઓ ચંપલ રીપેર કામ તથા બુટ પોલીસનું કામ કરે છે તેઓને પણ સહાય મળી છે અને તેનાથી તેઓ સારા સાધનો ખરીદી ખરેખર આવક વધારી શકયા હોવાનું નોંધાયું છે.

૪:૨:૨:૨. કાપડફેરી :

મૂલ્યાંકન અભ્યાસ માટે પસંદ કરાયેલા કુલ-૯૫ કુટુંબોમાથી ૧૮ (૧૮.૯૪ ટકા) કુટુંબો એવા પસંદ કરવામાં આવ્યા હતા જેમણે કાપડફેરી કરવા માટે અ.જા.આ. વિ. નિગમ મારફતે લોન/ સહાય મેળવી હતી.

કાપડફેરી કરવા માટે લોન/સહાય લીધા પહેલા ૯ કુટુંબો ૧૫૦૧ થી ૨૫૦૦ સુધીની વાર્ષિક આવકવાળા જુથમા હતા જે લોન/સહાય મેળવ્યા બાદ ૭ થયા હતા, એટલે કે ૨ કુટુંબોની કાપડ-ફેરીના વ્યવસાયથી આવક વધી છે.

તેવીજ રીતે બીજા ૯ કુટુંબોની કાપડફેરીની લોન/સહાય લીધા પહેલાની વાર્ષિક આવક ૨૫૦૧ થી ૩૫૦૦ વચ્ચેની હતી જે કાપડફેરીની લોન/સહાય લીધાબાદ ઘટીને ૬ થવા પામી છે. એટલેકે એમાથી ત્રણ કુટુંબની વાર્ષિક આવક વધવા પામી છે.

લોન લીધા પહેલા એકપણ કુટુંબની આવક ૩૫૦૧ થી ૬૦૦૦ વચ્ચે નહોતી પરંતુ કાપડફેરી યોજનાનો લાભ લીધા બાદ ૫ કુટુંબોની આવક વધી છે તે ૩૫૦૧ થી ૬૦૦૦ની વાર્ષિક આવક મેળવતા થયા છે.

આ રીતે પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસમા આવરેલ કુલ કાપડફેરીના લાભાર્થીઓમાંથી ૨૭.૭૭ ટકા લાભાર્થીઓની આવક વધેલી માલુમ પડી છે.

કેટલીક અગત્યની યોજના વિષાયક અવલોકન નોંધ :

૧) અભ્યાસમા આવરેલ લાભાર્થીઓમાંથી કેટલાક લાભાર્થી થોડી કિંમતના કાપડ લઈ ફેરી કરતા હતા પરંતુ લોન/સહાયનો લાભ મળતા તેઓ ઉત્સાહપૂર્વક વધુ અને કિંમતી કાપડનું વેચાણ પણ કરવા લાગ્યા છે અને વધુ આવક મેળવતા થયા છે.

૨) કાપડફેરી માટે હાલ જેટલા નાણા અપાય છે તે ખૂબ ઓછા પડે છે. તે માટે કાપડફેરીના ધંધા માટે બેંકને વધુ નાણાંની ભલામણ થાયતો લાભાર્થીઓ યોજનાનો વિશેષ લાભ ઉઠાવી શકે તેમ લાગે છે.

૩) આ યોજના ધ્વારા ૫ લાભાર્થીઓ ગરીબીરેખા ઓળંગવાના તબક્કાએ આવી પહોંચ્યા છે ટૂંકમાં આવક વધારા માટે આ યોજના સફળ રહે તેમ છે અલબત અરજદારમાં વ્યવસ્થાયી કુશળતા કેટલી છે તે ખાસ જોવાનું જોઇએ.

૪:૨:૨:૩. દુધાળા પશુ :

મૂલ્યાંકન અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ કુલ ૯૫ લાભાર્થીઓમાંથી ૨૧ (૨૨.૧૨%) દુધાળાપશુ યોજનાનો લાભ મેળવેલ લાભાર્થીઓને આવરવામાં આવ્યા હતા. આ યોજના લાભાર્થીઓને ચોખ્ખી વધારાની આવક ઉપલબ્ધ કરાવવામાં સફળ રહી છે.

દુધાળાપશુનોલાભ આપ્યા પહેલા કુલ ૨૧ કુટુંબોમાંથી ૬ કુટુંબો ૧૫૦૦ રૂા. સુધીની વાર્ષિક આવકના જુથમાં હતા પરંતુ મૂલ્યાકન અભ્યાસ વખતે તે છ એ છ કુટુંબો ૧૫૦૦ રૂા. સુધીના વાર્ષિક આવક જુથને વટાવી ગયા છે. જયારે ૧૫૦૧ થી ૨૫૦૦ સુધીના વાર્ષિક

આવક જુથમાં દુધાળા પશુ યોજનાની લોન/સહાય આપ્યા પહેલા ૧૨ કુટુંબો હતા જેમા યોજનાના લાભ બાદ ૪ કુટુંબોજ રહયા હતા એટલેકે ૧૫૦૧ થી ૨૫૦૦ ના વાર્ષિક આવક જુથમાંથી પણ ૮ કુટુંબો આગળ નીકળી ગયા હતા.

૨૫૦૧ થી ૩૫૦૦ ના વાર્ષિક આવક જુથમાં સહાય આપ્યા પહેલા ૨ કુટુંબો હતા ત્યાં સહાય પછી ૧૦ કુટુંબો થયા છે એટલે કે આ જુથમા આઠ (૮) કુટુંબો વધ્યા છે. જયારે ૩૫૦૧ થી ૬૦૦૦ સુધીની આવક જુથમાં સહાય પહેલા ફકત એકજ કુટુંબ હતું ત્યાં સહાય બાદ ૭ કુટુંબો થયા છે. એટલે કે ૬ કુટુંબોની આવક એટલી વધી છે કે તેઓ ગરીબી રેખા વટાવી ગયા છે. કારણકે છઠ્ઠી પંચ-વર્ષિય યોજનાની માર્ગ દર્શક રુપરેખામાં દર્શાવેલ ગરીબી રેખાની વ્યાખ્યા પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં જે કુટુંબની વાર્ષિક આવક રૂા. ૩૫૦૦/-થી વધુ થાય તે કુટુંબ ગરીબી રેખા ઓળંગી ગયું ગણાય તે અનુસાર આપણે ચોકકસ કહી શકીએ કે આ છએ છ ગ્રામ્ય વિસ્તારના દુધાળાપશુની સહાય મેળવેલ કુટુંબો ગરીબી રેખા ઓળંગી ગયા છે જયારે ૧૦ કુટુંબો ગરીબી રેખા ઓળંગવાની તૈયારી રુપે ૨૫૦૧ થી ૩૫૦૦ સુધીના આવક જુથમાં અભ્યાસ ટાણે પ્રવેશ કરી ચૂકયા છે.

<u>કેટલાક અગત્યના યોજના વિષાયક અવલોકન નોંધ :</u>

૧) ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત સરકારની માર્ગદર્શક સુચના મુજબ દરેક દુધાળા પશુની લાભાર્થીને બે દુધાળાપશુ પૂરા પાડવા જોઈએ જેથી એક દુધ આપતુ પશુ વસુકાય ત્યારે બીજાુ પશુ દૂધ આપતું થાય આમ લાભાર્થીને મળતી વધારાની આવક બંધન થતા આવક સતત ચાલુ રહે.

અભ્યાસમાં આપહેલા ચાણસ્મા તાલુકાના આકલા ગામના નાડીયા જાતિના દુધાળા પશુના લાભાર્થીઓએ પણ બીજા દુધાળા પશુની માગણી કરી હતી. અભ્યાસમાં આવરેલ એકપણ કુટુંબને બે દુધાળા પશુ અપાયાનું નોંધાયું નથી.

૨)    દુધાળા પશુ મરી જાય છે પછી તેના વિમાની રકમ મળવામા ખૂબજ વિલંબ થાય છે. તથા અમુક કેસોમાતો તે મળતા નથી એવી લાભાર્થીઓની ફરીયાદ હતી.

૩)    દુધાળાપશુમા મુખ્યત: ભેંસોજ અપાય છે. પરંતુ જર્શી ગાયો અપાય તો તે પણ ખૂબજ વધારાની આવક આપી શકે છે જો કે તેની સાચવણી તથા માવજત ખૂબજ જતન માંગી લે છે તથા તે નાના કે સીમાંત ખેડુતજ પાલવી શકે.

૪)    દુધાળા પશુ માટે ધીરાણ આપવામા નાણાકીય સંસ્થાઓની અરુચી વધી છે તે માટે યોગ્ય કેસોમાંજ ભલામણ કરી એમની અરુચી દૂર કરવી જોઈએ.

૫)    ૨૧ લાભાર્થીઓમાંથી ૩ લાભાર્થીઓની ભેંસો મરી ગઈ હતી તે માટે નબળા સ્વાસ્થય વાળી ભેંસો તથા યોગ્ય પોષાણ હોઈ શકે છે.

૪:૨:૨:૪. અન્યકુટીર ઉધોગ :

આ મૂલ્યાકન અભ્યાસમાં સૌથી વિશેષ ઉત્તરદાતા લાભાર્થી જો કોઈ હોય તો તે આ અન્ય કુટીર ઉધોગના છે. કુલ ૯૫ ઉત્તરદાતા લાભાર્થીઓમાંથી અન્ય કુટીર ઉધોગના ૩૧ (૩૨.૬૩%) ઉત્તરદાતા લાભાર્થીઓ હતા.

અન્યકુટીર ઉધોગના લાભાર્થીઓની આવકમા લાભ લીધા બાદ સારા ફેરફારો નોધાયા છે. જેમા ૧૫૦૦ સુધીની વાર્ષિક આવકવાળા અન્ય કુટીર ઉધોગની સહાય લીધા પહેલ ૬ કુટુંબો હતા જે સહાયબાદ ફકત ૧ કુટુંબ રહયું હતું. એટલે કે તેમાંથી ૫ કુટુંબો અમાપના આવક જુથમાં ગતી કરી ગયા હતા.

જયારે ૧૫૦૧ થી ૨૫૦૦ની વાર્ષિક આવકવાળા જુથમા લોન/સહાય લીધા પહેલાં ૧૩ કુટુંબો હતા જે લોન/સહાય બાદ ફકત ૪ કુટુંબો રહેવા પામ્યા હતા એટલેકે ૯ કુટુંબો ૧૫૦૧ થી ૨૫૦૦ ના વાર્ષિક આવક જુથમાંથી પણ આગળ નીકળી ગયા છે. જે ખૂબજ સારી અસર ગણાવી શકાય.

૨૫૦૧ થી ૩૫૦૦ની વાર્ષિક આવક ધરાવતા કુટુંબો ઉદ્યોગની લોન/સહાય લીધા પહેલા ૧૧ હતા જે લોન/સહાય લીધાબાદ ૨૦ થયા છે. એટલે કે તેમા ૯ કુટુંબો ઉમેરાયા છે તે યોજનાની સારી અસરતા દર્શન કરાવે છે. તેવી જ રીતે ૩૫૦૧ થી ૬૦૦૦ સુધીના વાર્ષિક આવક ધરાવતું લોન/સહાય મેળવ્યા પહેલા ફક્ત એકજ કુટુંબ હતું જે લોન/સહાય મેળવ્યા બાદ ૬ કુટુંબ થયા છે તેમા પણ પાચ કુટુંબોનો ઉમેરો થયો છે જે નાનો સુનો નગણાવી શકાય.

કેટલીક અગત્યની યોજના વિષાયક નોંધ :

૧) અન્ય કુટીર ઉદ્યોગ હેઠળ કેરોસીનની લારી, ફોટાફ્રેમીંગ, ઈલેક્ટ્રીક સાધનો રીપેરીંગ, ચર્મવ્યાપાર, કરીયાણું, શાકભાજની લારી, ખાલીબારદાન રીપેર, અઢૂણા બનાવવા, સૂપડા બનાવવા, અંબરચરખો જેવા વ્યવસાયો નો સમાવેશ કરવામાં આવ્યા છે.

૨) એકંદરે અન્ય કુટીર ઉદ્યાગની યોજનાના લાભાર્થીઓની આવક સારી એવી વધવા પામી છે.

૩) સ્વયંરોજગારની યોજનામા જેવી કે કેરોસીનની લારી, ફોટો ફ્રેમીંગ, વણાટકામ, ઈલેક્ટ્રીકના સાધનો રીપેરીંગ, ખાલીબાર-દાન રીપેરીંગ, જેવા વ્યવસાયોમાથી લાભાર્થીઓની આવક વધવા પામી છે.

૪) જયારે અંબરચરખો, સીવણ મશીન, સુપડા બનાવવા, અઢુણા બનાવવા જેવી યોજનાના લાભાર્થીઓએ વ્યવસાય નામ પૂરતો કરતા હતા ફકત લોન લેવા ખાતરજ ધંધો કરે છે તેવું બતાવ્યું હોય તેવું ક્ષેત્રકાર્ય દરમ્યાન જોવા મળ્યું હતું. બાકીતો આ સર્વે લાભાર્થી કુટુંબો ખેતમજુરી અને છૂટક મજુરી કરતાજ માલુમ પડયા હતા.

૪:૩. વાર્ષિક આવક અને સરેરાશ કુટુંબદિઠ આવકમા ફેરફાર :

કોઠા નં. ૪:૮ મા અભ્યાસમા આવરેલ કુટુંબોની કુલ વાર્ષિક આવક, સરેરાશ માથાદિઠ વાર્ષિક આવક અને આવકમા થયેલો વધારો ટકાવારીમા દર્શાવવામાં આવ્યો છે.

## કોઠા નં. ૪:૮

અભ્યાસમાં આવરેલ કુટુંબોની યોજનાનો લાભ લીધા પહેલા અને પછીની વાર્ષિક આવક
અને તેમાં થયેલ ફેરફારની વિગત દર્શાવતો કોઠો.

| અ.નં. | યોજના | લાભાર્થી સંખ્યા | યોજનાનો લાભ લીધા પહેલાની આવક | સરેરાશ કુટુંબ-દીઠ વાર્ષિક આવક | યોજનાનો લાભ પછીની વાર્ષિક આવક | સરેરાશ કુટુંબ-દીઠ વાર્ષિક આવક | આવકમાં વધારો ટકામાં |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચર્મોદ્યોગ | ૨૫ | ૪૫,૫૦૦ | ૧,૮૨૦.૦૦ | ૬૪,૫૦૦ | ૨,૫૮૦.૦૦ | ૪૧.૭૫ |
| ૨. | કાપડફેરી | ૧૮ | ૪૨,૩૫૦ | ૨,૩૫૨.૭૭ | ૫૬,૦૫૦ | ૩,૧૧૩.૮૮ | ૩૨.૩૪ |
| ૩. | દુધાળાપશુ | ૨૧ | ૪૩,૨૫૦ | ૨,૦૫૯.૫૨ | ૬૫,૪૫૦ | ૩,૧૧૬.૬૬ | ૫૧.૩૨ |
| ૪. | અન્ય કુટીર ઉદ્યોગ | ૩૧ | ૬૮,૬૦૦ | ૨,૨૧૨.૯૦ | ૯૧,૧૫૦ | ૨,૯૪૦.૩૨ | ૩૨.૮૭ |
| | કુલ | ૯૫ | ૧,૯૯,૭૦૦ | ૨,૧૦૨.૧૦ | ૨,૭૭,૧૫૦ | ૨,૯૧૭.૩૬ | (૩૮.૭૮%) |

કોઠા નં. ૪:૭ના આંકડા જોઈએ તો યોજનાનો લાભ લીધા પહેલા ચર્મોદ્યોગના ૨૫ કુટુંબોની કુલ વાર્ષિક આવક ૪૫૫૦૦ રૂા. અને સરેરાશ કુટુંબદીઠ વાર્ષિક આવક રૂા.૧૮૨૦-૦૦ની હતી જે યોજનાનો લાભ લીધાબાદ વધીને ૨૫૮૦-૦૦ રૂા. થઈ હતી.

જયારે કાપડફેરીના ૧૮ કુટુંબોની લોન/સહાય મેળવ્યા પહેલા કુલ વાર્ષિક આવક રૂા.૪૨૩૫૦-૦૦ હતી જયારે સરેરાશકુટુંબદીઠ વાર્ષિક આવક ૨૩૫૨.૭૭ હતી જે યોજનાનો લાભ લીધા બાદ રૂા.૩૧૧૩-૮૮ થઈ હતી.

દુધાળા પશુના ૨૧ લાભાર્થીઓની લોન/સહાય મેળવ્યા પહેલા ૪૩૨૫૦-૦૦ કુલ વાર્ષિક આવક હતી તથા સરેરાશ કુટુંબ દિઠ વાર્ષિક આવક ૨૦૫૯.૫૨ની હતી જે યોજનાનો લાભ લીધાબાદ ૩૧૧૬.૮૦ થવા પામી હતી.

અન્યકુટિર ઉદ્યોગના ૩૧ લાભાર્થીઓની કુલ વાર્ષિક આવક રૂા.૬૮૬૦૦ યોજનાનો લાભ લીધા પહેલા નોંધાવી હતી તે સરેરાશ કુટુંબ દિઠ વાર્ષિક આવક ૨૨૧૨.૯૦ પૈસા હતી જે યોજનાનો લાભ લીધાબાદ વધીને ૨૯૧૭.૩૬ પૈસાની થઈ હતી.

યોજનાવાર સહાય લીધા પહેલા અને સહાય બાદ આવકમા થયેલા વધારાને ટકાવારીમા જોઈએ તો સૌથી વિશેષ દુધાળા પશુમા ૫૧.૩૨ ટકાનો આવક વધારો થયો છે જયારે ચર્મોદ્યોગમા ૪૧.૭૫ ટકા અન્ય કુટીર ઉદ્યોગમા ૩૨.૮૦ ટકા તથા કાપડફેરીમાં ૩૨.૩૪ ટકાનો આવક વધારો થયો છે.

અભ્યાસમા આવરેલ ૯૫ લાભાર્થી કુટુંબની યોજનાનો લાભ લીધા પહેલા કુલ વાર્ષિક આવક ૧૯૯૭૦૦-૦૦ હતી તે કુટુંબ દિઠ સરેરાશ વાર્ષિક આવક રૂા. ૨૧૦૨-૧૦ હતી જે યોજનાનો લાભ લીધાબાદ વધીને ૨૯૧૭.૧૬ની થવા પામી હતી કુલ ૯૫ કુટુંબોની યોજનાનો લાભ લીધા બાદ ૩૮.૭૮ ટકા આવક વધારો નોંધાયો છે.

## ૪:૪. સહાયથી મળેલ સાધન હાલ છે:

સંકલીત ગ્રામ વિકાસ યોજના હેઠળ દરેકે દરેક કક્ષાના અધિકારી કર્મચારીઓએ 'એસેટસ વેરી ફિકેશન'' કરવાનું હોય છે. તેવી વ્યવસ્થા

અ.જા.આ. વિ. નિગમ ધ્વારા અપાયેલ સહાયબાબત છે કે નહી તે ધ્યાને આવ્યું નથી તેમ છતા અભ્યાસ હેઠળ આવરી લીધેલા કુટુંબોમાંથી જેમને પશુ મળ્યા છે તેમને ટેગીંગ વખતેજ પશુ અધિકારી કર્મચારીઓએ જોયા છે. ત્યારબાદ કોઈના પણ એસેટસનું વેરી ફિકેશન થયેલુ નોંધાયુ નથી.

મૂલ્યાંકન અભ્યાસ વખતે બનાવેલા મૂલ્યાંકન પત્રકમાં એક એ પણ સવાલ રાખ્યો હતો કે લોન/સહાયથી મળેલ સાધન હાલ છે?

તેના જવાબોની વિગત કોઠા નં. ૪:૯મા આપી છે.

કોઠા નં. ૪:૯

સહાયથી મળેલ સાધન હાલ છે તેની વિગત દર્શાવતો કોઠો.

| અ.નં. | વિગત | હાલ સાધન છે. હા | ના | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ચર્મોદ્યોગ | ૧ | ૨૪ | ૨૫ |
| ૨. | કાપડફેરી | ૮ | ૧૦ | ૧૮ |
| ૩. | દૂધાળાપશુ | ૧૩ | ૮ | ૨૧ |
| ૪. | અન્ય કુટીર ઉદ્યોગો | ૧૬ | ૧૫ | ૩૧ |
| | કુલ | ૩૮ | ૫૭ | ૯૫ |
| | ટકા | (૪૦.૦૦) | (૬૦.૦૦) | (૧૦૦) |

ભેંસ : ૧) મરીગઈ -૩
૨) વેચીદીધી -૧
૩) દીકરીને ભેટમા આપી -૧.

કોઠા નં. ૪:૯ની વિગત મુજબ ચર્મોદ્યોગના કુલ ૨૫ કુટુંબોને અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા હતા તેમાંથી ફકત એકજ કુટુંબે એમ દર્શાવ્યુ છે કે તેની પાસે હાલ સાધન છે. બાકીના ૨૪ પાસે નથી.

જયારે કાપડફેરી માટે લોન/સહાય મેળવેલા ૧૮ કુટુંબોમાંથી ૮ કુટુંબો પાસે સાધન છે જયારે ૧૦ કુટુંબો પાસે નથી. દુધાળાપશુમાં જોઈએતો કુલ ૨૧ લાભાર્થીઓમાંથી ૧૩ કુટુંબો પાસે પશુ છે. જયારે ૮ પાસે નથી ૮માંથી ૩ ભેંસો મરી ગઈ છે. ૧ ભેંસ વેચી દીધી છે અને ૧ ભેંસ દિકરીને ભેટમાં આપી દીધી છે.

અન્ય કુટીરઉદ્યોગના કુલ ૩૧ લાભાર્થી કુટુંબોમાથી ૧૬ કુટુંબો પાસે સાધનો હાલ મોજુદ છે જ્યારે ૧૫ કુટુંબો પાસે નથી.

કુલ ૯૫ કુટુંબોમાંથી ૩૮ કુટુંબો એટલે કે ૪૦ ટકા કુટુંબો પાસે મળેલ સાધનો છે જયારે ૫૭ એટલે કે ૬૦ ટકા કુટુંબો પાસે મળેલા સાધનો હાલ નથી.

તાલીમ :

આપણે જાણીએ છીએ તેમ સરકાર ધ્વારા ટ્રાયસેમ યોજના હેઠળ બેકાર યુવાનોને જુદા જુદા વયવસાયો કરવા માટેની સહાયક તાલીમ આપવામાં આવે છે. અભ્યાસમા આવરી લીધેલા કુટુંબોને પણ પૂછવામા આવ્યુ હતું કે તમોએ કોઈ તાલીમ લીધી છે કે કેમ તે અંગેની વિગત કોઠા નં. ૪:૧૦ મા આપવામા આવી છે.

કોઠા નં. ૪:૧૦

પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોમાથી તાલીમ લીધેલ સભ્યોની વિગત દર્શાવતો કોઠો.

| અ.નં. | ધંધા-જૂથ | તાલીમ યોજનાનો લાભ લીધોછે? | | લીધેલ લાભની વિગત | | |
|---|---|---|---|---|---|---|
| | | હા | ના | ડ્રાયવીંગ | ચર્મોદ્યોગ | ઈલેકટ્રીક ફીટીંગ |
| ૧. | ચર્મોદ્યોગ | ૫ | ૨૦ | – | ૫ | – |
| ૨. | કાપડફેરી | ૨ | ૧૬ | ૨ | – | – |
| ૩. | દૂધાળાપશુ | – | ૨૧ | – | – | – |
| ૪. | અન્યકુટિર ઉદ્યોગ | ૧ | ૩૦ | – | – | ૧ |
| | કુલ | ૮ | ૮૭ | ૨ | ૫ | ૧ |
| | ટકા | (૮.૪૨) | (૯૧.૫૮) | | | |

કોઠા પરથી વિગત તપાસતા માલુમ પડે છે કે ૮ વ્યકિતઓએ જુદી જુદી તાલીમમેળવી હતી તેમા ૨ વ્યકિતઓએ ડ્રાયવીંગ, ૫ વ્યકિતઓએ ચર્મોદ્યોગની અને ૧ વ્યકિતએ ઈલેકટ્રીક ફિટીંગની તાલીમ મેળવેલી હતી.

નોંધ: ઉપરના બધા લાભાર્થીઓએ "ટ્રાયસેમ" યોજના હેઠળ લાભ મેળવેલ નથી.

# પ્રકરણ : ૫

- ખાસ અંગભૂત યોજના અમલીકરણમા નાણાકીય સંસ્થાઓ, અમલીકરણ માળખુ, સમાજકાર્યકરો તથા લભાર્થીની ભૂમિકા.

- અનુસૂચિત જાતિ વિકાસ કાર્યકારી જુથે અહેવાલમા અનુસૂચિતજાતિ નિગમોની અમલીકરણ સુધારા માટે સૂચવેલી ભલામણો.

# પ્રકરણ : ૫

## ખાસ અંગભૂત યોજના અમલીકરણમાં વિવિધ સંસ્થાઓ અમલીકરણ માળખુ, સમાજ-કાર્યકર અને લાભાર્થીઓની ભૂમિકા :

વિકાસની વ્યૂહરચના એવી છે કે આર્થિક રીતે પૂરતી યોગ્ય હોય અને તાંત્રિક રીતે સરળ હોય એ પ્રકારની પ્રવૃતિઓ કરતા કુટુંબોને સંસ્થાકીય ધિરાણ મારફતે જુદા જુદા પ્રકારની મદદ આપવી જોઈએ. આમ ખાસ અંગભૂત યોજના સહિતની ગમે તે વિકાસ યોજનામાં વહીવટી માળખું, લક્ષ્યાંક જૂથ, નાણાંકીય સંસ્થાઓ વગેરે ચાવીરુપ ક્ષેત્રો છે. જેમ વાહન ચલાવવા બળતણ કે શકિત જોઈએ એ રીતે યોજનાના અમલીકરણ માટે નાણાંકીય મદદ જોઈએ જે નાણાંકીય સંસ્થાઓ જ આપી શકે. યોજનાની સિધ્ધિનો આધાર ઘણે અંશે ધિરાણ સંસ્થાઓ તરફથી મળતા સહકારને આધારી હોય છે. સમાજના વિશાળ વર્ગના ઉત્થાન ખાસ કરીને સમાજના નબળા વર્ગોના ઉત્થાન માટે પૂરતું નાણાંકીય ભંડોળ ઉપલબ્ધ બની શકે એ માટે દેશની મોટી મોટી બેન્કોનું રાષ્ટ્રિયકરણ કરવામાં આવ્યું છે. આથી જ રાષ્ટ્રીયકરણ બાદ જે નબળા વર્ગોની વિકાસ યોજનામાં તાતેજતરના વર્ષોમાં ગતિ આવેલી જોઈ શકાય છે.

ધિરાણ સંસ્થાઓ વિકાસ યોજનાઓ/કાર્યક્રમોમાં જવાબદારી પૂર્વક પૂરતુ ધિરાણ આપે છે માટે રાજયની મુખ્ય રાષ્ટ્રિયકૃત બેન્કોને જિલ્લાઓ ફાળવી આપવામાં આવ્યા છે. આમ સંબંધિત જિલ્લા માટે ફાળવાયેલી બેન્કને લીડ બેન્ક કહેવામાં આવે છે જે ધિરાણ-ફાળવણીમાં માત્ર અગ્રેસર જ નહિ પરંતુ જવાબદાર પણ રહે છે. આમ એ સ્પષ્ટ પણે જોઈ શકાય છે કે ધિરાણ સંસ્થાઓએ વિકાસમાત્રામાં ચાવીરુપ ફાળો આપવાનો રહે છે.

## ગુજરાત અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમની પ્રવૃતિઓમાં ધિરાણ સંસ્થાઓનુ યોગદાન :

ગુજરાત રાજયમાં ગરીબીની રેખા નીચે હેઠળ જીવતા અનુસૂચિત જાતિના કુટુંબોને પસંદગીથી નિયત થયેલ આર્થિક યોજનાઓ ધ્વારા નાણાકીય સવલતો પુરી પાડી આ કુટુંબોને ચોકકસ સમયમર્યાદામાં ગરીબી રેખાથી બહાર લાવી આર્થિક ઉન્નતિ કરવાના મુખ્ય ઉદ્દેશથી ૧૯૭૫માં ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવી હતી જે સને ૧૮૬૦ના સોસાયટી રજિસ્ટ્રેશન એકટ હેઠળ નોંધાયેલી હતી પરંતુ પાછળથી તેના માળખામાં

...૮૪..

સંધારાવધરા કરીને ૧૯૭૯માં ૧૯૫૬ના ઈન્ડિયન કંપનીઝ એક્ટ હેઠળ રાજય સરકારના સાહસ તરીકે રુપાંતર કરવામાં આવ્યું હતું.

નિગમ ધ્વારા હોજયરી ઉધોગ, બાંધકામ, જંગલ ગૌણ પેદાસ, ખેતઉધોગ ખાધ અને પીણા, રસાયણ, હસ્તકલા અને અન્ય બિનવર્ગીકૃત ક્ષેત્રની બધી મળીને ૧૨૬ આર્થિક પ્રવૃત્તિઓને બેન્કેબલ યોજનાઓ તરીકે સ્વકારવામાં આવી છે. એટલે કે આ યોજનાઓ હેઠળના માગણીદારો માટે નિગમ બેન્કને ધિરાણ આપવા ભલામણ કરી શકે છે. ૧૯૮૩-૮૪ના વર્ષમાં ગુજરાત રાજ્યમાં કુલ ૪૨૮૧૧ લાભાર્થીઓને રુા. ૧૭,૫૪,૩૬,૬૭૭નું ધિરાણ રાષ્ટ્રિયકૃત બેન્કો ધ્વારા કરવામાં આવ્યુ હતું. આ ધિરાણમાં મુખ્ય મુખ્ય યોજનાઓ હેઠળના લાભાર્થીઓ અને ધિરાણની વિગતો તપાસીએ તો દૂધાળા ઢોર યોજના માટે ૨૪૮૫ લાભાર્થીઓને રુા.૬૦,૦૨,૭૦૧, ચર્મઉધોગ યોજના હેઠળ ૭૫૪૮ લાભાર્થીઓને રુા.૮૧,૫૫,૯૧૦, વણાટકામ યોજના હેઠળ ૮૫૦૯ લાભાર્થીઓને રુા.૯૫,૯૧,૦૫૦ શિવણકામ યોજના હેઠળ ૨૯૧૪ લાભાર્થીઓને રુા.૩૩,૦૩,૯૨૪, કાપડફેરી યોજના હેઠળ ૫૦૩૪ લાભાર્થીઓને રુા.૬૭,૭૯,૭૬૫, બળદગાડા યોજના હેઠળ ૨૩૩ લાભાર્થીઓને રુા.૭,૧૭,૧૨૭, ઊંટગાડાયોજના હેઠળ રુા.૪,૫૨,૦૦૦ તેમજ અન્ય યોજનાઓ હેઠળ ૫૧૭૩૧ લાભાર્થીઓને રુ+. રુા. ૧,૮૧,૭૯,૨૮૫નું ધિરાણ કરવામાં આવ્યું હતું.

વધુમાં નિગમ ધ્વારા પસંદ કરાયેલા લાભાર્થીઓ અને તેમને મળેલ ધિરાણની વિગતો તપાસીએ તો ૧૯૮૩-૮૪ના વર્ષમાં કુલ ૧,૩૨,૮૧૪ લાભાર્થીઓને રુા.૧૭,૪૬,૮૫૮નું ધિરાણ કરવામાં આવ્યું હતું તેમાં ૮૩૦૪ (૧૯.૨૪%) ભંગી કુટુંબોને રુા.૭૨,૩૦,૯૪૫, ૧૯૫૮ (૪.૯૫%) સેનવા કુટુંબોને રુા.૨૪,૫૬,૮૩૫, ૩૯૪ (૦.૭૨%) હાડી કુટુંબોને રુા. ૪,૦૭,૨૯૭, ૩૦૩ (૦.૯૧%) નાડીયા કુટુંબોને રુા. ૨,૯૫,૮૮૫, ૧૯૯ (૦.૮૦%) તુરી કુટુંબોને રુા.૨,૪૧,૩૩૫, ૧૭૨૩૨ ( ૩૯.૦૮%) વણકર કુટુંબોને રુા.૨,૨૨,૪૪,૮૬૫, ૧૦૫૮૩ (૨૪.૬૬%) ચમાર કુટુંબોને રુા.૧,૩૨,૬૮,૪૦૭, તેમજ અન્ય ૩૮૩૮ (૯.૬૪%) કુટુંબોને રુા.૫૦,૩૭,૧૯૩નું ધિરાણ આપવામાં આવ્યું હતું. ગુજરાત અનુસૂચિત આર્થિક નિગમ ધ્વારા ૧૯૮૩-૮૪ના વર્ષમાં પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબો અને તેમને મળેલ ધિરાણની રકમ ઉપર દ્રષ્ટિપાત કરતાં ખૂબજ સ્પષ્ટ જણાય છે કે યોજનાઓના લાભ લેવામાં અનુસૂચિત જાતિઓમાં વધુ શિક્ષિત અને જાગૃત એવા વણકર અને ચમાર જેવી પેટા-જાતિઓના કુટુંબો

અગ્રેસર રહયા છે. પરંતુ સેનમા, હાડી, ભંગી, તુરી જેવી અત્યંત પછાત અને ગરીબાઈમા જીવતી જાતિઓના કુટુંબોની સંખ્યા તદ્દન અલ્પ છે જે સરકારની આ જાતિઓના ઉત્કર્ષ માટે ખાસ ધ્યાન આપવાની નીતિ સાથે સુસંગત નથી તેની નોંધ લેવાવી જોઈએ. તેમજ સરકારની નીતિ અનુસાર અત્યંત પછાત પરિસ્થિતિમાં જીવતી જાતિઓના કુટુંબોની સંખ્યા વધે તે માટે નિગમ તરફથી ખાસ પગલા લેવાવા જોઈએ એ ઘણું સુસંગત અને અનિવાર્ય છે એ હકીકત ધ્યાનમા રાખવા જેવી છે.

<u>મહેસાણા જિલ્લામાં ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમની યોજનાઓમાં</u>

<u>રાષ્ટ્રિયકૃત બેન્કોનુ યોગદાન :</u>

ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગરની પ્રવૃતિઓમાં રાષ્ટ્રિયકૃત બેન્કોના યોગદાનની વિગતો જોયા બાદ હવે મહેસાણા જિલ્લામાં નિગમ અને રાષ્ટ્રિયકૃત બેન્કોનુ યોગદાન કેવું રહયું છે તેની વિગતો તપાસીએ.

૧૯૮૩- ૮૪ના વર્ષના ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ હેઠળ ખાસ અંગભૂત યોજના અને સામાન્ય એટલે કે બિન અંગભૂત યોજના હેઠળના એમ બધા મળીને ૨૫૭ લાભાર્થીઓને આર્થિક મદદ આપવામા આવી હતી. તેમાં દૂધાળાઢોર યોજનાના ૧૭૮ કુટુંબો, ચર્મઉદ્યોગ યોજનાના ૪૫૦ કુટુંબો, વણાટકામ યોજનાના ૨૬૮ કુટુંબો, સીવણકામ યોજનાના ૧૩૭ કુટુંબો, કાપડફેરી યોજનાના ૬૪૬ કુટુંબો, બળદગાડા યોજનાના ૩૩ કુટુંબો, ઊંટગાડા યોજનાના ૫૫ કુટુંબો, વાંસકામ ઉદ્યોગના ૧૫૦ કુટુંબો અને અન્ય વ્યવસાયોના ૬૭૦ કુટુંબોનો સમાવેશ થતો હતો. સૌથી વધુ પ્રમાણ ચર્મઉદ્યોગ, કાપડફેરી યોજના અને અન્ય ઉદ્યોગોની યોજનાઓનુ જોવા મળે છે. પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોમાં ૬૩.૨૮% ખાસ અંગભૂત યોજનાના ગામોના તેમજ ૩૬.૭૨% કુટુંબો ખાસ અંગભૂત યોજનાના ગામો સિવાયના ગામોના કુટુંબો હતા.

<u>ધંધાવાર ધિરાણ :</u>

રાષ્ટ્રિયકૃત બેન્કો સહિતની નાણાંકીય સંસ્થાઓ ધ્વારા અનુસૂચિત જાતિના કુટુંબોને ધિરાણ આપવામાં આવે છે તેમાં ખાસ અંગભૂત યોજનાની ગામો તેમજ સામાન્ય ગામોનો પણ સમાવેશ થયા છે. તેથી ધંધાવાર ધિરાણની વિગતોના પણ બન્ને પ્રકારના ધિરાણના આકડા તપાસવાનુ યોગ્ય થઈ પડશે.

ધંધાવાર ધિરાણની વિગતો તપાસીએ તો દૂધાળાપશુ યોજના હેઠળ કુલ રૂા.૪,૭૦,૮૫૦નું ધિરાણ આપવામાં આવ્યુ હતુ જેમા ખાસ અંગભૂત યોજના હેઠળ રૂા.૨,૭૯,૧૦૦ તેમજ બિન-ખાસ અંગભૂત યોજના હેઠળ રૂા.૧,૯૧,૭૫૦ જે અનુક્રમે ૦.૭૭% અને ૪.૭૨%ના પ્રમાણમાં હતું.

કોઠા નં. ૫:૧

૧૯૮૩-૮૪માં અ.જા. આર્થિક વિકાસ નિગમ ધ્વારા યોજનાવાર આવરી લેવાયેલા લાભાર્થીઓ તથા ધિરાણની રકમ તથા પસંદકરેલા કુટૂંબો અને ધિરાણની રકમ દર્શાવતો કોઠો

| અ.નં. | યોજનાનું નામ | ૧૯૮૩-૮૪માં અ.જા.આ.વિ. નિગમ ધ્વારા યોજનાવાર આવરેલ લાભાર્થી અને ધીરાણની રકમ | | અભ્યાસ માટે પસંદ કરાયેલ યોજનાવાર કુટૂંબોની સંખ્યાઓ મેળવેલ ધીરાણની રકમ | | સહાયની રકમ |
|---|---|---|---|---|---|---|
| | | લાભાર્થીની સંખ્યા | ધીરાણની રકમ | લાભાર્થીની સંખ્યા | ધીરાણની રકમ | |
| ૧. | ચર્મોદ્યોગ | ૭,૫૪૮ | ૮૧,૫૫,૬૧૦ | ૨૫ | ૪૬,૫૦૦ | ૧૮,૦૦૦ |
| ૨. | કાપડફેરી | ૫,૦૩૪ | ૬૭,૭૯,૭૬૫ | ૧૮ | ૨૫,૭૦૦ | ૧૨,૦૦૦ |
| ૩. | દુધાળા પશુ | ૨,૪૮૫ | ૬૦,૦૨,૭૦૧ | ૨૧ | ૫૨,૫૦૦ | ૧,૮૨૦ |
| ૪. | અન્ય કુટિર ઉદ્યોગ | ૧૫,૯૮૮ | ૧,૬૧,૭૯,૨૮૫ | ૩૧ | ૪૦,૪૨૦ | ૨૧,૨૫૦ |
| | કુલ | | | | | |

કોઠા નં.૫:૧ માં દર્શાવેલા આંકડા ઉપર દૃષ્ટિપાત કરતાં જોઈ શકાય છે કે પસંદ કરાયેલા ૯૫ કુટુંબોમાંના ચર્મોદ્યોગ યોજનાના ૨૫ કુટુંબોમેને રૂા.૧૮૦૦૦ની નાણાકીય સહાય સાથે રૂા.૪૬,૫૦૦નું ધિરાણ, કાપડફેરી યોજનાના ૧૮ કુટુંબોને રૂા.૧૨૦૦૦ની નાણાકીય સહાય સાથે રૂા.૨૫,૭૦૦નું ધિરાણ, દૂધાળા પશુ યોજનાના ૨૧ કુટુંબોને રૂા.૧૮૨૦ની નાણાકીય સહાય સાથે રૂા.૫૨,૫૦૦નું ધિરાણ અને અન્ય કુટિર ઉદ્યોગોના ૩૧ કુટુંબોને રૂા.૨૧,૨૫૦ની નાણાકીય સહાય સાથે રૂા.૪૦,૪૨૦નું ધિરાણ આપવામાં આવ્યું હતું.

ધિરાણની રકમના આંકડાની વધુ ઉંડાણપૂર્વક તપાસવામાં આવે તો સૌથી વધું સરાસરી ધિરાણ રૂા.૨૫૦૦ દૂધાળા પશુ યોજનાના કુટુંબોને આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ચર્મોદ્યોગના કુટુંબોને સરાસરી ધિરાણ રૂા.૧૮૬૦ નું, કાપડફેરી યોજનાના કુટુંબોને રૂા.૧૪૨૭ અને અન્ય કુટિર ઉદ્યોગોના કુટુંબોને રા. ૧૩૦૩.૭૭ સરાસરી ધિરાણ આપવામાં આવ્યું હતું.

દૂધાળા પશુ યોજનાના કુટુંબોને અપાયેલ ધિરાણ આ જિલ્લાના વ્યવસાય માળખા સાથે ઘણુંજ સુસંગત છે સાથે સાથે કુટુંબની પૂરક આવક વધારવામાં ઘણું આ યોજના ઘણી ઉપયોગી છે. જયારે ચર્મોદ્યોગ યોજનાના લાભાર્થી કુટુંબોને જે ધિરાણ આપવામાં આવી છે તે તર્કસંગત હોય એવી પ્રતિતિ થતી નથી. પાટણના ચમાર જાતિના ભાઈઓને રૂા.૧૦૦૦નું ધિરાણ ચર્મદ્યોગ માટે આપવામાં આવ્યું હતું. તપાસ કરતાં જોવા મળ્યું હતું કે આ સ્થળના મોટાભાગના કુટુંબો અનાજ સાફ કરવાના વ્યવસાય સહિત અન્ય વ્યવસાયમાં જોડાયેલા છે વળી તેમનો વાસ એટલો તો સૌકડામણવાળો હતો કે ત્યાં આટલા કુટુંબો ચર્મદ્યોગ કેવી રીતે કરી શકે? કેટલાક માહિતીદાતાઓએ ચામડું વેચતા હોવાની માહિતી આપી હતી. આ માહિતી દાતાઓએ એવુ જણાવ્યું હતું કે ચામડાના વેચાણકામ માટે તેમને મળેલ ધિરાણની રકમ તદ્દન અપૂરતી હતી. આમ આ ધિરાણનો યથાર્થ ઉપયોગ થયો એય એવું કહેવું ઘણુંજ અશકય હતું. ચર્મદ્યોગની યોજના તર્કસંગત બનાવવી જોઈએ તો જ તેની પાછળ થતા ધિરાણનો હેતુ સરી શકે. એજ પ્રમાણ કાપડફેરી યોજનાના લાભાર્થી કુટુંબોને ધિરાણ આપવામાં આવ્યું હતું તેમા મહેસાણાના કુટુંબોનો સમાવેશ થતો હતો. ક્ષેત્રકાર્ય દરમિયાન આ કુટુંબો કાપડવેચાણનો કે કાપડફેરીનો વ્યવસાય વ્યવસ્થિત ધોરણે કરતા હોય એવું સ્પષ્ટપણે જોવા મળ્યું ન હોતું.

...૮૮..

યોજના અમલીકરણમાં બેંકોને નડતી કેટલીક અડચણો :

ધિરાણ સંસ્થાઓ ધ્વારા નાણાકીય ધિરાણ આપવામાં આવે છે જેમાં નિયત સહાય પણ હોય છે. લાભાર્થી કુટુંબોને ધિરાણ અને સહાય કેવી રીતે મળે છે? તેની પધ્ધતિની વિગતો તપાસવી મૂલ્યાંકન અભ્યાસના સંદર્ભમાં અનિવાર્ય પણે ઉપયોગી છે.

યોજનાનો લાભ મેળવા ઇચ્છુક કુટુંબ તરફથી ભરાયેલ અરજી પત્રક ચકાસણીમા યોગ્ય ઠરતાં નિગમના જિલ્લા મેનેજર ધ્વારા સંબંધિત બેન્ક તરફ ધિરાણ/સહાય આપવાની ભલામણ કરી મોકલવામાં આવે છે. બેન્ક પોતાની રીતે ચકાસણી કરી યોગ્ય જણાયતો ધિરાણ આપવાની મંજૂરી આપે છે. જયારે નાણાંકીય સહાય આપવાની બાબતમાં તો સંબંધિત સંસ્થા ધ્વારા સહાયની રકમ જમા કરાવવામાં આવે ત્યારબાદ આ કુટુંબોને સહાયની રકમ કપાત કરવામાં આવે છે. જયારે આઈ.આર.ડી. જેવી યોજનામાં તો સહાયની રકમ અગાઉથી જ સંબંધિત બેન્કમાં જમા રાખવામાં આવે છે જેથી સહાય આપવામી વિધી ધિરાણ આપવાની સાથેજ થતી હોય છે તેથી લાભાર્થીઓની ગેરસમજ સહેલાઈથી ટાળી શકાય છે. સાથે સાથે બેન્ક તરફ અરજી ભલામણ સાથે મોકલાવ્યા બાદ કેટલા સમયગાળામાં તેનો નિકાલ કરવામાં આવે છે તે પણ મહત્વનું છે અને એ ભલામણ થયેલી અરજી નકારવામાં આવે તો તે માટેના કયા કયા કારણો હોઈ શકે તે પણ જાણવાનું જરુરી છે.

આ મૂલ્યાંકન અભ્યાસમાં નાણાંકીય સંસ્થાઓના પ્રદાનને મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે પરંતુ અભ્યાસની સમય મર્યાદાને કારણ માત્ર સિન્ડિકેટ બેન્ક મહેસાણાની મુલાકાત લઈ સંબંધિત માહિતી મેળવવામાં આવી છે. ૧૯૮૩-૮૪ ના વર્ષમાં આ બેન્કને કુલ ૨૫ અરજીઓ ધિરાણ આપવા ભલામણ સાથે આપવામાં આવી હતી જે સામે માત્ર ૧૬ અરજીઓ માન્ય રખાઈ હતી એટલે કે ધિરાણ આપવામાં આવ્યું હતું. જયારે બાકીની ૯ અરજી રદ કરવામાં આવી હતી એટલે કે બેન્કના અભિપ્રાયમાં ધિરાણપાત્ર નહોતી. આ અરજીઓ રદ કરવા માટે નીચે પ્રમાણેના કારણો જવાબદાર હતા.

(૧) જે યોજના માટે ભલામણ કરાઈ હતી તે માફક ન હોવાથી.

(૨) અરજદાર માંગણીવાળી યોજના અંગે જરુરી અનુભવ ધરાવતા ન હોવાથી.

(૩) બેન્કને ફાળવાયેલ ગામો સિવાયના ગામના અરજી હોવાથી.

(૪) આ સિવાયની અન્ય બેન્કમાંથી આ પહેલા લોન લીધી હોવાથી.

(૫) અરજદાર આ સ્થળે માત્ર મજૂરી કરવા આવેલ હોવાથી ત્યાંના કાયમી વસવાટી ન હોવાથી.

(૬) સરકારી કર્મચારીના કુટુંબ તરફથી અરજી હોવાથી.

(૭) નિયત આવક મર્યાદા કરતા વધુ આવક ધરાવતા હોવાથી.

(૮) અરજીમાં માહિતી અપૂરતી અને ખોટી માહિતી દર્શાવી હોવાથી.

(૯) ''નાબાર્ડ''ની માર્ગદર્શન મુજબની યુનિટકોસ્ટ ન હોવાથી.

(૧૦) સાંગેદનામાની પધ્ધતિને કારણે અરજદારો સહી કરવામાં ખચકાટ અનુભવતા હોવાથી. સહી વિનાના સાંગેદનામાને કારણે.

મહેસાણા જિલ્લામા આવેલી બેન્કોને મોકલાવેલી અરજીઓ પડતર, સ્વીકાર કે અસ્વીકારની વિગતો પરિશિષ્ટમાં બતાવેલ આંકડા ઉપરથી જોઈ શકાય છે.

યોજનાના હેતુઓ સ્પષ્ટ હોય, અનુકૂળ વહીવટી માળખું હોય, સંબંધિત સંસ્થાઓ વચ્ચે પૂરતું સંકલન હોય, નાણાંકીય સાધનો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોય તો પણ જે તે યોજનાની સિધ્ધિનો ઘણો મોટો આધાર લક્ષ્યાંક જૂથ અથવા તો લાભિત કુટુંબોના વલણો અને પ્રતિભાવો ઉપર હોવાથી યોજનાના મૂલ્યાંકન અભ્યાસમાં આ પાસાની છણાવટ થવી જોઈએ એ ધ્યાનમાં રાખીને કેટલાક મર્યાદિત પાસાઓથી આ વિગતો મેળવી છે.

સરકાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ સહિત સમાજના નબળા વર્ગોના ઉત્થાન માટે જે જુદી જુદી યોજનાઓ ઘડીને અમલમાં મુકે છે. પરંતુ આ યોજનાઓ અંગે લક્ષ્યાંક જૂથોમાં કેટલી જાણકારી છે એ પાયાની બાબત છે. કારણ જો તેઓ જાણતા હશે તો લાભ મેળવવા આગળ આવશે તેથી સૌ પ્રથમ તો જાણકારી હોવી જોઈએ. આ અભ્યાસ માટે પસંદ કરાયેલા ૯૫ કુટુંબો ખાસ અંગભૂત યોજના અથવા તો અનુસૂચિત જાતિના કલ્યાણ માટે યાજના બનાવે છે તે અંગેની જાણકારી અને જાણકારી કેવી રીતે મેળવી એ અંગે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

કોઠા નં. ૫:૨

પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોના માહિતીદાતાઓની અનુસૂચિત જાતિના વિકાસ માટેની સરકારી યોજનાની જાણકારી અને માહિતીના સ્ત્રોતો દર્શાવતો કોઠો.

| અ.નં. | ધંધા-જૂથ | અનુસૂચિત જાતિના વિકાસ માટે સરકારી યોજનાની જાણકારી છે? હા | ના | જ્ઞાતિ આગેવાન | સરપંચ | તલાટી | ગ્રામસેવક | શિક્ષક | સામાજિક કાર્યકર | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચર્મોદ્યોગ | ૨૩ | ૨ | ૩ | – | ૨ | ૧ | ૭ | ૨૨ | – |
| ૨. | કાપડફેરી | ૧૩ | ૫ | ૬ | – | – | ૧ | ૩ | ૯ | – |
| ૩. | દુધાળા પશુ | ૧૫ | ૬ | ૨ | ૩ | ૬ | ૫ | ૩ | ૫ | ૧ |
| ૪. | અન્ય કુટિર ઉદ્યોગ | ૨૨ | ૯ | ૨ | ૭ | ૨ | ૩ | ૫ | ૧૧ | ૧ |
| | કુલ | ૭૩ | ૨૨ | ૧૩ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૮ | ૪૭ | ૨ |
| | ટકા | (૭૮.૯૪) | (૨૩.૧૬) | | | | | | | |

નોંધ: એક કરતા વધુ જવાબ મળેલા છે.

કોઠા નં. ૫:૨ માં દર્શાવેલા આંકડાથી જોઈ શકાય છે કે ૧૦૦ કુટુંબોમાંથી ૭૩ કુટુંબો એટલે કે ૭૮.૯૪% લોકો આ યોજના અંગે વત્તાઓછા પ્રમાણમાં માહિતગાર હતા એ એક જાગૃતિ દર્શાવતી મહત્વની ઘટના છે. તેમાં પણ આ કુટુંબોએ આ અંગેની માહિતી કયાંથી જાણી તે જાણવાનું પણ ઘણું રસપ્રદ છે. વધુમાં આ કુટુંબોએ એક કરતાં વધુ સ્ત્રોતો દ્વારા માહિતી મેળવી છે તેમાં સૌથી વધુ માહિતી સામાજિક કાર્યકરો દ્વારા મેળવી હતી. ત્યારબાદ શિક્ષકો, તલાટી, ગ્રામસેવક જેવા સમાજ સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલા સરકારી કર્મચારીઓ અને સરપંચ અને જ્ઞાતિ આગેવાન જેવા સ્થાનિક નેતાગણે પણ આ માહિતીના પ્રસારણમાં પોતાનો ફાળો આપ્યો છે એવું કોઠામાં દર્શાવેલા આંકડા જોતાં પ્રતિપાદન થાય છે.

યોજનાનો લાભ લેવા માટેની હાલની પધ્ધતિ ઉપલક દ્રષ્ટિએ સામાન્ય હોવા છતાં પણ ઉંડાણના ગામડામાં વસતા અથવા તો અભણ અને ગરીબ ગ્રામ્યજનોને તો આ પધ્ધતિ એક પ્રકારની કડાકુટ લાગે તેથી ઘણા લોકોનો આવી કડાકુટમાં ન પડવા માંગતા હોવાથી લાભ લઈ શકતા નથી એવું અમને ક્ષેત્રકાર્યમાં વારંવાર જોવા મળ્યું હતું. અરજીપત્રનું ફોર્મ મેળવવાની હાડમારીથી માંડીને બેન્કમાં રકમ લેવા જ્યાં સુધીના તમામ સ્તરે અનેક પ્રકારની હાલાકી ભોગવવી પડે છે જે માટેના કારણોની ચર્ચા અહીંયા અસ્થાને છે.

પસંદ કરાયેલા કુટુંબોને અરજીપત્રક કોણ ભરી આપે છે એવો પ્રશ્ન પુછવામાં આવ્યો હતો જેથી જાણી શકાય કે તેમને આ કામમાં કોણ કોણ મદદરૂપ થાય છે અથવા તો આ કુટુંબોને કોની કોની પાસે જવું પડતું હોય છે.

## કોઠા ને. ૫:૩

પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોને અરજીપત્રક ભરવામાં મદદ કરનાર વ્યક્તિઓની વિગત દર્શાવતો કોઠો

| | | મદદગાર વ્યક્તિઓ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.ને. | ધંધા-જૂથ | સામાજિક કાર્યકર | જ્ઞાતિ આગેવાન | અધિકારી | શિક્ષક | તલાટી | ગ્રામ સેવક | સરપંચ | સગા સંબંધી | દૂધમંડળી દ્વારા | પ્રચારક | પોતે | કુલ |
| ૧. | ચર્મોદ્યોગ | ૯ | - | - | ૨ | - | - | - | ૬ | - | - | ૨ | ૧૯ |
| ૨. | કાપડફેરી | ૪ | ૨ | ૧ | - | - | - | - | ૨ | - | - | - | ૯ |
| ૩. | દૂધાળા પશુ | ૧ | - | - | ૨ | ૩ | - | ૧ | ૩ | ૧ | ૧ | - | ૧૨ |
| ૪. | અન્યકુટિર ઉદ્યોગો | ૩ | - | ૩ | ૨ | ૩ | ૨ | ૫ | ૨ | - | - | ૫ | ૨૫ |
| | કુલ | ૧૭ | ૨ | ૪ | ૬ | ૬ | ૨ | ૬ | ૧૩ | ૧ | ૧ | ૭ | ૬૫ |

કોઠા નં. ૫:૩મા દર્શાવેલા આંકડા જોતાં પ્રથમ દ્રષ્ટિએ જ જણાય છે કે આ અંગેની માહિતી માત્ર ૬૫ કુટુંબોએ જ જણાવી હતી. ૩૫ કુટુંબોએ આ માહિતી આપવાની આનાકાની કરી હતી અથવા અસ્પષ્ટ જવાબ આપતા હતા. આ માટેના કારણો જાણી શકાયા નથી. આ કોઠામા પણ લાભિત થવામાં કુટુંબોને સૌથી વધુ મદદરૂપ થનારા તો સામાજિક કાર્યકરો હતા. સાથે સાથે સગાસંબંધિઓએ પણ આ દિશામાં ઘણો ઉમદા ફાળો આપ્યો છે. આ સિવાય શિક્ષક, તલાટી અને ગ્રામસેવક જેવા ગ્રામ્યસ્તરના કર્મચારીઓ, સરપંચ, જ્ઞાતિ આગેવાન જેવા ગ્રામ્ય આગેવાનો અને અન્ય સ્ત્રોતોએ ઠીક ઠીક પ્રમાણમાં કુટુંબને અરજીપત્રક ભરી આપવામાં તેમજ અન્ય વિધિમાં મદદરૂપ થવામાં ફાળો આપ્યો છે.

કોઠા નં. ૫:૪.

પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોએ વિકાસ યોજનાનો લાભ લેવા માટે લીધેલ કચેરીઓ / બેન્કોની મુલાકાતની વિગત દર્શાવતો કોઠો.

| અ.નં. | ધંધા-જૂથ | તાલુકા પંચાયત કચેરી | સમાજ કલ્યાણ અધીકારીની કચેરી | અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ | રાષ્ટ્રિયકૃત/ સહકારી/ ગ્રામણી બેન્ક |
|---|---|---|---|---|---|
| ૧. | ચર્મોદ્યોગ | ૭ | ૨ | ૯ | ૯ |
| ૨. | કાપડફેરી | ૨ | ૩ | ૧૦ | ૭ |
| ૩. | દૂધાળા પશુ | ૫ | ૪ | ૫ | ૬ |
| ૪. | અન્ય કુટિર ઉદ્યોગો | ૫ | ૧ | ૧૬ | ૫ |
| | કુલ | ૧૯ | ૧૦ | ૪૦ | ૨૭ |

નોંધ : એક કરતા વધુ જવાબ મળેલા છે.

કોઠા નં. ૫:૫

પસંદ કરાયેલ લાભાર્થી કુટુંબોએ મુલાકાત લીધેલ કચેરીઓની મુલાકાતના અનુભવ દર્શાવતો કોઠો.

| અ.નં. | ધંધા-જૂથ | સહાયકારી | દુર્લક્ષ | તુમાખીવાળા | પૂર્વગ્રહવાળા |
|---|---|---|---|---|---|
| ૧. | ચર્મોદ્યોગ | ૧૦ | ૩ | ૩ | ૪ |
| ૨. | કાપડફેરી | ૧૦ | ૪ | ૫ | - |
| ૩. | દૂધાળાં પશુ | ૮ | ૮ | ૩ | - |
| ૪. | અન્ય કુટિર ઉદ્યોગો | ૧૮ | ૧ | ૩ | - |
| | કુલ | ૪૬ | ૧૬ | ૧૪ | ૪ |

યોજના અમલીકરણનું હાલનું માળખું જ એવું છે કે કુટુંબે લાભ મેળવવા માટે એક કરતાં વધુ કચેરીની મુલાકાત લેવી પડે અથવા તો કેટલાક સંજોગોમાં વારંવાર ધક્કા ખાવા પડે. ક્ષેત્રકાર્ય દરમિયાન માત્ર લાભાર્થી કુટુંબે જ નહિ પરંતુ ફળિયાના અન્ય કુટુંબો, આગેવાનો, કાર્યકરો સહિત અધિકારીગણે પણ વારંવાર કચેરીઓના ધક્કા અંગેની રજૂઆત કરી હતી. કેટલાક લોકોના અભિપ્રાય મુજબ યોજનાના લાભો જે તે કુટુંબો સુધી ન પહોચાડવા માટેના વલણોમાનું આ એક વલણ છે. વારંવાર કચેરીઓના ધક્કાથી ભોગવવી પડતી હાલાકી, આર્થિક નુકશાન વગેરેથી કંટાળીને યોજનાનો લાભ લેવાનું માંડી વાળનારા અનેક કુટુંબો ક્ષેત્રકાર્ય દરમિયાન મળી શકયા હતા.

કોઠા નં. ૫:૪ મા દર્શાવેલા આંકડા મુજબ લાભાર્થી કુટુંબોએ મુલાકાત લીધેલ કચેરીઓની વિગત છે. પસંદ કરાયેલા કુટુંબો ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા લાભાર્થી બન્યા હોવા છતા માત્ર ૪૦ કુટુંબોએ જ નિગમની કચેરીની મુલાકાત લીધી હોવાનું જણાવ્યું હતું. અલબત આ યોજનાનો લાભ મા હિતીદાતા સિવાયના કુટુંબના વડા અથવા અન્ય સભ્યે લીધો હોવાથી આ સંખ્યા વ ઘણી ઓછી છે.

...૯૫..

કોઠા નં. ૫:૫ માં દર્શાવ્યા મુજબ જુદી જુદી કચેરીઓની મુલાકાત અને કર્મચારીગણના તેમના પ્રત્યેના વ્યવહાર અંગે પણ ઘણી રસપ્રદ માહિતી મેળવી હતી. ૪૬ માહિતીદાતાઓને કર્મચારીગણ સહાયકારી લાગ્યા હતા. જયારે ૧૬ માહિતીદાતાઓને આ કર્મચારીઓ દુર્લક્ષતા બતાવતા અને ૧૪ માહિતીદાતાઓને આ કર્મચારીઓ તુમાખીવાળા લાગ્યા.હતા. જયારે ૨ માહિતીદાતાઓનો એવો અનુભવ હતો કે કર્મચારીગણ પૂર્વગ્રહયુકત વલણ રાખતા હતા.

કોઠા નં. ૫:૬

પસંદ કરાયેલા લાભાર્થી કુટુંબોને ધિરાણ મેળવવામાં નડેલી મુશ્કેલીઓની વિગત.

| અ.નં. | ધંધા-જૂથ | હા | ના | નડેલ મુશ્કેલીઓ: ધક્કા ખવડાવે છે | કોઈ આપતા નથી | પૈસા આપવા પડે છે. | અપુરતી રકમ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચર્મોદ્યોગ | ૫ | ૨૦ | ૨ | – | ૧ | ૨ |
| ૨. | કાપડફેરી | ૨ | ૧૬ | ૧ | – | – | ૧ |
| ૩. | દુધાળા પશુ | – | ૨૧ | – | – | – | – |
| ૪. | અન્ય કુટિર ઉદ્યોગ | ૩ | ૨૮ | ૨ | ૧ | – | – |
| | કુલ | ૧૦ | ૮૫ | ૫ | ૧ | ૧ | ૩ |
| | ટકા | (૧૦.૫૨) | (૮૩.૪૮) | | | | |

સરકારી કચેરીઓના મુલાકાતના સંદર્ભમાં છેવટના ભાગમાં યોજનાનો લાભ લેવામાં નડેલ મુશ્કેલીઓ અંગે માહિતીદાતાઓને પુછવામાં આવ્યું હતુ. એ નોંધવું યોગ્ય થઈ પડશે કે સામાન્ય રીતે આ કુટુંબો સામુહિક રીતે મુશ્કેલીઓની રજુઆત કરે છે પરંતુ જયારે વ્યકિતગત કિસ્સામાં કઈ કઈ મુશ્કેલીઓ નડી હતી તે જણાવવાનું ટાળે છે. આ માટે તેમને અકલ્પિત ભય લાગતો હોય એવું સ્પષ્ટ જણાય છે સાથે સાથે એવું પણ શકય છે કે આને કારણે જે તે કર્મચારી/અધિકારીને નુકશાન થાય તેથી તેઓ આ પ્રશ્નના સ્પષ્ટ ઉત્તર

આપવાનું ટાળે છે એવું કોઠામાં દર્શાવેલા આંકડા ઉપરથી પણ પ્રતિપાદન થાય છે. આને કારણે તેમને નડતી મુશ્કેલીઓના કારણ ઉપર આવવાનું ઘણું મુશ્કેલ રહે છે. અભ્યાસમ ધ્વારા મેળવેલ માહિતી અનુસાર કોઠા નં.૫:૬ મુજબ માત્ર ૧૦ માહિતીદાતાઓએ મુશ્કેલીઓ અંગે જણાવ્યું હતું તેમાં ૫ માહિતીદાતાઓએ વારંવાર ધક્કા ખવડાવવા અંગે ૩ માહિતીદાતાઓએ તેમને મળતી નાણાંકીય રકમ ઘણીજ અપૂરતી તેમજ ૧-૧ માહિતીદાતાએ ફોર્મ ન મળવા અંગે અને પૈસા આપવા પડે છે એવી રજૂઆત કરી હતી.

કોઠા નં. ૫:૭

પસંદ કરાયેલ લાભાર્થી કુટુંબોની ધિરાણના હપ્તા ભરવામાં નિયમિતતા અને નડતી મુશ્કેલીઓની વિગત

| અ.નં. | ધંધા-જૂથ | ધિરાણના હપ્તા નિયમિત ભરો છો? હા | ના | બધા હપ્તા ભરપાઈ થઈગયા છે | હપ્તા ભરવામાં નડતી મુશ્કેલીઓ: આર્થિક સંકડામણ | ભેંસ વસુકી ગઈ | કમાણી નથી |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચર્મોદ્યોગ | ૧૬ | ૯ | - | ૬ | - | ૩ |
| ૨. | કાપડફેરી | ૧૪ | ૪ | - | ૪ | - | - |
| ૩. | દૂધાળાપશુ | ૯ | ૧૨ | - | ૮ | ૨ | - |
| ૪. | અન્યકુટિર ઉદ્યોગ | ૨૦ | ૧૧ | - | ૪ | - | ૧ |
| | કુલ | ૫૮ | ૩૭ | - | ૨૨ | ૨ | ૪ |

લાભિત કુટુંબો યોજના ધ્વારા પૂરક આવક મેળવે અને આર્થિક રીતે ગરીબાઈની રેખા ઉપર આવે સાથે સાથે તેમને મળેલ ધિરાણના હપ્તા નિયમિત રીતે ભરે એ અનિવાર્ય છે નહિતો બેન્કીંગ વ્યવસ્થાનું માળખું તુટી પડે અથવા બીજા કુટુંબોને લાભિત બનાવવાનું શકય ન બને.

લાભિત કુટુંબો અને મળેલ ધિરાણના હપ્તા ચૂકવવામાં નિયમિતતા બતાવતા હતા કે કેમ? અથવા તો આ હપ્તા ભરવામાં તેમને મુશ્કેલી પડતી હતી કે કેમ? એ અંગેની વિગતો પણ મેળવવામાં આવી હતી કોઠા ૫:૭માં દર્શાવેલા આંકડા જોતાં સ્પષ્ટ થાય છે કે ૯૫ કુટુંબોમાંના ૫૮ કુટુંબો એટલે કે

કોઠા ન. ૫:૮

અ.જા.આ. વિ. નિગમ ધ્વારા ૧૯૮૩-૮૪ દરમિયાન ખાસ અંગભૂત યોજના હેઠળના અને તે સિવાયના ગામોના અરજદારોની અરજીઓના થયેલ નિકાલની વિગત દર્શાવતો કોઠો

| છઠ્ઠી પંચવર્ષિય યોજનામાં ખાસ અંગભૂત યોજના હેઠળ મહેસાણા જિલ્લાના પસંદ કરાયેલા ગામોની સંખ્યા | ખાસ અંગભૂત યોજનાના ૧૯૮૩-૮૪ ના વર્ષના જિલ્લાના ગામોની સંખ્યા | ચાલુ વર્ષના અંતસુધીમાં બેન્કમાં મોકલી આપેલી અરજીપત્રકની કુલ સંખ્યા | | ચાલુ વર્ષના અંતિમ માસ સુધીમાં મંજૂર કરાયેલ અરજીઓની કુલ સંખ્યા | | ચાલુ સાલે અપાયેલ ધિરાણ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ખાસ અંગભૂત યોજનાના ગામોનીઅરજીની સંખ્યા | ખાસ અંગભૂત યોજના સિવાયના ગામોની અરજીની સંખ્યા | ખાસ અંગભૂત યોજનાના ગામોની અરજીઓ | ખાસ અંગભૂત યોજના સિવાયના ગામોની અરજીઓ | ખાસ અંગભૂત યોજનાના ગામોમા | ખાસ અંગભૂત યોજના સિવાયના ગામોમા |
| ૨૫૨ | ૫૨ | ૩૩૫૩ | ૨૫૭૧ | ૧૬૩૭ | ૯૫૦ | ૨૫૭૮૮૩૬ | ૧૪૮૫૫૨૦ |

૭ કુટુંબો તેમના ધિરાણના હપ્તા નિયમિત ભરતા હતા જે કુટુંબો હપ્તા નિયમિત ભરતા ન હતા તેના કારણોમા ૨૨ કુટુંબો આર્થિક સંકળામણને કારણે હપ્તો ભરવામાં નિષ્ફળ જતા હતા. દુધાળા પશુયોજનાના ૨ લાભિત કુટુંબોને મળેલ ભેંસ વસુકી જતા હપ્તા ભરવાનું મુશ્કેલ બન્યું હતું. જયારે ૪ કુટુંબોને પૂરતી કમાણી મેળવી શકાતી હોવાથી તેઓ હપ્તા ભરી શકતા નહોતા.

કોઠા નં. ૫:૮માં અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા ૧૯૮૩-૮૪ દરમિયાન ખાસ અંગભૂત યોજના હેઠળના અને તે સિવાયના ગામોમા અરજદારોની અરજીઓના થયેલ નિકાલની વિગત દર્શાવવામા આવી છે. છઠ્ઠી પંચવર્ષિય યોજના દરમ્યાન મહેસાણા જિલ્લામાંથી ખાસ અંગભૂત યોજના હેઠળ કુલ ૨૫૨ ગામો આવરી લેવાયા હતા જેમાથી ૧૯૮૩-૮૪માં નિગમે ૫૨ગામોને આવરી લઈ કામગીરી હાથ ધરી હતી તેમાથી ખાસ અંગભૂત યોજના હેઠળના ગામોની ૩૭૫૩ અરજીઓ ધિરાણ માટે બેંકોને ભલામણ કરી મોકલી આપી હતી તેમાથી ૧૯૮૩-૮૪ના વર્ષના અંતે ૧૬૩૭ અરજી મંજુર કરી હતી તેમને કુલ ૨૫૭૮૮૩૬ રૂા. નું ધિરાણ કર્યું હતું જયારે ખાસ અંગભૂત સિવાયના ગામોની ૧૯૮૩-૮૪ના વર્ષના અંતે કુલ ૨૫૭૧ અરજીઓની ભલામણ કરી હતી તેમાથી ૯૫૦ અરજીઓ મંજૂર થઈ હતી તેમને કુલ રૂા. ૧૪૮૫૫૨૦ નું ધિરાણ કરવામાં આવતું હતું.

એકંદરે જોતા સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ખાસ અંગભૂત યોજના હેઠળના ગામોમાં વધુ કામગીરી થાય તે માટેના સફળ પ્રયાસો અ.જા.આ. વિ. નિગમ ધ્વારા કરવામાં આવ્યા છે. અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ તેની યોજનાઓનું વધુ અસરકારક રીતે અમલીકરણ કરી શકે તે માટે અનુસૂચિત જાતિના વિકાસ માટેના કાર્યકારી જુથે કેટલીક ભલામણો કરી છે તે જોઈએ.

(૧) રાજયકક્ષાએ વ્યાપારી તેમજ સહકારી બેંકો અનુસૂચિત જાતિઓને વધુ ધિરાણ આપે તે પરત્વે ખાસ લક્ષ આપવુ તથા રાષ્ટ્રીયકૃત બેંકો સાથે એવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ જેનાથી જુદા જુદા વ્યાજના દરે એ તેના ધ્વારા પણ વધુને વધુ ધિરાણ થાય.

(૨) રાજયમાં જુદા જુદા વિસ્તાર અને વ્યવસાય જુથ પ્રમાણે જરૂરી હોય ત્યાં સુયોગ્ય કુટુંબલક્ષી યોજનાઓ તૈયાર કરવી. યોજના તૈયાર

કરતી વખતે સ્થાનિય સ્થિતિ, સહભાગી જુથ, તેને વાતાવરણ, બજાર તથા માગની કાળજી રાખી આઈ આર ડીપી તથા ડીપી એપી જેવી યોજનાના અનુભવને ધ્યાનમા રાખવો જોઈએ.

(૩) નિગમે કેટલીક ચોકકસ યોજનાઓ ઉપર ધ્યાન કેન્દ્રીત કરી ૧૦૦ ટકા સિધ્ધિ મેળવી યોજનાઓને સફળ બનાવીશું તેવી ખાત્રી આપવી જોઈએ તે માટે યોજના અમલીકરણ વખતે ઉત્પાદન માટે જરુરી કાચો માલ તથા ઉત્પાદીત માલની બજાર વ્યવસ્થાની ગોઠવણી છે કે નહી તેનો ખ્યાલ મેળવી લઈ યોગ્ય પ્રબંધ કરવો જોઈએ.

(૪) કાર્પોરેશને છુટી છવાયી યોજનાઓ હાથ પર લેવાનું ટાળી ચોકકસ ક્ષેત્ર આવરી લેવાય એવી ઢબ ઉભી કરે તેવો અભિગમ અખત્યાર કરવો જોઈએ તે માટે સેંજા કમ "સેચ્યુરેશનનો" અભિગમ અપનાવવો જરુરી છે. પરંતુ ત્યારે ઉપલબ્ધ તકો અને તેની શકયતાઓને ધ્યાનમા રાખી ગામના જુથને આવરો લીધા બાદ કાર્યક્રમને બીજા ગામો અને વિસ્તારમો તબકકાવાર વિસ્તારવો જોઈએ. જેમકે દુધાળાઢોર કાર્યક્રમ હેઠળ પ્રાયોગિક ધોરણે દુધાળા પશુની અરજીઓ મંજુર કરતી વખતે ડેરીના રુટ ઉપરના ગામ, ચીલીંગ પ્લાન્ટસની નજીક, દુધની અછતવાળા ઔધોગિક અને શહેરી વિસ્તાર, વિગેરે જોઈ ત્યા સાથે સાથે ડેરી વિકાસની શકયતાઓ જેવી કે દુધની વહેંચણી, પશુઓનો ધાસચારો, બજાર તથા તેમના સ્વાસ્થયની કાળજી લઈ શકવાની ક્ષામતા અને મનોવલણ ધરાવતા કુટુંબોનુ મોટુ જુથ પસંદ કરવું જોઈએ.

(૫) અસરકારક આવરણની ખામી નિવારવા માટે એ ખૂબજ જરુરી છે કે ક્ષેત્રકક્ષાએ યોગ્ય અને અર્થપૂર્ણ સંકલન ઉભુ થાય જેને જિલ્લા અને બ્લોક કક્ષા સુધી વિસ્તારી શકાય.

(૬) નિગમે તેના કાર્યક્રમો નિશ્ચિત કરતી વખતે રાજય અને કેન્દ્ર સરકારના ચાલુ કાર્યક્રમો તથા કેન્દ્ર સરકારે માન્ય કરેલી યોજનાઓ કે જે ચાલુ હોય તેની ચોકસાઈપૂર્વક ખાત્રી કરી લેવી જોઈએ અને તે પણ જાણી લેવુ જોઈએ કે અનુસુચિત જાતિઓના લાભ માટે તે પૂરતી કે અપૂરતી છે?

(૭) અનુસૂચિત જાતિ નિગમે તેની જાતેજ બધા કાર્યક્રમો હાથ નહીં ધરવા જોઈએ. નિગમે જે પરિવર્તન પ્રેસ બળ તરીકેની ભૂમિકા ભજવવાની છે જેમાં દરેક યોજના યોગ્ય અને અર્થપૂર્ણ રીતે સફળ બને તે માટે જરુરી નાણાકીય અને બિનનાણાંકીય સાધનો પૂરા પાડવા એ માટે એ જરુરી બની રહે કે જિલ્લા ગ્રામ વિકાસ સંસ્થા, ખાદિગ્રામોદ્યોગ, હસ્તકળા અને હાથશાળ વિકાસ નિગમ, રાજ્ય ચર્મ વિકાસ નિગમ, જેવા તાંત્રિક વિભાગો અને નાણાંકીય તથા બજારને લગતી સંસ્થાઓ સાથે જોડાણ ધ્વારા અનુરુપ સંબંધો ઉભી કરવા.

(૮) એ બાબત પણ અતિ આવશ્યક છે કે અધિકારીઓ યોગ્ય મનોવલણવાળા અને જરુરી કક્ષાના અનુભવવાળાજ નિગમના ઈનચાર્જ તરીકે નિમાય તથા આ અધિકારીઓને પણ જરુરી તાલીમ આપી નિગમની કાર્યવાહીથી પૂર્વાભિમૂખ કરવા અને તેઓની હોદ્દો ધારણ કરવાની મુદતની (અવધિની) ખાત્રી આપી તેમને જરુરી બધીજ ઉત્તમ સેવાઓ પૂરી પાડવી જોઈએ.

## પ્રકરણ : ૬

## સંક્ષિપ્તસાર અને સુઝાવો.

# પ્રકરણ : ૬

## સંક્ષિપ્તસાર અને સુઝાવો :

૬:૧. પ્રથમ ખાસ અંગભૂત યોજના રૂ. ૯.૦૬ કરોડના આઉટલે સાથે ૧૯૭૯-૮૦ માં તૈયાર કરવામાં આવી હતી જેમાંથી વર્ષ દરમિયાન ૫.૦૬ કરોડનો ખર્ચ થયો હતો.

૬:૨. ૧૯૮૩-૮૪ના વર્ષ દરમિયાન ૨૭.૩૧ કરોડની ખાસ અંગભૂત યોજનાનો આઉટલે તૈયાર કરવામાં આવ્યો હતો તે વર્ષ દરમિયાન ૧૦૦ ટકા ખર્ચ થયો હતો.

૬:૩. અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ૧૯૬૦ના સોસાયટી રજી. એકટ હેઠળ ૧૯૭૩માં ઊભું થયું હતું તે ૧૯૫૬ના ઈન્ડીયન કંપનીઝ એકટ હેઠળ ૧૯૭૯માં રજીસ્ટર્ડ થયેલું છે.

૬:૪. અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમનો મુખ્ય હેતુ અનુસૂચિતજાતિના ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો કે જે તેમની જાતે ગરીબી રેખાને ઓળંગવી શકવાને શકિતમાન નથી એવા લોકોને નાણાકીય મદદ આપી પરિવર્તક તરીકેની ભૂમિકા અદા કરે છે. ડી.આર.આઈ યોજના હેઠળ અનુસૂચિત જાતિના કુટુંબોને ૪ ટકાના વ્યાજે લોન મંજુર કરે છે તેમાં ભારત સરકારના નીતિનિયમો અનુસાર નાણાકીય સવલતો માત્ર રૂ.૩૫૦૦ અને રૂ. ૪૩૦૦ અનુક્રમે ગ્રામ્ય અને શહેર વિસ્તારના કુટુંબોને વાર્ષિક આવકની મર્યાદામાં રહીને આપવામાં આવે છે.

૬:૫. ૧૯૮૩-૮૪માં અ.જા.આ. વિ. નિગમનો અનુસૂચિત જાતિના ૨૦૦૦૦ લાભાર્થીઓને આવરી લેવાનો લક્ષ્યાંક સામે જુદી જુદી યોજના હેઠળ ૪૨૮૧૧ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા.

૬:૭. અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમે તેની કામગીરીનું તથા અમલિકરણ વ્યવસ્થાના મૂલ્યાંકન અભ્યાસ ધ્વારા કાર્યવાહીનુ યથાતથ ચિત મેળવી તેમાં રહી ગયેલી ખામીઓ દુરસ્ત કરી વધુ અસરકારક રીતે કામગીરી માટે નિયામક, મૂલ્યાંકન, આંકડા અને અર્થશાસ્ત્ર બ્યુરોને મૂલ્યાંકન અભ્યાસ સોંપવામાં આવેલો છે.

૬:૮ પ્રસ્તુત અભ્યાસના ઉદ્દેશ (૧) યોજનાના લાભથી લાભાર્થી કુટુંબના અર્થતંત્ર ઉપર અસર પડી છે. તેની અસર તપાસવી (૨) અપાયેલ સહાયની

તથા સહાય મેળવેલ લાભાર્થીની યોગ્યતા તપાસવી. (૩) અમલીકરણની પ્રક્રીયાના સળંગપાસાને તપાસવા અને તેના સારી/નરસી બાબતો શોધી કાઢવી. (૪) કાયમી ઉત્પાદન એકમ લાભાર્થી કઈ યોજના ધ્વારા ઊભું કરી શકે છે વિગેરે તપાસવાનો હતો.

૬:૯. મહેસાણા જિલ્લાના દરેક તાલુકાનું પ્રતિનિધિત્વ રહે તે પ્રમાણે લગભગ બધાજ તાલુકાઓમાંથી લાભાર્થી પસંદ કરાયા હતા. તેમ છતાં ૧૯૮૩-૮૪માં શહેરોમા વિશેષ કામ થયું હોવાથી ગ્રામ્ય-વિસ્તારને જોઈએ તેટલું પ્રતિનિધિત્વ પ્રસ્તુત અભ્યાસમાં આવરી લીધેલ લાભાર્થીઓમા અપાયું નથી. પરંતુ અ.જા.આ.વિ. નિગમ ધ્વારા થયેલી કામગીરીનો ગુણોત્તર જળવાઈ રહે અને વિસ્તાર તથા જાતિની દ્રષ્ટિએ પ્રતિનિધિત્વ જળવાય તેનો સજાગપણે ખ્યાલ રાખવામા આવ્યો હતો.

૬:૧૦. ક્ષેત્રકાર્ય વખતે અભ્યાસમા આવરી લેવાયેલ લાભાર્થીઓ ઉપરાંત મહોલ્લાના આગેવાનો, સરપંચ, કાર્યકર્તાઓ, જિલ્લા મેનેજરશ્રી, તથા અમલીકરણ અધિકારીશ્રીઓ, બેંકના પ્રતિનિધીશ્રીઓ સાથે ચર્ચા વિચારણા કરી હતી તે માટે તૈયાર કરેલ મુલાકાત માર્ગ-દર્શિકાને આત્મસાત કરવામા આવી હતી.

૬:૧૧. અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમની દરેક યોજનાનું યોગ્ય અમલીકરણ થાય તે માટે નિગમના બોર્ડ ઓફ ડાયરેક્ટર પ્રગતિનું મૂલ્યાંકન કરે છે. જિલ્લા મેનેજરો તથા આસી.મેનેજરોની મીટીંગોમા પણ પ્રગતિનું મૂલ્યાંક થાય છે. તથા ડી.એલ.સી.સીની મીટીંગમાં પણ નિગમની કાર્યવાહીની પ્રગતિની સમીક્ષા કરવામા આવે છે.

૬:૧૨. અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમનું વહીવટીમાળખું જોઈએ તો વડી કચેરી, ગાંધીનગર ખાતે છે. જિલ્લા મથકે જિલ્લા અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમની કચેરી જેતે જિલ્લાના પછાતવર્ગ કલ્યાણ અધિકારી વર્ગ-૧ની દેખરેખ હેઠળ હોય છે. ત્યાં જિલ્લા મેનેજર, આસી. મેનેજર, શ્રી મદદનીશ, જુ. મદદનીશ અને પટાવાળાની જગ્યાઓ છે. જયારે તાલુકા કક્ષાએ સમાજકલ્યાણ ખાતાના સ સમાજકલ્યાણ નિરીક્ષકો અરજીપત્રકનું વિતરણ તથા સંકલનમા મદદરૂપ થતા હોય છે.

૬:૧૩. ૧૯૮૩-૮૪માં ખાસ અંગભૂત યોજના હેઠળ ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા મહેસાણા જિલ્લામાં જુદી જુદી યોજનાઓમાં અપાયેલ લોન/સહાયમાંથી અભ્યાસ માટે ઉત્તરદાતા ચર્મોદ્યોગ-૨૫, કાપડફેરીના-૧૮, દુધાળાપશુના-૨૧ અને અન્ય કુટીરઉદ્યોગના -૩૧ લાભાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા તેને જાતિવાર જોઈએ તો કુલ પસંદ કરેલા લાભાર્થીના ૪૭.૩૬ટકા લાભાર્થી ચમારજાતિના, ૨૭.૩૬ ટકા વણકર, ૧૧.૫૭ ટકા ભંગી, તથા ગરોડા સેનવા અને નાડીયા દરેક જાતિના ૪.૨૧ ટકા અને હરિજન સાધુના ૧.૦૫ ટકા લાભાર્થીઓ પસંદ થયા હતા.

૬.૧૪. ૧૯૮૩-૮૪માં મહેસાણા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળના ૫૨ ગામોમાં કુલ ૧૬૩૭ લાભાર્થી આવરી લેવામાં આવ્યા હતા. જેમાં દુધાળાઢોરના -૧૦૮, ચમોદ્યોગના - ૨૬૭, કાપડફેરીના- ૫૧૩, તથા અન્ય કુટીર ઉદ્યોગના - ૩૪૧ લાભાર્થીનો લાભ આપવામાં આવ્યો હતો.

૬:૧૫. પસંદ કરાયેલા લાભાર્થીઓમાં ૧ થી ૩ સભ્ય સંખ્યા ધરાવતા નાના કુટુંબો ૧૮.૯૪ ટકા આ જયારે ૪ થી ૫ સભ્ય સંખ્યા ધરાવતા મધ્યમ કુટુંબો ૩૨.૬૩ ટકા હતા. ૬ થી ૮ની સભ્ય સંખ્યા ધરાવતા મોટા કુટુંબની ટકાવારી સૌથી વધુ ૩૫.૭૮ ટકા હતી જયારે ૯થી ઉપર સભ્ય સંખ્યા ધરાવતા ખૂબ મોટા કુટુંબની ટકાવારી ૧૨.૬૫ ની હતી.

૬:૧૬. અભ્યાસ માટે પસંદ થયેલા લાભાર્થી કુટુંબના સભ્યોના શૈક્ષણિક સ્તરને જોઈએ તો કુલ ૫૨૯ સભ્યોમાંથી ૨૧૯ સભ્યો અભણ હતા. ૧૯૧ સભ્યોએ પ્રાથમિક શિક્ષણવાળા હતા. ૯૫ સભ્યો માધ્યમિક શિક્ષણ સુધી પહોંચ્યા હતા. ૭ સભ્યો ઉચ્ચતર માધ્યમિક સુધી પહોંચ્યા હતા તથા ૧૬ સભ્યોએ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હતું અને ફકત એકજ સભ્યે તાંત્રિક શિક્ષણ મેળવેલુ હતું.

૬:૧૭. અભ્યાસ માટે પસંદ કરેલા ૯૫ કુટુંબોમાંથી ૬ કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો, ૧૨ કુટુંબોનો ખેતમજુરી, ૪૯ કુટુંબો છૂટક મજુરી કરતા હતા.૧૭ કુટુંબો નોકરી ઉપર નભતા હતા જયારે ૧૦ કુટુંબો નાના મોટા વ્યાપાર મુખ્ય વ્યવસાય તરીકે કરતા હતા.

૬:૧૮. પસંદ કરેલા કુટુંબના કુલ પર૯ સભ્યોનો આર્થિક દરજ્જો તપાસીએતા ૧૬૭ સભ્યો કમાનાર હતા, ૬૯ સભ્યો કમાનાર આધારીત (જેઓ કાયમી કમાતા નથી તેવા) હતા જયારે ર૯૩ સભ્યો નહીંકમાનાર નોંધાયા હતા.

૬:૧૯. અભ્યાસમા આવરેલ ૯પ કુટુંબોમાંથી ૭૩ કુટુંબો અનુસૂચિત જાતિઓના વિકાસ માટેની સરકારી યોજનાની જાણકારી ધરાવતા હતા જયારે રર કુટુંબોને આવી જાણકારી નહતી. મોટાભાગનાને આવી જાણકારી સામાજિક કાર્યકરો પાસેથી મળી હતી તેમ દર્શાવ્યુ હતું.

૬:ર૦. પસંદ કરેલા લાભાર્થીઓમાંથી ૧૯ લાભાર્થીઓએ તાલુકા પંચાયત ૧૦ સમાજકલ્યાણ અધિકારીની કચેરી, ૪૦ અ.જા.આ.વિ. નિગમ તથા ર૭ બેંકોની મુલાકાત લીધી હોવાનુ દર્શાવ્યું હતું.

૬:ર૧. મુલાકાત લીધેલ કચેરીના અનુભવ બાબત ૪૬ વ્યકિતનો એવો મત હતો કે તેઓ પ્રત્યે સહાયકારી વર્તાવ હતો, ૧૬ વ્યકિતનો મત હતો કે દુર્લક્ષવાળો વ્યવહારનો, ૧૪ વ્યકિતઓ મત તુમાખીવાળો વ્યવહાર હતો જયારે ૪ વ્યકિતનો મત પૂર્વગ્રહવાળો વ્યવહાર હતો તેમ દર્શાવ્યું હતું.

૬:રર. અભ્યાસમાં આવરેલ કુલ ૯પ કુટુંબોમાંથી ૧૦ કુટુંબોને ધિરાણ મેળવવામાં મુશ્કેલી પડી હતી જયારે ૮પ કુટુંબોને ધિરાણ મેળવતા મુશ્કેલી પડી નહતી તેવો મત દર્શાવ્યો હતો.

૬:ર૩. ધિરાણના હપ્તા ભરવામાં પ૮ લાભાર્થીઓ મુશ્કેલી અનુભવે છે જયારે ૩૭ લાભાર્થીઓને હપ્તા ભરવામાં મુશ્કેલી પડતી નથી તેમ છતાં પ૮ લાભાર્થી કુટુંબો નિયમીત હપ્તા ભરે છે.

૬:ર૪. ૧૯૮૩-૮૪ વર્ષના અંતે અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા ખાસ અંગભૂત યોજના હેઠળના ગામોની કુલ ૩૩પ૩ અરજીઓ મોકલી હતી તેમાંથી ૧૬૩૭ અરજીઓ મંજૂર થઈ હતી જેને રપ૭૮૮૩૬ રૂા. નું ધિરાણ થયું હતું.

૬:રપ. અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમની અમલીકરણ કાર્યવાહી જોતા એ માલુમ પડે છે કે ખાસ અંગભૂત યોજના હેઠળ આવરી લેવામા આવેલા ગામોમા જે તે યોજનાનો લાભ મળે તે રીતે આયોજન કરવામા આવે છે.

૬:૨૬. અભ્યાસમાં આવ્યા સિવાયના અન્ય વ્યવસાય કે જેમા મહેસાણા જિલ્લામાં ૧૯૮૩-૮૪ના વર્ષ દરમ્યાન થયેલી કુલ કામગીરીમાં ૫૦.૮૯ ટકા કામગીરી કોમ્પોનન્ટના ગામડામા થયેલી નોંધાયી છે. જયારે ૪૯.૧૧ ટકા કામગીરી કોમ્પોનન્ટ સિવાયના ગામડામાં થયેલી નોંધાયી છે.

૬:૨૭. અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા મહેસાણા જિલ્લામાં ચર્મોદ્યોગ યોજનાનો લાભ કુલ ૪૫૦ લાભાર્થીઓને અપાયો હતો તેમા ૫૯.૩૩ ટકા લાભાર્થીઓ કોમ્પોનન્ટ ગામોના હતા જયારે ૪૦.૬૭ ટકા લાભાર્થીઓ નોનકોમ્પોનન્ટ ગામોના હતા.

૬:૨૮. દુધાળાઢોર યોજના હેઠળ ૧૯૮૩-૮૪મા મહેસાણા જિલ્લામા ૧૭૮ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા તેમાં કુલ લાભાર્થીઓના ૬૦.૬૭ ટકા લાભાર્થીઓ કોમ્પોનન્ટ ગામોના હતા જયારે ૩૯.૩૩ ટકા લાભાર્થીઓ નોનકોમ્પોનન્ટ ગામોમાં હતા.

૬:૨૯. કાપડફેરી યોજનાની વાત કરીએ તો તેમાં ૧૯૮૩-૮૪મા મહેસાણા જિલ્લામાં ૬૪૬ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો તેમાંથી ૫૧૩ (૭૯.૪૧%) લાભાર્થીઓ કોમ્પોનન્ટ ગામોના હતા જયારે ૧૩૬ (૨૦.૫૯ ટકા) નોનકોમ્પોનન્ટ ગામોના હતા.

૬:૩૦. અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા ૧૯૮૩-૮૪મા થયેલી કામગીરીના લાભાર્થીઓની જાતિવાર સંખ્યાને જોતા લાગે છે કે નિગમની કાર્યવાહી વખતે અનુસૂચિત જાતિની જે તે જિલ્લામાં વસ્તી નામી જાતિઓને પણ આવરી લેવામાં આવે છે. તેવું જણાયું છે. જો કે મહેસાણા જિલ્લામા નાડીયા જાતિની વસ્તી સારા પ્રમાણમાં હોવા છતાં ૧૯૮૩-૮૪માં ફકત ૫ નાડીયા જાતિના કુટુંબોને લાભ આપવામાં આવ્યો છે. તે ખૂબજ ઓછી કામગીરી થયાની અને તેમની પ્રત્યે દુર્લક્ષ સેવાયાની સાક્ષી પૂરે છે.

૬:૩૧. મોટા યુનિટ કોસ્ટવાળા વ્યવસાય ધંધાઓમાં ધિરાણ સંસ્થાઓ અરજીઓના નિકાલમાં વિલંબ કરતી હોય છે અથવાતો માગેલ ધિરાણની રકમ ઘટાડી દેવામા આવે છે સામાન્યતઃ ધિરાણ

સંસ્થાઓનો એવો અભિગમ છે કે નાના યુનિટકોસ્ટવાળી યોજનાઓ પર વધુ ધિરાણ કરી ઓછી રકમમા વધુ લાભાર્થીઓને આવર્યની સિધ્ધી મેળવે છે.

૬:૩૨. અભ્યાસમા આવરી લેવાયેલા કુલ ૯૫ લાભાર્થીઓમાંથી ૪૪.૨૧ ટકા લાભાર્થીઓની આવક યોજનાનો લાભ મેળવ્યા પછી વધી છે. જયારે ૫૫.૭૯ ટકા લાભાર્થીઓની આવક યોજનાનો લાભ મેળવ્યા પછી વધી નથી તેવો મત દર્શાવ્યો છે હતો.

૬:૩૩. અભ્યાસમા આવરી લીધેલ ચાર યોજનાઓ ૧) ચર્મોદ્યોગ ૨) કાપડફેરી, ૩) દુધાળા પશુ અને ૪) અન્ય કુટિર ઉદ્યોગ યોજનામાથી આવક ઉપર સારી અસર નોધાણી હોયતો તે દુધાળાપશુ યોજનામાં જોવા મળ્યું છે. આ યોજનાના ૨૧ લાભાર્થી અભ્યાસ માટે પસંદ થયેલા તેમાથી ૧૪ લાભાર્થીઓની વાર્ષિક આવક યોજનાના લાભબાદ વધેલી જોવા મળી છે જે અન્ય ત્રણ યોજનાની સરખામણીમા પ્રમાણમા વિશેષ છે.

૬:૩૪. લાભાર્થીની વાર્ષિક આવક વધવા બાબતમા સૌથી ઓછી અસરકારક જો કોઈ યોજના નોધાણી હોયતો તે કાપડફેરીની યોજના છે. અભ્યાસમા આવરેલ કુલ કુટુંબોના ૨૭.૭૭ ટકા લાભાર્થીનીજ આવક વધેલી નોધાયી છે.

૬:૩૫. જે તે યોજનાનો લાભ મેળવ્યા પહેલાની લાભાર્થીની વાર્ષિક આવક અને યોજનાનો લાભ મેળવ્યા પછીની લાભાર્થીની વાર્ષિક આવક બાબતમા નોધાયેલા ફેરફારોના આંકડાકીય વિશ્લેષણ પરથી એ ફલિત થાય છે કે અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા આપવામા આવેલ સહાય/ધિરાણ એ અનુસૂચિત જાતિના અત્યંત ગરીબીમાં જીવતા કેટલાક કુટુંબોની વાર્ષિક આવક વધારી તેમને અત્યંત ગરીબીમાથી ગરીબી રેખા વટાવવાની તૈયારી કરતાની સ્થિતિમાં મૂકી દીધા છે.

૬:૩૬. આવક જુથમાં થયેલા આછડતા ફેરફારો તરફ જોઈએતો ૩૫૦૧ થી ૬૦૦૦ સુધીના આવક જુથમા ચર્મઉદ્યોગમાં યોજનાનો લાભ મેળવ્યા પહેલા એક પણ કુટુંબ નહતું. યોજનાનો લાભ મેળવ્યા બાદ ૩૫૦૧ થી ૬૦૦૦ ના આવક જુથમાં ૭ કુટુંબો દાખલ થયા છે.

તેવી જ રીતે કાપડફેરીના વ્યવસાયમા યોજનાનો લાભ

લીધા પહેલા ૪૫૦૧ થી ૬૦૦૦ના આવક જુથમાં એકપણ લાભાર્થી કુટુંબ નહતું ત્યાં ૫ કુટુંબો દાખલ થયા છે.

દુધાળા પશુ યોજનાના લાભાર્થીઓમાં ૩૫૦૧ થી ૬૦૦૦ના વાર્ષિક જુથમા યોજનાનો લાભ મેળવ્યા પહેલા ૩ કુટુંબ હતું જેમા યોજનાનો લાભ મેળવ્યા બાદ ૭ કુટુંબો ઉમેરાયા છે.

તથા અન્ય કુટીર ઉદ્યોગ યોજનાઓમાં ૩૫૦૧ થી ૬૦૦૦ના વાર્ષિક આવક જુથમા યોજનાનો લાભ લીધા પહેલા ૧ કુટુંબ હતું જયાં લાભ મેળવ્યા બાદ ૬ કુટુંબ ઉમેરાયા છે.

૬:૩૭. નાના કારીગરો જેઓ રસ્તાની ફુટપાથ ઉપર બેસી બુટપાલીશ તથા રીપેરીંગનું કામ કરતા કારીગરને તેમને ઉપયોગી સાધનોની પેટી માટે લોન અપાયી હતી તેમને પણ તેમનું પેટીયુ રળવામાં તેનાથી શરળતા ઉભી થયાનું નોંધાયું છે.

૬:૩૮. મહેસાણા જિલ્લામા વર્ષોથી કેટલાક વણકર કુટુંબો કાપડ ફેરીનો વ્યવસાય કરતા આવ્યા છે આવા કેટલાક કુટુંબો કે જે કાપડ ફેરીનો અગાઉ વ્યવસાય કરતા હતા તેઓને લોનથી વધુ મુડી રોકાણની તક મળતા વ્યવસાયમાં પ્રગતિ થયેલી આવક (ઉપર લખેલ "આવ") દર મિયાન જાણવા મળ્યું હતું.

૬:૩૯. ખાસ અંગભૂત યોજનાના સતત આ ત્રિજા મૂલ્યાંકન અભ્યાસ વખતે પણ દુધાળાઢોર યોજના બાબતમા અભ્યાસને અંતે એ તારણ ઉપર આવ્યા છીએ કે Viable અરજદારને દુધાળુ પશુ માટેની સહાય આપવામા આવે છે. તે અરજદારને ચોકકસ સહાયક આવક મેળવવામાં ઉપયોગી બને છે. પ્રસ્તુત અભ્યાસમા દુધાળાઢોરની સહાય મેળવેલા કુલ ૨૧ લાભાર્થીઓ પસંદ કરાયા હતા તેમાંથી ૬ કુટુંબો ગરીબી રેખા વટાવી ગયેલા. નોંધાયા છે જયારે ૧૦ કુટુંબો ગરીબી રેખા ઓળંગવાની તૈયારી કરી રહયા છે.

૬:૪૦. દુધાળાઢોર માટે ૨૧ લાભાર્થીઓને અપાયેલ ભેંસોમાથી ૧૩ વ્યકિતઓ પાસે અભ્યાસ ટાણે ભેંસો હતી જયારે ૩ મરી ગઇ હતી. ૧ વેચીદીધી હતી અને ૧ દિકરીને ભેટમા આપી દીધી હતી.

૬:૪૧. ભેંસો મરી ગયા પછી વિમાની રકમ મળવામાં ખુબજ વિલંબ થાય છે તથા અમુક કિસ્સામાં તો તે મળતા નથી તેવી લાભાર્થીઓની ફરીયાદ

હતી જો કે તે માટે બન્ને પક્ષો ઘણાં કારણો જવાબદાર હોઈ શકે.

૬:૪૨. કેટલીક વખત ધિરાણ સંસ્થાઓ લાભાર્થીઓ નો લક્ષ્યાંક સિધ્ધ કરવા માટે વધુ આવક ધરાવતા કુટુંબો કે જે ખોટા આવકના સર્ટી. દર્શાવે છે તેવી અરજીની ભલામણ કરી તેને ધિરાણ/સહાય અપાય છે. આમ બનવાથી યોજનાનો મૂખ્ય હેતુ કે જે ગરીબી રેખા નીચે જીવે છે તેમની આવક વધારવા સહાયભૂત થયુ તે માર્યો જાય છે. અને તેમ છતા તે ગરીબ માટે પૈસા વપરાયા છે તેવુ ચોપડે નોંધાય છે. જ્યાં લગી સાચી લગન અને દેશ સેવા માનવ સેવાની લગન કે ભાવનાથી અમલીકરણ નહીં થાય ત્યાં સુધી આવી બાબતો-નો કોઈ વિકલ્પ નથી.

૬:૪૩. અન્યકુટીર ઉધોગમાં કેરોસીનની લારી, કોટોક્રેમિંગ, વણાટકામ અને ઈલેક્ટ્રીકના સાધનોની યોજનાનો લાભ લીધેલ લાભાર્થીઓની આવક વધવા પામી છે જયારે અંબર ચરખો, સીલાઈ મશીન, સુપડા બનાવવા તથા અઢુણા બનાવવા જેવી યોજનાઓ અનઉત્પાદક રહી છે.

૬:૪૪. અભ્યાસમાં આવરેલ ૯૫ લાભાર્થી કુટુંબની સરેરાશ વાર્ષિક આવક લાભ લીધા પહેલા રૂા. ૨૧૦૨-૧૦ પૈસા હતી જ્યારે લાભ મેળવ્યા પછી તે વધીને ૨૯૧૭-૧૬ પૈસા થવા પામી હતી સરેરાશ ૩૮.૭૮ ટકા આવક વધારો નોંધાયો છે.

૬:૪૫. એસેટસ વેરીફિકેશન/ એકમચકાસણી થતી હોય તેવુ ક્ષેત્રકાર્ય દરમિયાન નોંધાયું નથી.

૬:૪૬. લોન/સહાય અપાયા પછી ( ) અનુસરણ કાર્ય થવું જોઈએ તેનાં પણ અભાવ જોવા મળ્યો છે.

૬:૪૭. કેટલીક જગ્યાએ બેંકો પણ ધિરાણ બાબતમા કેટલીક ચાલ ચાલતી હોય છે. તેમાં એવું કરે છે કે વાસ્તવમા ધિરાણને પાત્ર લાભાર્થીને ધિરાણ આપતાજ નથી પરંતુ સબસીડીની રકમમાથી હપ્તા જેટલી રકમ બાદ કરી જેતે લાભાર્થીને ફકત સબસીડી આપે છે. આ બાબત જે એક અપકૃત્યજ ગણાય. આવા બે ઉદાહરણ ક્ષેત્રકાર્ય દરમિયાન જાણવા મળ્યા હતા.

...૧૦૯..

૬:૪૮. બોરતવાડા ગામના શ્રી વાલા જીવા ભંગીને તા.૧૨-૮-૮૩થી ખેત વિષાયક લોન સ્ટેટબેંક ઓફ ઈન્ડીયા હારીજ શાખા તરફથી આપવામા આવી હતી આ કેસને બેંકે દફતરે ખેત વિષાયક ધિરાણમા ગણ્યો છે. પરંતુ આઈઆરડીપીમાથી સબસીડી આપવી જોઈએ તે આપી નથી બીજી તરફ અ.જા.આ. વિ. નિગમને બેંકે લખ્યું હોવા છતા તે સબસીડીની રકમ મોકલી આપતા નથી. આ પરિસ્થિતિમા લાભાર્થીને નતો લોન કે સબસીડીનો પૂરતો લાભ મળતો નથી તેથી તે હપ્તા ભરવાનુ ટાળે છે. બીજી તરફ લોનની રકમ પર દર મહિને વ્યાજ ચઢતુ જાય છે તેથી લાભાર્થી ઉલટાનો દેવાદાર બનતો જાય છે.

બેંકે આવી પરિસ્થિતિમા આવા કેસોનું તુરત કરી જો તે કેસ અ.જા.આ. વિકાસ નિગમનો હોયતો તેની પાસેથી સબસીડી મેળવી લાભાર્થીને આપવી જોઈએ તેમ ન હોયતો મેને આઈઆરડીપી માથી મળવાપાત્ર સબસીડી આપવી જોઈએ.

બીજી બાબત એ છે કે વાલાભાઈ જીવાભાઈ ભંગીએ ખેતી ના સાધન માટે જેટલી લોન માગી હતી તેટલી મંજુર કરાઈ નહી ઉપરાત ક્રેડીટ કેમ્પમા તેમને બળદ માટે જેટલી લોનનો ચેક આપવામા આવ્યા હતો તેમાથી જયારે લાલજીભાઈએ બેંકમા ખાતુ ખોલાવ્યુ ત્યારે ૧૦૦૦ રૂા. જમા લઈ તેમને કાયદેસર યુનિટ કોસ્ટ પ્રમાણે મેળવી લોનમાથી પણ ૪૦૦૦ એ બેંકેજ વાળી લીધા હતા. તેમ બેંક નકરી શકે અને ન કરવુ જોઈએ.

૬:૪૯. બીજો એક કિસ્સો કડીના અંબાબહેન ગાડાભાઈ વાઘેલા તેઓ ભંગી છે તેમનો છે તેઓ બેંક મેનેજરને ત્યા સફાઈ કરતા હતા એટલે મેનેજરે આ બાઈ ગરીબી રેખા ઉપર હોવા છતા તેનો કેસ મંજુર કર્યો હતો જયારે બીજા જે ખરેખર ગરીબીમા સબડે છે તેમના કેસો મંજુર કર્યા નહતા.

આ બહેનની અરજી મંજુરતો કરી પરંતુ તેને લોનતો બેંકે આપીજ ન હતી પરંતુ કાપડફેરી માટે અ.જા.આ. વિ. નિગમ ધ્વારા ૭૫૦/- રૂા. સબસીડી આપી હતી તેજ તેમના ખાતામા જમા આપી હતી તેમ છતા લાભાર્થી પાસેથી ૨૫૫ રૂા. જેટલી રકમના હપ્તા વસુલ કર્યા હતા. પાછળથી ૭૫૦/- રૂા. સબસીડીના અને હપ્તાની રકમ

૬:૪૮. બોરતવાડા ગામના શ્રી વાલા જીવા ભંગીને તા.૧૨-૮-૮૩થી ખેત વિષાયક લોન સ્ટેટબેંક ઓફ ઈન્ડીયા હારીજ શાખા તરફથી આપવામા આવી હતી આ કેસને બેંકે દફતરે ખેત વિષાયક ધિરાણમા ગણ્યો છે. પરંતુ આઈઆરડીપીમાથી સબસીડી આપવી જોઈએ તે આપી નથી બીજી તરફ અ.જા.આ. વિ. નિગમને બેંકે લખ્યું હોવા છતા તે સબસીડીની રકમ મોકલી આપતા નથી. આ પરિસ્થિતિમા લાભાર્થીને નતો લોન કે સબસીડીનો પૂરતો લાભ મળતો નથી તેથી તે હપ્તા ભરવાનુ ટાળે છે. બીજી તરફ લોનની રકમ પર દર મહિને વ્યાજ ચઢતુ જાય છે તેથી લાભાર્થી ઉલટાનો દેવાદાર બનતો જાય છે.

બેંકે આવી પરિસ્થિતિમા આવા કેસોનું તુરત કરી જો તે કેસ અ.જા.આ. વિકાસ નિગમનો હોયતો તેની પાસેથી સબસીડી મેળવી લાભાર્થીને આપવી જોઈએ તેમ ન હોયતો એને આઈઆરડીપી માથી મળવાપાત્ર સબસીડી આપવી જોઈએ.

બીજી બાબત એ છે કે વાલાભાઈ જીવાભાઈ ભંગીએ ખેતી ના સાધન માટે જેટલી લોન માગી હતી તેટલી મંજુર કરાઈ નહી ઉપરાત ક્રેડીટ કેમ્પમા તેમને બળદ માટે જેટલી લોનનો ચેક આપવામા આવ્યા હતો તેમાથી જયારે લાલજીભાઈએ બેંકમા ખાતુ ખોલાવ્યુ ત્યારે ૧૦૦૦ રૂા. જમા લઈ તેમને કાયદેસર યુનિટ કોસ્ટ પ્રમાણે મેળવી લોનમાથી પણ ૪૦૦૦ એ બેંકેજ વાળી લીધા હતા. તેમ બેંક નકરી શકે અને ન કરવુ જોઈએ.

૬:૪૯. બીજો એક કિસ્સો કડીના અંબાબહેન ગાડાભાઈ વાઘેલા તેઓ ભંગી છે તેમનો છે તેઓ બેંક મેનેજરને ત્યા સફાઈ કરતા હતા એટલે મેનેજરે આ બાઈ ગરીબી રેખા ઉપર હોવા છતા તેનો કેસ મંજુર કર્યો હતો જયારે બીજા જે ખરેખર ગરીબીમા સબડે છે તેમના કેસો મંજુર કર્યો નહતા.

આ બહેનની અરજી મંજુરતો કરી પરંતુ તેને લોનતો બેંકે આપીજ ન હતી પરંતુ કાપડફેરી માટે અ.જા.આ. વિ. નિગમ ધ્વારા ૭૫૦/- રૂા. સબસીડી આપી હતી તેજ તેમના ખાતામા જમા આપી હતી તેમ છતા લાભાર્થી પાસેથી ૨૫૫ રૂા. જેટલી રકમના હપ્તા વસુલ કર્યા હતા. પાછળથી ૭૫૦/- રૂા. સબસીડીના અને હપ્તાની રકમ

પરત કરી હતી. પરત કરતી વખતે લાભાર્થીને એમ ~~હતું×કે×સરકારે દેવું×માફ×કરી~~ કહેવામાં આવ્યું હતું કે સરકારે દેવું માફ કરી દીધું. પરંતુ બેંકે દેવું આપ્યુ જ નહતું. આવી કાર્યવાહી કરતી બેંકો સામે તપાસ કરી યોગ્ય પગલા લેવા જોઈએ. જેથી યોજનાનુ ગલત અમલીકરણ થતુ અટકે.

૬:૫૦. લાભાર્થીની ઓળખ બાબતમાં ઘણા કેસોમા જોવા મળ્યું છે કે તેઓને હાઉસીંગ સોસાયટીમાં પાકા મકાનો હોય ઘરના નોકરી કરતા હોય તેમ છતાં તેઓને યોજનાનો લાભ અપાયો છે. કલોલમા આવા બે કિસ્સાઓ જોવા મળ્યા હતા.

૬:૫૧. એક કેસ એવો તપાસમા આવ્યા હતો કે એકજ ઘરમાથી બે જણને યોજનાનો લાભ અપાયો હતો તેમા એક છોકરાની ઉંમર પણ ૧૮ વર્ષથી નીચી હોવાનું જણાયું હતું.

૬:૫૨. એક કેસ કે જેમને ફોટો ફ્રેમિંગ માટે લોન સહાય આપવામા આવી છે તેમને આ લોન સહાયથી ખરેખર ધંધાને બળ મળ્યુ છે. આવક ઉપર હકારાત્મક અસર પણ થઈ છે. તેમની માગણી હતી કે લોન તથા સહાયની રકમ વધારવી જોઈએ.

૬:૫૩. ખાસ કરીને ગામડામા યોજનાઓનો લાભ અપાવનાર કોઈ ને કોઈ એજન્ટ હોય છે. અને તે બધા લાભાર્થીનું શોષણ કરતા હોય છે. તપાસ દરમ્યાન એક ગામમા આવા એજન્ટે ત્રણ વખત જુદી જુદી યોજનાનો લાભ લીધો હતો.

## સુઝાવો

૬:૧:૧ સામાન્ય રીતે આપણે ગરીબીને ફકત આર્થિક પાસા સાથે જ સાંકળતા હોઈએ છીએ વાસ્તવમાં ઘણાં પ્રકારની ગરીબીનું પરીણામ એ આર્થિક ગરીબીમાં ઝૂકે છે. ગરીબલોકો ફકત આર્થિક મોભાની રીતેજ માત્ર ગરીબ નથી હોતા તેઓ તેમના ઉત્થાન માટેની યોજનાઓની જાણકારી, તેઓના હકક પ્રત્યેની સજાગતા, ગ્રામ્ય આગેવાનોની સર્તકતા, એકમ(એસટસ)ને સાચવવાની/ નભાવવાની તાકાત તથા તેને ઉત્પાદકીય એકમમાં ફેરવવાની સુઝ, બાબતોમા પણ તેઓ ગરીબ છે. આ માટે ખૂબજ જરુરી છે કે ગરીબી રેખા નીચે જીવતા અનુસૂચિત જાતિઓના કુટુંબોને ગરીબી રેખાથી ઉપર લાવવા તે માટે આપણે અગાઉ વર્ણવી તે ગરીબી દૂર કરવી પડશે. તેના માટે આવા ગરીબ કુટુંબોને દરેક તબકકે સહાયભૂત થઈ શકે તે માટે અને તે થયાયોગ્ય જગ્યાએ કાર્યરત બને તે માટે વહીવટી મશીનરીને વિસ્તારવી જોઈએ.

૬:૧:૨. અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા જિલ્લા કક્ષાએ જિલ્લા મેનેજરોની કચેરી છે ત્યાં મદદનીશ જિલ્લા મેનેજર અને કારકુન વહીવટ સંભાળે છે. કેટલાક જિલ્લાઓમાં જિલ્લા પછાતવર્ગ કલ્યાણઅધિકારી જિલ્લા મેનેજર, અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમનો, ચાર્જ સંભાળે છે. તાલુકા કક્ષાએ સમાજકલ્યાણ ખાતાના સમાજકલ્યાણ નિરીક્ષકો નિગમની અરજીઓ વહેંચણી કરવી, અરજીઓ તૈયાર કરાવવાનું કામ સંભાળતા હોય છે. તેમ છતાં ગરીબ અનુસૂચિત જાતિના લોકો માટેના કાર્યક્રમ માટે યોગ્ય સમય કાળવી શકતા નથી. તેમાટે યોગ્ય વ્યવસ્થા થવી જોઈએ

૬:૧:૩. ક્ષેત્રકાર્ય દરમ્યાન જુદી જુદી વ્યકિતઓની મુલાકાત લેવામાં આવી હતી. આવી મુલાકાતો નિગમની કાર્યવાહી તથા ગરીબો માટે સરકારના કલ્યાણકારી કાર્યક્રમોની ઘણી ઘણી વાતો કહી જાય છે. જેવી કે (૧) યોજના અને લાભાર્થીઓ વચ્ચે સુમેળ હોતો નથી દા.ત. સુપડા બનાવવા. (૨) તેવી જ રીતે યોજના અને વિસ્તાર વચ્ચે પણ જોઈએ તેવો સુમેળ જોવા મળતો નથી. આના કારણે અન્ય દુષણો ઉભા થાય છે. જે યોજનાની સમગ્ર અમલીકરણ વ્યવસ્થાને

તોડવામાં અગત્યનો ભાગ ભજવે છે. (૩) લાભાર્થીઓનુ યોજનાઓ અંગેનું ઘણું મોટું અજ્ઞાન પ્રવર્તે છે. તેઓને તે પણ ખ્યાલ હોતો નથી કે આ લોન/સહાય કયાથી મળી કઈ સાલમાં મળી.

(૪) કઈ બેંકમાથી મળી બેંકનું નામનો પણ ખ્યાલ હોતો નથી જે તે જગ્યાએ બેંક છે તે બેંકમાથી મળી છે તેમ બતાવે છે.

(૫) લોનમાં મળેલા નાણા કેટલા વ્યાજે છે તે વ્યાજના દરનો પણ તેઓને ખ્યાલ હોતો નથી વિગેરે. આ માટે કચેરીના કર્મચારીઓ દ્વારા યોજના વિષયક જાગૃતિ લાવવા પ્રયત્ન કરવા જોઈએ.

૬:૧:૪. અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા લોન માટે ભલામણ થતી અરજીઓના અરજી પત્રકો તાલુકા મથકેથી સમાજ-કલ્યાણ નિરીક્ષક મારફત વહેંચાય છે. અરજી પત્રક વહેંચવા માટે નો આધાર એ રેશનીંગ માટેના કાર્ડનો રાખવામાં આવે છે. જેના કારણે લાભાર્થીઓની યોગ્ય ઓળખ થવી જોઈએ તે થતું નથી ઘણીવાર એવું પણ બને છે કે આજુ બાજુના ગામના કહેવાતા સામાજિક કાર્યકર થોકબંધ ધોરણે ફોર્મ લઈ જાય છે અને જાણે કે લોનની લ્હાણી થવાની હોય એ રીતે માથા કે ધડ વિના અરજી-પત્રકો તૈયાર કરતા હોય છે. તેઓની તાલુકા અને જિલ્લાકક્ષાએ વગ હોવાથી તથા કર્મચારીઓ સાથે નિકટતાથી સંકળાયેલા હોવાથી તેનો પ્રતિકાર કરતા નથી કે નકારતા નથી પરંતુ અમે એ સુચન કરવામાં આવે છે કે ખાસ અંગભૂત યોજના હેઠળના ગામોના કુટુંબો ની જરુરિયાત અંગે મોજણી થયેલી છે તેને ધ્યાને રાખી ને જરુરિયાત મંદ લાભાર્થીની ઓળખ ધ્વારા ધિરાણ માટે અરજદારની અરજીની ભલામણ થાય.

૬:૧:૫. કાપડ ફેરીના કેસોમા ત્રણ કેસોને બાદ કરતા બીજા બધા લાભાર્થીઓ હાલ કાપડ ફેરીનો વ્યવસાય કરતા નથી અને જેઓ કાપડ ફેરીનો ધંધો કરે છે તેતો અગાઉ પણ કાપડફેરીનો વ્યવસાય કરતાજ હતા તેમને તો ફકત ચાલુ ધંધામા મુડી રોકાણ કરવા સહાય થઈ એથી વિશેષ ખાસ કોઈ પ્રકારનું કાયમી ઉત્પાદકીય એકમ ઉભુ થયું નથી. આ માટે યોગ્ય લાભાર્થીને સુસંગત સહાય આપવી જોઈએ

૬:૧:૭. ચાણસ્મા તાલુકાના આકબા ગામે અનુસૂચિતજાતિમા પણ પછાત અને ગરીબી રેખા નીચે જીવતી 'નાડીયા' જાતિના લોકોને જે

જે ખેતમજુરો છે તેઓને દુધાળાઢોર આપવામાં આવ્યા છે પરંતુ ગરીબીને કારણે દુધાળાઢોરનું પુરતુપોષણ ન કરી શકવાથી ભેંસ મરી ગયાનો દાખલો છે. ભેંસ મરી ગયા બાદ વેટરનરી ઓફિસર પાસેથી પશુ મરી ગયા અંગેનું પ્રમાણપત્ર મેળવાયું નથી જેથી વિમાની રકમ પણ ગુમાવી છે. તેઓને કેટલી સબસીડી મળી હતી તે રકમ પણ તેમને ખબર નથી. ખાસ રસપ્રદ બાબત એ છે કે તેમની ભેંસ મરી ગઈ હોવા છતાં તેમને તે અંગે કોઈ પ્રકારનું યોગ્ય માર્ગદર્શન મળ્યું નથી જે પુરુ પાડવા પ્રબંધ થવો જોઈએ.

૬:૧:૮. એક બેંક ધિરાણનું ટેબલ સંભાળતા કર્મચારી સાથે વાતચીત કરતા જાણવા મળ્યું હતું કે તેઓ અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા ભલામણ કરાયેલ કેસો ઉપર દુર્લક્ષ સેવતા થઈ જાય છે કારણકે કેસ મંજૂર કર્યા પછી પણ બે બે વર્ષ થાય તો પણ સબસીડીની રકમ બેંકને મળતી નથી તેનાથી બેંકનો તો સબસીડીની રકમ સમયસરન મળતી હોવાથી લાભાર્થીઓ કુશંકાની નજરે જોવા લાગે છે. ઉપરાંત લાભાર્થી અમુક રકમ ભર્યા પછી સબસીડી જેટલી રકમ રહે એટલે હપ્તા ભરવાનું બંધ રાખે છે તેના કારણે પડતર રકમ ઉપર વ્યાજ ચડેજ જાય છે. આખરે આ વ્યાજ લાભાર્થીઓજ ભરવો પડે છે.

૬:૧:૯. આ ઉપરાંત થોકબંધ ધોરણે અરજી પત્રકો મોકલવામાં આવે છે તેના કરતા ઓછા પણ ખરેખર Viable કેસો મોકલાયતો તેનાથી ધીરાણ કર્યાનો હેતુ સરે.

૬:૧:૧૦. બેંકો સાથે પણ કેટલીક છેતરપીંડી થાય છે તેવો અનુભવ મહેસાણા જિલ્લામાં થયેલો છે. વિગત એવી છે કે અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા જે કેસો ભલામણ કરવામાં આવે છે. ઘણીવાર લાભાર્થીઓ નિગમની કચેરીથી લોન માટે ભલામણ કરેલા અરજી પત્રકો લઈ બેંકમા આવતા હોય છે. દરમ્યાન ભલામણ કરેલા અરજી પત્રકોમાં લાભાર્થીઓના નામોમાં સુધારાવધારા કરવામાં આવે છે તેના પરિણામે ધિરાણ ક, ના નામે થયુ હોય જયારે સબસીડી ખ, ના નામે આવે છે આવું ન બને તેના અમલીકરણ માળખાએ સતત ખ્યાલ રાખવો જોઈએ.

જે ખેતમજુરો છે તેઓને દુધાળાઢોર આપવામાં આવ્યા છે પરંતુ ગરીબીને કારણે દુધાળાઢોરનું પુરતુપોષણ ન કરી શકવાથી ભેંસ મરી ગયાનો દાખલો છે. ભેંસ મરી ગયા બાદ વેટરનરી ઓફિસર પાસેથી પશુ મરી ગયા અંગેનું પ્રમાણપત્ર મેળવાયું નથી જેથી વિમાની રકમ પણ ગુમાવી છે. તેઓને કેટલી સબસીડી મળી હતી તે રકમ પણ તેમને ખબર નથી. ખાસ રસપ્રદ બાબત એ છે કે તેમની ભેંસ મરી ગઈ હોવા છતાં તેમને તે અંગે કોઈ પ્રકારનું યોગ્ય માર્ગદર્શન મળ્યું નથી જે પુરૂ પાડવા પ્રબંધ થવો જોઈએ.

૬:૧:૮. એક બેંક ધિરાણનું ટેબલ સંભાળતા કર્મચારી સાથે વાતચીત કરતા જાણવા મળ્યું હતું કે તેઓ અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા ભલામણ કરાયેલ કેસો ઉપર દુર્લક્ષ સેવતા થઈ જાય છે કારણકે કેસ મંજૂર કર્યા પછી પણ બે બે વર્ષ થાય તો પણ સબસીડીની રકમ બેંકને મળતી નથી તેનાથી બેંકનો તો સબસીડીની રકમ સમયસરન મળતી હોવાથી લાભાર્થીઓ કુશંકાની નજરે જોવા લાગે છે. ઉપરાંત લાભાર્થી અમુક રકમ ભર્યા પછી સબસીડી જેટલી રકમ રહે એટલે હપ્તા ભરવાનું બંધ રાખે છે તેના કારણે પડતર રકમ ઉપર વ્યાજ ચડેજ જાય છે. આખરે આ વ્યાજ લાભાર્થીઓજ ભરવો પડે છે.

૬:૧:૯. આ ઉપરાંત થોકબંધ ધોરણે અરજી પત્રકો મોકલવામાં આવે છે તેના કરતા ઓછા પણ ખરેખર Viable કેસો મોકલાયતો તેનાથી ધીરાણ કર્યાનો હેતુ સરે.

૬:૧:૧૦. બેંકો સાથે પણ કેટલીક છેતરપીંડી થાય છે તેવો અનુભવ મહેસાણા જિલ્લામાં થયેલો છે. વિગત એવી છે કે અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા જે કેસો ભલામણ કરવામાં આવે છે. ઘણીવાર લાભાર્થીઓ નિગમની કચેરીથી લોન માટે ભલામણ કરેલા અરજી પત્રકો લઈ બેંકમાં આવતા હોય છે. દરમ્યાન ભલામણ કરેલા અરજી પત્રકોમાં લાભાર્થીઓના નામોમાં સુધારાવધારા કરવામાં આવે છે તેના પરિણામે ધિરાણ ક, ના નામે થયુ હોય જયારે સબસીડી ખ, ના નામે આવે છે આવું ન બને તેના અમલીકરણ માળખાએ સતત ખ્યાલ રાખવો જોઈએ.

૬:૧:૧૧. અનુસૂચિતજાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા સહાય અપાયા પછી અનુસરણ કાર્ય (                    ) બીલકુલ થતુ નથી તેવું જાણવા મળ્યું છે. જે ખૂબજ આવશ્યક છે. આ માટે જરુર પડે દરેક જિલ્લામા એક જિલ્લા સયોજકની જગ્યા ઊભી કરવી જોઈએ જે સતત જિલ્લામાં ચાલતી નિગમની કાર્યવાહી ઉપર ધ્યાન રાખે, લાભાર્થીઓના એકમની ચકાસણી કરે, બેંકોની તથા અમલીકરણ કર્મચારીઓની અગવડો તપાસે તથા યોજનાઓના યોગ્ય અમલીકરણ ધ્વારા તેનો હેતુબર આવે તે માટે સતત પ્રયત્ન શીલ રેહ વગેરે બાબતો તેમની સેવાના ભાગ રુપે નક્કી કરવી જોઈએ.

૬:૧:૧૨. તાલુકા કક્ષાએ નિગમની કામગીરી જોઈએ તેટલા રસ અને ધ્યાન-પૂર્વક થતી હોય તેવુ જોવા મળતુ નથી. તે માટે તાલુકા કક્ષાએ પણ અમલીકરણ માળખું ગોઠવાય તો સમાજના નબળા પછાત અનુસૂચિત જાતિ વિકાસ માટેની સરકારની નેમ છે તે કંઈક અંશે પૂર્ણ થાય.

૬:૧:૧૩. ખાસ કરીને ગામડામા ચર્મોધોગ કરતા કારીગરો વૈજ્ઞાનિક ઢબે ચર્મોધોગ કરતા થાય તથા મરેલાઢોરના નિકાલની વ્યવસ્થા, વાઢકાપ, ચામડા પકવવા વગેરેમાં વૈજ્ઞાનિક પધ્ધતિ તથા તાંત્રિક સાધનો પૂરા પાડવા જોઈએ.

૬:૧:૧૪. ચર્મોધોગ વૈજ્ઞાનિક રીતે વિકાસ પામે તથા ચમોધોગ માટે લોન લઈ ચર્મ કારીગર તેની વાર્ષિક આવક વધારી શકે તે માટે તેઓને તાલીમ આપવી જોઈએ. તથા વૈજ્ઞાનિકઢબે ચર્મોધોગ કરવા માટે '' ફલેઈંગ સેન્ટરો ''ની યોજના અમલી બનાવવી જોઈએ.

૬:૧:૧૫. પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસમાં આવરી લેવામા આવેલા કુટુંબોમાંથી કાપડફેરીની યોજનાનો લાભ મેળવેલ ૧૮ કુટુંબોનાં પ્રતિભાવો પરથી એ તારણ તારવી શકાય કે આ યોજના આવક વધારવા માટે સફળ રહે તેમ છે. અલબત અરજદારમાં વ્યવસાય વ્યવસ્થાપનની કુશળતા કેટલી છે તેના ઉપર વધુ મદાર રહે છે.

૬:૧:૧૬. દુધાળા પશુની યોજનાનો લાભ મેળવેલ લાભાર્થીને એક ભેંસ વસુકાય તે ગાળા દરમિયાન પણ આવક ચાલુ રહે તે માટે બે ભેંસો આપવી જોઈએ તે સ્વીકાર્ય બાબત છે. અભ્યાસમા આવરેલ એકપણ લાભાર્થીને

બે ભેંસ અપાયી હોય તેવું નોંધાયું નથી. ચાણસ્મા તાલુકાના આકબા ગામના નાડીયા જાતિના કુટુંબોએ તો બે દુધાળાપશુની માગણી પણ દર્શાવી હતી. નિગમ યોગ્ય અરજદારોને બે દુધાળા ઢોર આપી યોજનાનો હેતુ સાચા અર્થમાં સાર્થક કરવો જોઈએ.

૬:૧:૧૭. દુધાળાઢોર માટે ધિરાણ કરવા માટે ધિરાણ સંસ્થાઓની અરુચી વધી છે તેને ઘટાડવા અમલીકરણ તંત્ર ધ્વારા યોગ્ય લાભાર્થીની જ પસંદગી કરી તેની ભલામણ થાય તે બાબત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ.

૬:૧:૧૮. અમુક વખતે એકજ ગામમાં આધળુકીયા કરી એકજ વ્યવસાયમાં ઘણાં અરજદારોને લાભ આપવામાં આવે છે. જો ખરેખર તેઓ તે વ્યવસાય કરતાજ હોયતો તેમને બધાને લાભ અપાય તે સ્વિકાર્ય છે. પરંતુ કેટલાક ધંધો ન કરતા હોય તેવાઓને પણ લાભ અપાય તે બરાબર નથી. દા.ત. પાટણમાં ચર્મોદ્યોગ માટે અપાયેલ ધિરાણમાં આવું થયુ હોય તેવું ક્ષેત્રકાર્ય દરમિયાન ધ્યાને આવ્યું હતું. આવુ ન બને તેનો સતત ખ્યાલ રાખવો જોઈએ તો જ જે તે યોજનાનો ઉદ્દેશ બર આવે.

૬:૧:૧૯. અનુસુચિત જાતિઓમાંની કેટલીક અતિ પછાત જાતિઓ જેવીકે સેનમા, હાડી, ભંગી, નાડીયા, તીગર, ડાંગસીયા સાખ્યીક દ્રષ્ટિએ પણ લઘુ છે તથા આર્થિક અને સામાજિક દ્રષ્ટિએ પણ શોષિત પીડીત છે તેવી જાતિઓના ઉત્કર્ષ માટે ખાસ ધ્યાન આપવા જાતિ મુજબ ~~xxx~~ તેમને અનુકૂળ અલગ અલગ વિકાસ કાર્યક્રમો બનાવવા જોઈએ તથા અનુ.જાતિના આર્થિક વિકાસની સાથે સાથે તેમને સામાજિક ન્યાય મળે અને તેઓ ગરીબી રેખાથી બહાર આવે તે માટે એટલે કે તેમના પુનરોત્થાન અને નવનિર્માણ માટે એક ઘનિષ્ટ યોજના બનાવવી જોઈએ.

૬:૧:૨૦. કેટલીક યોજનાઓના યુનિટ કોસ્ટમાં વધારો કરવાની ખાસ જરુર જણાય છે. કારણકે હાલ જે રકમ આપવામાં આવે છે તેનાથી ધંધો શરુ કરી ચાલુ રાખી શકાતો નથી તથા તેનાથી વિશેષ વળતર જે વધારાની આવક તરીકે મેળવી શકાતું નથી. દા.ત. કાપડફેરીના

વ્યવસાય છે તેમા ઓછામા ઓછા ૬ થી ૮ હજારનો માલ જો જેને લાભાર્થી ખરીદીને વેચેતો તેનુ રોટેસન ચાલ્યા કરે હજાર કે બે હજારનું કાપડ આજની મોઘવારીમાં ફેરી કરવા જેટલુ મોટા વેપારીને ત્યાંથી કેટલું ખરીદી શકાય તે પણ વિચારવા જેવી બાબત છે.

૬:૧:૨૧. ૧૯૮૩-૮૪ દરમિયાન અ.જો.આ. વિ. નિગમ ધ્વારા થયેલી કામગીરી જોતાં ~~એ~~ મોટા ભાગના લાભાર્થીઓ શહેરી વિસ્તારના માલુમ પડયા હતા. શહેરી વિસ્તારના અ.જા.ના લોકોને જરુર લાભ આપવા જોઈએ સાથે સાથે ગ્રામ્ય વિસ્તારના અ.જા.ના લોકો પ્રત્યે દુર્લક્ષપણ નહીં સેવાવું જોઈએ. ખાસતો ગ્રામ્ય વિસ્તારના લોકોને લાભ મળે તેવો પ્રબંધ થવા જોઈએ.

અભ્યાસ માટેના ક્ષેત્રકાર્ય દરમ્યાન સા.કાર્યકરો લાભાર્થીઓ સાથે ચર્ચા તથા ખૂબજ ઝીણવટથી જોતા એક બાબત એ પણ ધ્યાન પર આવી છે કે અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા ચમાર અને વણકર જાતિ સિવાયની અન્ય જાતિઓના લાભાર્થીઓ પ્રત્યે જોઈએ તેટલુ લક્ષ આપવામાં આવતુ નથી. દા.ત.મહેસાણા જિલ્લામાં ૮૩-૮૪માં નાડીયા જાતિના ફકત ૫, તુરીનાઅરઙ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો.

૬:૧:૨૨. રાષ્ટ્રીયકૃત બેંકોની વ્યવહારુ મુશ્કેલીઓ સમજી તેનો જરુરી ઉકેલ લાવવા પ્રયાસ કરવો જોઈએ તેમાં લાભાર્થી તથા નિગમ જેવા અમલીકરણ માળખાએ ~~મ~~ સહકાર આપવો જોઈએ.દા.ત. અમુક કિસ્સાઓમાં ધિરાણ કર્યા પછી સબસીડી બબ્બે વર્ષે પણ આપવામાં આવતી નથી. આ માટે શકય હોયતો વધુ ધિરાણ કરતી બેંકોમા એડવાન્સ સબસીડી જમા કરાવવી જોઈએ.

૬:૧:૨૩. અમલીકરણ તંત્રએ કોઈપણ યોજનાને સફળ બનાવવા માટે પાયાનુ અંગ છે તે જેટલુ કાર્યક્ષમ અને ગતીશીલ હોય તેટલી વધુ સફળતા મળે આ માટે અમલીકરણ અધિકારી કર્મચારીઓને યોજના વિષાયક અમલીકરણલક્ષી તાલીમ આપવી જોઈએ. સાથે સાથે યોજનાના લાભાર્થીઓ જેઓ અશિક્ષિત તથા કાગળીયા બાબતમાં ગભરાટ

અનુભવતા હોય છે તેમનામાં સામાજિક જાગૃતિ તથા યોજનાકીય બાબતોથી જાણકાર કરવા તેમના માટે ફરતા તાલીમવર્ગો શરૂ કરવા જોઈએ.

૬:૧:૨૪. ડી.એલ.સી.સી. તથા ટી.એલ.સી.સી.ની મીટીંગમાં નિગમના અધિકારી કર્મચારીએ નીયમિત હાજરી આપવી જોઈએ તથા તેમાં ચર્ચાના અરજીઓના Rejection ને લગતા મુદ્દાઓ ધ્યાને લઈ અમલીકરણ વખતે તેમ બનવા ન પામે તે બાબતની લાગતા વળગતાને સૂચના આપવી જોઈએ.

## પત્રક - ૧

૧૯૮૩-૮૪ દરમ્યાન ગુ.અ.જા.આ.વિ. નિગમ ધ્વારા ધંધાવાર
આવરી લેવાયેલી લાભાર્થીની વિગત

| અ.નં. | ધંધાનું નામ | લાભાર્થીની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | દુધાળાઢોર | ૨,૪૮૫ | ૫.૮૦ |
| ૨. | ચર્મઉદ્યોગ | ૭,૫૪૮ | ૧૭.૬૩ |
| ૩. | વણાટકામ | ૮,૫૦૯ | ૧૯.૮૮ |
| ૪. | શિવણકામ | ૨,૯૧૪ | ૬.૮૧ |
| ૫. | કાપડફેરી | ૫,૦૩૪ | ૧૧.૭૬ |
| ૬. | બળદગાડા | ૨૩૩ | ૦.૫૪ |
| ૭. | ઊંટગાડા | ૧૦૦ | ૦.૨૩ |
| ૮. | અન્ય | ૧૫,૯૮૮ | ૩૭.૩૫ |
| | કુલ | ૪૨,૮૧૧ | ૧૦૦.૦૦ |

## પત્રક – ૨

### ધંધાવાર ધિરાણની રકમ દર્શાવતું પત્રક

| અ.નં. | ધંધાનું નામ | રકમ (રૂા.) | ટકા |
|---|---|---|---|
| ૧. | દુધાળાઢોર | ૬૦,૦૨,૭૦૧ | ૧૧.૭૩ |
| ૨. | ચર્મઉદ્યોગ | ૮૧,૫૫,૯૧૦ | ૧૫.૯૩ |
| ૩. | વણાટકામ | ૯૫,૯૧,૦૫૦ | ૧૮.૭૪ |
| ૪. | શિવણકામ | ૩૩,૦૩,૯૨૪ | ૬.૪૬ |
| ૫. | કાપડફેરી | ૬૭,૭૯,૭૬૫ | ૧૩.૨૫ |
| ૬. | બળદગાડા | ૭,૧૮,૧૨૭ | ૧.૪૦ |
| ૭. | ઊંટગાડા | ૪,૫૨,૦૦૦ | ૦.૮૮ |
| ૮. | અન્ય | ૧,૬૧,૭૯,૨૮૫ | ૩૧.૬૧ |
| | કુલ | ૫,૧૧,૮૨,૭૬૨ | ૧૦૦.૦૦ |

## પત્રક - ૩

ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગર, દ્વારા ૧૯૮૩-૮૪ દરમિયાન આવરી લેવાયેલી લાભાર્થીઓની જાતિવાર સંખ્યા

| અ.નં. | જાતિ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ભંગી | ૮,૩૦૪ | ૧૯.૪૦ |
| ૨. | સેનવા | ૧,૯૫૮ | ૪.૫૭ |
| ૩. | હાડી | ૩૯૪ | ૦.૯૨ |
| ૪. | નાડીયા | ૩૦૩ | ૦.૭૧ |
| ૫. | તુરી | ૧૯૯ | ૦.૪૫ |
| ૬. | વણકર | ૧૭,૨૩૨ | ૪૦.૨૫ |
| ૭. | ચમાર | ૧૦,૫૮૩ | ૨૪.૭૩ |
| ૮. | અન્ય | ૩,૮૩૮ | ૮.૯૭ |
| | કુલ | ૪૨,૮૧૧ | ૧૦૦.૦૦ |

## પત્રક - ૪

૧૯૮૩ - ૮૪

જાતિવાર ધિરાણની રકમ દર્શાવતું પત્રક

| અ.નં. | જાતિનું નામ | ધિરાણની રકમ(રૂા.) | ટકા |
|---|---|---|---|
| ૧. | ભંગી | ૭૨,૩૦,૯૪૫ | ૧૪.૧૩ |
| ૨. | સેનવા | ૨૪,૫૬,૮૩૫ | ૪.૮૦ |
| ૩. | હાડી | ૪,૦૭,૨૯૭ | ૦.૮૦ |
| ૪. | નાડીયા | ૨,૯૫,૮૮૫ | ૦.૫૮ |
| ૫. | તુરી | ૨,૪૧,૩૩૫ | ૦.૪૭ |
| ૬. | વણકર | ૨,૨૨,૪૪,૮૬૫ | ૪૩.૪૬ |
| ૭. | ચમાર | ૧,૩૨,૬૮,૪૦૭ | ૨૫.૯૨ |
| ૮. | અન્ય | ૫૦,૩૭,૧૯૩ | ૯.૮૪ |
| | કુલ | ૫,૧૧,૮૨,૭૬૨ | ૧૦૦.૦૦ |

પત્રક - ૫

બેંકેબલ યોજનાઓ હેઠળ અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ ધ્વારા જુદા જુદા વ્યવસાય ધંધામાટેના વર્ષવાર આવરી લીધેલ લાભાર્થીની વિગત દર્શાવતો કોઠો.

| અ.નં. | વ્યવસાય ધંધો | ૧૯૮૦-૮૧ | ૧૯૮૧-૮૨ | ૧૯૮૨-૮૩ | ૧૯૮૩-૮૪ (જા-યુ.૮૪ સુધી) |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | દુધાળાઢોર | ૪,૪૩૭ | ૫,૧૦૬ | ૪,૧૪૪ | ૧,૧૪૨ |
| ૨. | ચર્મઉદ્યોગ | | ૫,૬૩૨ | ૮,૭૨૫ | ૫,૩૬૨ |
| ૩. | વણાટકામ | ૧૦,૮૨૭ | ૬,૭૨૦ | ૯,૮૫૩ | ૫,૭૪૬ |
| ૪. | સીવણકામ | | ૨,૧૦૧ | ૨,૭૨૪ | ૨,૧૧૪ |
| ૫. | કાપડફેરી | | - | ૬,૮૩૭ | ૩,૪૯૮ |
| ૬. | બળદગાડા | ૬૭ | ૪૨૭ | ૮૫૨ | ૧૯૯ |
| ૭. | ઊંટગાડી | ૨૯ | ૫૦૨ | ૩૫૧ | ૬૮ |
| ૮. | અન્ય કુટીરઉદ્યોગ | ૮૩૧ | ૧૮,૭૦૮ | ૧૬,૪૪૦ | ૧૨,૦૨૫ |
| | કુલ | ૧૬,૧૯૧ | ૩૯,૧૯૬ | ૪૯,૯૨૬ | ૩૦,૧૫૪ |

## પરિશિષ્ટ : ૧

૧૯૮૩-૮૪ માં ખાસ અંગતભૂત યોજના સર્વેક્ષણ હેઠળ મહેસાણા જિલ્લામાં

નોંધાયેલ જરુરિયાતો :

### રહેઠાણ અંગેની જરુરિયાત :

| | | |
|---|---|---|
| (૧) | નવો પ્લોટ જોઈએ છે | ૫૦૫૫ |
| (૨) | નવા મકાનની જરુરિયાત છે | ૧૯૪૫ |
| (૩) | મકાન સમારકામ કરવાનું છે. | ૩૪૦૬ |

### વંશપરંપરાગત ધંધા અંગેની જરુરિયાત :

| | | |
|---|---|---|
| (૧) | નાણાની જરુરિયાત | ૫૧૭ |
| (૨) | કાચો માલ | ૬૪ |
| (૩) | સાધનો | ૨૫ |
| (૪) | તાલીમ | ૩ |
| (૫) | માર્ગદર્શન | ૨ |

### ખેતી વિષાયક જરુરિયાત :

| | | |
|---|---|---|
| (૧) | જમીન સમતલ કરવી | ૭૧ |
| (૨) | પાળા બાંધવા | ૪૫ |
| (૩) | નાળા બાંધવા | ૧૦ |
| (૪) | વાડ બનાવવી | ૨૬ |
| (૫) | કયાર બનાવવી | ૨૭ |
| (૬) | ખેતી માટે જમીન | ૧૧૦૩ |
| (૭) | બિયારણની જરુરિયાત | ૨૭૫ |
| (૮) | ખાતરની જરુરિયાત | ૨૮૭ |
| (૯) | જંતુનાશક દવા | ૨૩૬ |
| (૧૦) | જમીનના હપ્તા ભરવા નાણાં | ૧૨૯ |
| (૧૧) | પાક નિદર્શન | ૮૪ |
| (૧૨) | પાક સંરક્ષણ માટે નિદર્શન | ૭૯ |

ખેતીના સાધનો :

(૧) લાકડાનું હળ ૨૭૨

(૨) રાંપ ૧૬૧

(૩) રાંપડી ૧૬૯

(૪) સમાર ૧૬૧

(૫) વાવણિયો ૧૬૪

(૬) લોખંડનું હળ ૧૫૨

(૭) પંખો ૧૪૪

(૮) મોંધ ૧૩૫

(૯) બળદગાડું ૧૬૩

(૧૦) દવા છાંટવાનો પંપ ૧૨૯

ખેતી માટે પિયતના સાધનોની જરુરિયાત :

(૧) નવોકુવો ૬૦

(૨) કુવો ઊંડો કરાવવો ૩૩

(૩) કુવો સમારકામ ૨૮

(૪) કુવો પાકો કરાવવો ૧૫

(૫) કોસ અથવા રહેંટ ૧૭

(૬) ઈલેક્ટ્રીક મોટર પંપ ૩૬

(૭) ઓઈલ એન્જીન ૨૦

(૮) પિયત માટે વિજળી જોડાણ ૩૩

પશુપાલન અંગેની જરુરિયાત :

(૧) ગાય ૫૮૦

(૨) ભેંસ ૭૨૫

(૩) બળદ ૩૯

(૪) બકરા ૨૭૩

| | | |
|---|---|---|
| (૫) | ઘેટા | ૨૨ |
| (૬) | મરઘા-બતકા | ૬૪ |
| (૭) | ઊંટ | ૮ |
| (૮) | ઘાસ | ૨૬૦ |

નવા ધંધા અંગેની જરુરિયાત :

| | | |
|---|---|---|
| (૧) | ઊંટલારી | ૧૧૭ |
| (૨) | બળદગાડુ | ૪૮ |
| (૩) | ઓટોરીક્ષા | ૫૮ |
| (૪) | ટેમ્પો | ૪૦ |
| (૫) | હાથલારી | ૧૦૬ |
| (૬) | રેકડી | ૭ |
| (૭) | પેડલરીક્ષા | ૧૧ |
| (૮) | ઘોડાગાડી | ૬ |

નવા ધંધા રોજગાર માટે તાલીમ :

| | | |
|---|---|---|
| (૧) | કડીયાકામ | ૭૬ |
| (૨) | સુથારી કામ | ૩૧ |
| (૩) | વાંસકામ | ૬૨ |
| (૪) | ચર્મોદ્યોગ | ૨૧૫ |
| (૫) | વણાટકામ | ૧૪૭ |
| (૬) | સીવણકામ | ૧૩૪ |
| (૭) | ઇલેક્ટ્રીશીયન | ૧૦ |
| (૮) | વાયરમેન | ૨૨ |
| (૯) | ટર્નર | ૫ |
| (૧૦) | ફુટિર | ૪ |
| (૧૧) | વેલ્ડર | ૧૩ |
| (૧૨) | ઓટો રીપેરર | ૧૨ |

| | | |
|---|---|---|
| (૧૩) | પ્રેસ પ્રીન્ટીગ | ૧ |
| (૧૪) | કમ્પોઝીટર | ૧ |
| (૧૫) | હીરાઉદ્યોગ | ૭ |
| (૧૬) | રેડીયો રીપેર | ૫ |
| (૧૭) | ઘડિયાળ રીપેર | ૧ |
| (૧૮) | કાર્પેટ બનાવવી | ૧ |
| (૧૯) | અંબર ચરખા | ૫૦ |
| (૨૦) | ભરત ગુથાણ | ૧ |

રહેઠાણ અંગેની જરુરિયાત :

| | | |
|---|---|---|
| (૧) | અજવાળિયા | ૫૧૧૮ |
| (૨) | નળનુ જોડાણ | ૪૮૫૬ |
| (૩) | નિર્ધુનચુલ | ૫૫૧૭ |
| (૪) | નાવણિયું | ૪૯૩૯ |
| (૫) | વીજળી | ૪૪૪૯ |
| (૬) | પાણી નિકાલની વ્યવસ્થા | ૪૫૬૪ |
| (૭) | બારી બારણા | ૪૪૭૭ |
| (૮) | પાણીયારું | ૪૪૯૧ |

## પરિશિષ્ટ - ૨

૧૯૮૩-૮૪ના વર્ષના ખાસ અંગભૂત યોજના હેઠળ આવરી લીધેલા -૩૬૪ ગામોમાંથી મહેસાણા જિલ્લાના ૫૪ ગામો આવરી લેવામાં આવ્યા હતા જે નીચે પ્રમાણે છે.

મહેસાણા જિલ્લો :

| તાલુકો | અ.નં. | ગામ | વસ્તી |
|---|---|---|---|
| મહેસાણા | ૧. | જગદણ | ૩૧૯ |
| | ૨. | મહેસાણા | ૨,૭૨૪ |
| | ૩. | લીચ | ૫૩૨ |
| | ૪. | કટોસણ | ૨૫૪ |
| કડી | ૫. | કોલાદ | ૨૫૫ |
| | ૬. | પાલ્લી | ૨૬૩ |
| | ૭. | કડી | ૧,૯૬૧ |
| વિસનગર | ૮. | રાજપુર | ૨૯૫ |
| | ૯. | ગુંજા | ૩૪૫ |
| | ૧૦. | રાલીસણા | ૨૯૬ |
| | ૧૧. | કુવાસણ | ૩૦૭ |
| | ૧૨. | દઢીઆળા | ૨૯૯ |
| વિજાપુર | ૧૩. | સુંદરપુર | ૨૬૫ |
| | ૧૪. | સોખડા | ૨૫૩ |
| | ૧૫. | માલોસણ | ૨૫૧ |
| | ૧૬. | કોલવડા | ૩૨૧ |
| | ૧૭. | વિજાપુર | ૧,૧૬૨ |
| | ૧૮. | ટીંટોદરા | ૨૫૨ |
| | ૧૯. | લોદ્રા | ૫૫૨ |
| | ૨૦. | રીદ્રોલ | ૩૫૯ |
| | ૨૧. | ઈટાદરા | ૩૨૮ |
| | ૨૨. | બદપુરા | ૩૫૬ |
| કલોલ | ૨૩. | લિંબોદરા | ૩૧૬ |
| | ૨૪. | છત્રાલ | ૨૯૬ |

| તાલુકો | અ.નં. | ગામ | વસ્તી |
|---|---|---|---|
| | ૨૫. | કલોલ | ૭,૦૧૬ |
| પાટણ | ૨૬. | લક્ષ્મીપુર | ૩૧૧ |
| | ૨૭. | વાગડોદ | ૨૯૫ |
| | ૨૮. | સાંપા | ૨૫૩ |
| | ૨૯. | કાંસા | ૨૬૩ |
| | ૩૦. | કીંબુવા | ૨૭૩ |
| | ૩૧. | ધારપુર | ૨૭૭ |
| | ૩૨. | સરવા | ૨૭૪ |
| | ૩૩. | પાટણ | ૫,૫૩૭ |
| સિધ્ધપુર | ૩૪. | મેલોજ | ૩૧૮ |
| | ૩૫. | વરવાડા | ૩૩૬ |
| | ૩૬. | બ્રાહ્મણવાડા | ૨૬૩ |
| | ૩૭. | નાગવાસણ | ૨૬૦ |
| | ૩૮. | બીલીયા | ૨૯૫ |
| | ૩૯. | નેદ્રા | - |
| | ૪૦. | દૂ-ડાવ | ૨૫૯ |
| ખેરાલુ | ૪૧. | ડભોડા | ૩૦૭ |
| | ૪૨. | નેદાલી | ૨૬૩ |
| | ૪૩. | આડા | ૨૬૦ |
| | ૪૪. | બાદરપુર | ૩૩૮ |
| | ૪૫. | મલેકપુર(ખે) | ૨૭૭ |
| | ૪૬. | વડનગર | ૧,૪૨૨ |
| ચાણસ્મા | ૪૭. | ચાણસ્મા | ૧,૩૭૮ |
| | ૪૮. | દેલમાલ | ૩૧૦ |
| | ૪૯. | કોડીવાડા | ૨૮૫ |
| સમી | ૫૦. | સંખેશ્વર | ૩૦૪ |
| | ૫૧. | કવડ | ૩૦૩ |
| | ૫૨. | પંચાસર | ૩૧૫ |
| હારીજ | ૫૩. | કાતરા | ૨૬૧ |
| | ૫૪. | અડીયા | - |

...૧૩૦..

## પરિશિષ્ટ - ૩:૧.

જુન - ૧૯૮૬માં જુદી જુદી બેંકોને ભલામણ કરેલ અરજીઓની
જાતિવાર સંખ્યા અને રકમની વિગત

| બેંક | ભંગી | સેનમા | હાડી | નાડીયા | તુરી | મોચી | ગરોડા | વણકર | ચમાર | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. |
| ૧. એસ.બી.આઈ ગવાડા | - | - | - | - | - | - | - | ૩ | - | - | ૩ |
| ૨. એસ.બી.આઈ નારદપુર | - | - | - | - | - | - | - | ૧ | - | - | ૧ |
| ૩. દેના બ્રાહ્મણવાડા | - | ૧ | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૪. દેના | - | - | - | - | - | - | - | - | ૧ | - | ૧ |
| ૫. દેના | - | - | - | - | - | - | - | - | ૧ | - | ૧ |
| ૬. " | - | - | - | - | - | - | - | ૬ | - | - | ૬ |
| ૭. " | - | - | - | - | - | - | ૧ | ૭ | ૧ | - | ૯ |
| ૮. | - | - | - | - | - | - | - | - | ૧ | - | ૧ |
| ૯. એસ.બી.આઈ | ૨ | - | - | - | - | - | - | ૨ | ૭ | - | ૧૧ |
| કુલ | ૨ | ૧ | - | - | - | - | ૧ | ૧૯ | ૧૧ | - | ૩૪ |
| ગયામાસ | - | ૧૨ | - | - | ૯ | ૧ | ૧૭ | ૫૦ | ૪૫ | - | ૧૩૪ |
| કુલ | ૨ | ૧૩ | - | - | ૯ | ૧ | ૧૮ | ૬૯ | ૫૬ | - | ૧૬૮ |

( કોઠો આગળના પાને.)

(પરિશિષ્ટ ૩:૧ ચાલુ)

રકમ

| | ભંગી | સેનમા | હાડી | નાડીયા | તુરી | મોચી | ગરોડા | વણકર | ચમાર | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૩. | ૧૪. | ૧૫. | ૧૬. | ૧૭. | ૧૮. | ૧૯. | ૨૦. | ૨૧. | ૨૨. | ૨૩. |
| (૧) | - | - | - | - | - | - | - | ૧૫૦૦૦ | - - | ૩ | ૧૫૦૦૦ |
| (૨) | - | - | - | - | - | - | - | ૧૫૦૦ | - | ૧ | ૧૫૦૦ |
| (૩) | - | ૧૦૦૦ | - | - | - | - | - | - | - | ૧ | ૧૦૦૦ |
| (૪) | - | - | - | | - | - | - | - | ૭૫૦ | ૧ | ૭૫૦ |
| (૫) | - | - | - | - | - | - | - | - | ૩૦૦૦ | ૧ | ૩૦૦૦ |
| (૬) | - | - | - | - | - | - | - | ૧૩૦૦૦ | - | ૬ | ૧૩૦૦૦ |
| (૭) | - | - | - | - | - | - | ૨૦૦૦ | ૨૧૦૦૦ | ૧૦૦૦ | ૯ | ૨૪૫૦૦ |
| (૮) | - | - | - | - | - | - | - | - | ૩૦૦૦ | ૧ | ૩૦૦૦ |
| (૯) | ૩૫૦૦ | - | - | - | - | - | - | ૪૦૦૦ | ૧૪૩૦૦ | ૧૧ | ૨૧૮૦૦ |
| | ૩૫૦૦ | ૧૦૦૦ | - | - | - | - | ૨૦૦૦ | ૫૪૫૦૦ | ૨૨૦૫૦ | ૩૪ | ૮૩૫૫૦ |
| | - | ૨૫૫૦૦ | - | - | ૧૭૦૦૦ | ૩૦૦૦ | ૩૯૦૫૦ | ૯૯૫૦૦ | ૧૧૧૨૫૦ | ૧૩૪ | ૨૯૯૦૦૦ |
| | ૩૫૦૦ | ૨૬૫૦૦ | - | - | ૧૭૦૦૦ | ૩૦૦૦ | ૪૧૦૫૦ | ૧૫૪૦૦૦ | ૧૩૩૩૦૦ | ૧૬૮ | ૩૮૨૫૫૦ |

## પરિશિષ્ટ ૩:૨.

જુન - ૧૯૮૬ અંતિત તાલુકાવાર મંજુર, નામંજુર અને પરત અરજીઓની વિગત

| ક્ર.નં. | તાલુકાનુંનામ | આગળના માસની કુલ | ચાલુ માસની કુલ | કુલ એકંદરે | અગાઉની મંજુર કરેલ | ચાલુ માસની મંજુર કરેલ કુલ | કુલ મંજુર કરેલ | બાકી | અગાઉના માસની | ચાલુ માસના | કુલ | પરત | ૧માસ | ૨માસ | ૩માસ | ૬માસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. | ૧૩. | ૧૪. | ૧૫. | ૧૬. | ૧૭. |
| ૧. | મહેસાણા | ૪૩ | ૧૧ | ૫૪ | ૧ | ૧૨ | ૧૩ | ૪૧ | ૨૫ | - | ૨૫ | ૧૬ | ૧૧ | - | ૫ | |
| ૨. | કડી | ૧૫૨ | - | ૧૫૨ | ૩ | - | ૩ | ૧૪૯ | ૫૮ | - | ૫૮ | ૯૧ | - | ૫૦ | ૪૧ | |
| ૩. | કલોલ | ૫૮ | - | ૫૮ | ૧ | ૧૭ | ૧૮ | ૪૦ | ૪૦ | - | ૪૦ | ૦ | - | ૦ | ૦ | |
| ૪. | વિજાપુર | ૩૮ | ૩ | ૪૧ | ૧૩ | ૩ | ૧૬ | ૨૫ | ૧૧ | - | ૧૧ | ૧૪ | ૩ | ૮ | ૩ | |
| ૫. | વિસનગર | ૧૮ | ૬ | ૨૪ | - | - | - | ૨૪ | - | - | - | ૨૪ | ૬ | ૧૧ | ૭ | |
| ૬. | ખેરાલુ | ૧૦૭ | - | ૧૦૭ | ૭૨ | - | ૭૨ | ૩૫ | ૧૧ | - | ૧૧ | ૨૪ | - | ૧૮ | ૬ | |
| ૭. | સિધ્ધપુર | ૩ | ૧ | ૪ | - | ૧ | ૧ | ૩ | - | - | - | ૩ | ૧ | ૧ | ૧ | |
| ૮. | પાટણ | ૧૨૮ | ૧ | ૧૨૯ | ૪૩ | ૧ | ૪૪ | ૮૫ | ૧૮ | - | ૧૮ | ૬૭ | ૧ | ૪૯ | ૧૭ | |
| ૯. | સમી | ૩૩ | - | ૩૩ | - | - | - | ૩૩ | ૨૦ | - | ૨૦ | ૧૩ | - | ૫ | ૮ | |
| ૧૦. | હારીજ | ૨૨ | - | ૨૨ | - | - | - | ૨૨ | - | - | - | ૨૨ | - | ૯ | ૧૩ | |
| ૧૧. | ચાણસ્મા | ૮૬ | - | ૮૬ | ૧ | - | ૧ | ૮૫ | ૭ | - | ૭ | ૭૮ | - | ૩૯ | ૩૯ | |
| | | ૬૮૮ | ૨૨ | ૭૧૦ | ૧૩૪ | ૩૪ | ૧૬૮ | ૫૪૨ | ૧૯૦ | - | ૧૯૦ | ૩૫૨ | ૨૨ | ૧૯૦ | ૧૪૦ | |

## પરિશિષ્ટ - ૩:૩

અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લી. મહેસાણા માહે જુન'૮૬

| અ.નં. | બેન્કનું નામ | આગળના માસની | ચાલુમાસની કુલ | કુલ અંકુ - દર | અગાઉ મંજૂર કરેલ | ચાલુ માસની મંજૂર કરેલ | કુલ મંજૂર કરેલ | બાકી | ના મંજૂર કરેલ લોન ફોર્મ | | | નિગમની કચેરીએ પરત | પડતર | ૧ માસ | ૨ માસ | ૩ માસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | ચાલુમાસ | કુલ | | | | | |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. | ૧૩. | ૧૪. | ૧૫. | ૧૬. | ૧૭. |
| ૧. | બી.ઓ.આઈ | ૧૨૬ | - | ૧૨૬ | ૨ | - | ૨ | ૧૨૪ | ૪૪ | - | ૪૪ | - | ૮૦ | - | - | ૮૦ |
| ૨. | બી.ઓ.બી | ૧૬૧ | ૩ | ૧૬૪ | ૯૯ | ૧ | ૧૦૦ | ૬૪ | ૧૫ | - | ૧૫ | - | ૪૯ | ૩ | ૪૬ | - |
| ૩. | સી.બી.આઈ | ૧૦ | ૧ | ૧૧ | - | - | - | ૧૧ | - | - | - | - | ૧૧ | ૧ | ૧૦ | - |
| ૪. | દેના | ૯૮ | ૫ | ૧૦૩ | ૩ | ૧૮ | ૨૧ | ૮૨ | ૬ | - | ૩ | - | ૭૯ | ૫ | ૭૦ | ૪ |
| ૫. | એસ.બી.આઈ | ૩૨ | ૨ | ૩૪ | ૩ | ૪ | ૭ | ૨૭ | ૨ | - | ૨ | - | ૨૫ | -૨ | ૨૦ | ૩ |
| ૬. | ઇન્ડિયન | ૪ | - | ૪ | - | - | - | ૪ | - | - | - | - | ૪ | - | - | ૪ |
| ૭. | પી.એન.બી | ૨ | - | ૨ | - | - | - | ૨ | - | - | - | - | ૨ | - | - | ૨ |
| ૮. | યુ.બી.સી. | ૬ | - | ૬ | - | - | - | ૬ | ૬ | - | ૬ | - | - | - | - | ૦ |
| ૯. | આઈ.ઓ.બી | ૧૨ | - | ૧૨ | - | - | - | ૧૨ | ૧૦ | - | ૧૦ | - | ૨ | - | - | ૨ |
| ૧૦. | ઓ.બી.સી. | ૪ | - | ૪ | - | - | - | ૪ | - | - | - | - | ૪ | - | ૧ | ૩ |
| ૧૧. | એસ.બી.એસ. | ૯૧ | ૧૧ | ૧૦૩ | ૧ | ૧૧ | ૧૨ | ૯૧ | ૫૯ | - | - | - | ૩૩ | ૧૧ | ૨૦ | ૨ |
| ૧૨. | સીન્ડીકેટ | ૧૧ | - | ૧૧ | - | - | - | ૧૧ | - | - | - | - | ૧૧ | - | - | ૧૧ |
| ૧૩. | વાય.બી.આઈ | ૭૭ | - | ૭૭ | ૧૬ | - | ૧૬ | ૬૧ | ૨૫ | - | - | - | ૩૬ | - | ૧૫ | ૨૧ |
| ૧૪. | બી.એમ.એ | ૫૩ | - | ૫૩ | ૧૦ | - | ૧૦ | ૪૩ | ૨૭ | - | - | - | ૧૬ | - | ૮ | ૮ |
| | | ૬૮૮ | ૨૨ | ૭૧૦ | ૧૩૪ | ૩૪ | ૧૬૮ | ૫૪૨ | ૧૯૦ | - | | | ૩૫૨ | ૨૨ | ૧૯૦ | ૧૪૦ |

સંદર્ભ સૂચિ


(૧) ગુજરાત હરિજનો -૩ - શ્રી મુસ્તાકઅલી મસ્તી
શ્રી ચંદ્રકાંત ઉપાધ્યાય

(૨) ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લીમીટેડ - માહિતી અંક

(૩) ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ - માર્ગદર્શિકા

(4) Assistance to the Weatest of the weak - G.S.C.E - D.Co. Ltd. Gandhinagar.

(5) Special componait Plan for Scheduled Castes-1984-85 - Social Welfare Department.

(6) Report of Working Group on The Development of Scheduled Castes - 1980-85. - Sept. 1980

(7) Indian Rural Sociology - By Ram Nath Sharma

(8) Evaluation Study of Integrated Rural Development Programme. - Directorate of Evaluation, Gandhinagar, May-1984.

(૯) ગુજરાત રાજય આદિવાસી વિકાસ નિગમ દ્વારા અપાતી સહાયની લોનનો મૂલ્યાંકન અભ્યાસ. - શ્રી ઠાકોરભાઇ નાયક - શ્રીમતી ભારતીબહેન દેસાઇ


...૧૧૯..

## આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

## ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ ૩૮૦ ૦૧૪

### ખાસ અંગભૂત યોજના મૂલ્યાંકન અભ્યાસ : કુટુંબ મોજણી પત્રક

૧.૧ ગામનું નામ : ૧.૨ તાલુકો :

૧.૩ જિલ્લો :

૧.૪ ગામથી તાલુકાનું અંતર (કી.મી.) :

૨.૧ કુટુંબના વડાનું નામ :

૨.૨ માહિતીદાતાનું નામ :

૨.૩ જાતિ / જ્ઞાતિ :

૨.૪ શિક્ષણ :

૨.૫ વ્યવસાય :

(અ) મુખ્ય :

(બ) ગૌણ :

૨.૬ કુલ જમીન( હેકટરમાં ) :

૨.૭ સિંચાઇ હેઠળની જમીન ( હેકટરમાં ) :

૨.૮ પશુધન

| પશુધન | ગાય | ભેંસ | પાડી | બળદ | બકરી | ઊંટ | ઘેટાં | મરઘાં | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સંખ્યા | | | | | | | | | |

૨.૯ બેકાર ધંધા માટે તાલીમ લેવા ઇચ્છો છે ? હા / ના

૨.૧૦ મકાનનો પ્રકાર : કાચું / પાકું ઊં x લં x પ

૨.૧૧ ઓરડાની સંખ્યા :

૨.૧૨ ભાડાના મકાનમાં રહો છો ? હા / ના

૨.૧૩ જો હા તો માસિક ભાડું જણાવો : રૂા. .........

૨.૧૪ તમારાં બાળકોને શાળામાં દાખલ ન કરયા હોય અથવા અધવચ્ચેથી ઉઠાડી લીધાં છે. હા / ના

.. ૨

૨.૧૫ જો હા તો નીચેની વિગત આપો.

| ક્રમ | નામ | કયા ધોરણથી ઉઠાડયાં | ઉંમર | કારણો |
|---|---|---|---|---|
| | | | | |

કારણો :

(૧) આર્થિક મુશ્કેલીને લીધે
(૨) ઘરકામમાં જરૂર હોવાથી
(૩) ખેતી કામમાં જરૂર પડે છે.
(૪) માંદગીને લીધે
(૫) શાળા ન હોવાથી
(૬) અસ્પૃશ્યતાને લીધે





૨.૧૬. કુટુંબની સામાન્ય માહિતી :

| ક્રમ | કુટુંબના સભ્યોનાં નામ | કુટુંબના વડા સાથેનો સંબંધ | ઉંમર | જાતિ | વૈવાહિક દરજ્જો | આર્થિક દરજ્જો | | | શિક્ષણ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | કમાનાર | કમાનાર આધારીત | નહીં કમાનાર | | |
| | | | | | | | | | | |

૩.૧ અનુસૂચિત જાતિના વિકાસ માટે સરકાર યોજનાઓ બનાવે છે તે યોજનાઓ વિષે કંઇ જાણો છો ? હા / ના

૩.૨ જો જાણતા હો તો શું ? અને તે તમે કેવી રીતે જાણ્યું ?

- જ્ઞાતિ આગેવાન
- સરપંચ
- તલાટી
- ગ્રામસેવક
- શિક્ષક
- સા.કાર્યકર

૩.૩ આયોજનાઓનો લાભ લેવા શું કરવું પડે અથવા તેનો લાભ કોને મળે તે જાણો છો ?

૩.૪ આવી યોજનાઓનો લાભ લેવા માટે કોઇ સરકારી કચેરીએ ગયા છો ? હા / ના

૩.૫ હા તો કચેરીનું નામ

૩.૬ સરકારી કચેરીના કર્મચારીઓ અંગે તમારો શું અનુભવ છે ?

- સહાયકારી
- દુર્લક્ષ
- તુમાખીવાળા
- પૂર્વગ્રહવાળા

૩.૭ ખાસ અંગભૂત યોજના સર્વેમાં તમારી જરૂરિયાતો નોંધાવી હતી ? હા / ના

૪ : ૮૦-'૮૧ પછી તમે સરકારી યોજના / કાર્યક્રમનો લાભ લીધો હોય તો તે જણાવો.

૪.૧ કઇ યોજના / કાર્યક્રમ હેઠળ લાભ લીધો

૧.

૨.

૩.

૪.

૪.૨ આ યોજના અંગે તમોને કોણે માહિતી આપી હતી ?

૪.૩ મદદ માટે અરજી કરવામાં કોણે મદદ કરી હતી ?





૪.૪ આ લાભથી તમે શું કર્યું ? ( વિગતો આપો )

૪.૫ આ કામથી તમારી વાર્ષિક આવકમાં વધારો થયો ? હા / ના

૪.૬ જો હા તો કેટલો ( રૂ. વાર્ષિક ) ............

૪.૭ તમને એવું લાગે છે કે તમારું જીવનસ્તર સુધર્યું છે ? હા / ના

૪.૮ આ યોજનાનો લાભ લેવામાં કોઇ મુશ્કેલી પડી હતી ? હા / ના

૪.૯ જો હા તો કેવી ?

૧.

૨.

૩.

૪.

૫.

૪.૧૦ તમારા મતે કેવી યોજનાઓ બનાવવામાં આવે જેથી કરીને તમારી આવકમાં વધારો થાય.

૪.૧૧ તમારા કુટુંબમાં કોઇ લાંબી માંદગી કે રોગથી પીડાતા હોય તો નીચેની વિગત આપો.

| ક્રમ | રોગીનું નામ | ઉંમર | સંબંધ | જાતિ | રોગનું નામ | સારવાર લીધી | | | સાજા થયા ગુજરી ગયા રોગ જતો નથી | વિશેષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | હા | ના | ચાલુ છે | | |
| | | | | | | | | | | |

૪.૧૨ માંદગીની સહાયનો લાભ મળ્યો છે ? હા / ના

૪.૧૩ જો હા તો રકમ રૂ............

સાધનનું નામ : ..............

૫.૧ તમે અથવા તો તમારા કુટુંબના કોઇ સભ્યે ધંધારોજગાર અંગેની કોઇ તાલીમ લીધી છે ? હા / ના

૫.૨ જો હા તો નીચેની વિગત આપો

| ક્રમ | તાલીમાર્થીનું નામ | તાલીમનો પ્રકાર | તાલીમનો સમયગાળો | સ્ટાઇપેન્ડ ની રકમ | સાધન સરંજામ મળેલ હોય તો તે |
|---|---|---|---|---|---|
| | | | | | |

૫.૩ તાલીમ લેવાથી શું લાભ / ગેરલાભ થયો ?

લાભ : ૧. ધંધો શરૂ કરી શકયા

૨. નોકરી મળી

૩. મૂડી રોકાણ માટે આર્થિક સહાય મળી.

૪.

૫.

ગેરલાભ ૧.

૨.

૩.

૪.

૫.

૫.૪ તાલીમ લીધા પછી ધંધો શરૂ કર્યા હોય તો ધંધાની વિગત

ક. ધંધાનું નામ

ખ. મૂડી રોકાણ

ગ. લીધેલ લોન/સહાયની રકમ

ઘ. વાર્ષિક / માસિક આવક

ચ. ખર્ચ

છ. ચોખ્ખી આવક

જ. સ્થળ :

ઝ. કેટલા સભ્યોને રોજગારી મળી?





૫.૫ તાલીમ લીધા બાદ નોકરી મળી હોય તો

ક. હોદ્દો :

ખ. સ્થળ :

ગ. માસિક આવક :

ધીરાણ સંસ્થાઓ :

૬.૧ તમે કઇ ધીરાણ સંસ્થા દ્વારા ધીરાણ મેળવ્યું છે ?

બેન્ક અથવા મંડળીનું પૂરું નામ :

૬.૨ ધીરાણ મેળવવા માટે કોઇ મુશ્કેલી પડી હતી ? હા / ના

૬.૩ **જો** હા તો. ૧.

૨.

૩.

૪.

૫.

૬.૪ મળેલ લોનના પરત રકમ ભરવાના હપ્તાની રકમ રૂ.............

૬.૫ હપ્તા ભરવાનો સમયગાળો ..............

૬.૬ વ્યાજનો દર રૂ..........

૬.૭ હપ્તા નિયમિત ભરો છો ? હા / ના

૬.૮ હપ્તા ભરવામાં મુશ્કેલી પડે છે ? હા / ના

૬.૯ જો હા તો કેવી ? ૧

૨

૩

૪

૬.૧૦ તમારે ત્યાં સહકારી મંડળી છે ? હા / ના હોય તો નામ લખો.

૬.૧૧ હોય તો તમે સભ્ય છો ? હા / ના

૬.૧૨ સહકારી મંડળી વ્દારા તમે કોઇ યોજનાનો લાભ લીધો છે ? હા / ના

૬.૧૩ જો હા તો વિગત જણાવો.

૬.૧૪ મળેલ લોન / સહાયની વિગત

| ક્રમ | કઇ યોજનાનો લાભ લીધો (યોજનાનું નામ ) | સાધન પ્રાપ્ત થયાની વિગત | મળેલ લોન રૂપિયા | મળેલ સહાય રૂપિયા | વર્ષ | બેન્ક કે સ.મં.નું નામ | હાલ સાધન છે. |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |



૭. છેલ્લાં ત્રણ વર્ષમાં નીચેની સવલતોમાં સુધારો વધારો થયો હોય તો તે જણાવો.

૭.૧ ગામમાંથી ફળિયામાં જવાનો રસ્તો :

૭.૨ શૈક્ષણિક સંસ્થા :

૭.૩ પીવાના પાણીની વ્યવસ્થા :

૭.૪ વીજળીકરણ :

૭.૫ નળીની ડર્મચારી :

૭.૬ મૃત ઢોરના નિકાલની વ્યવસ્થા

૮. યોજનાકીય કુટુંબ મૂલ્યાંકન

| અ.નં. | યોજનાનું નામ | કાર્યક્રમ પહેલાંની વાર્ષિક આવક એટલે ૮૩-૮૪ ની વાર્ષિક આવક | અસ્કયામતના કારણે થયેલ | | | | | | | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કુલ આવક | ભરપાઇ કરેલ લોનના હપ્તા | નિભાવ ખર્ચ | ચોખ્ખી આવક | વધેલ આવક | રોજગારીના દિવસો | દૈનિક વળતર | |
| | | | | | | | | | | |